કદાચ ક્ષણભર આપણે માનો કે દરેક હજારમાં એકનું તો બરાબર બધું ચાલ્યે જાય છે. 'શ્રીમતઃ કુત આપદઃ' શ્રીમંતને વળી આપત્તિઓ ક્યાંથી હોય? એ લોકોક્તિ પ્રમાણે કદાચ કોઈ ધન તથા સત્તાના બળથી પોતાનું ધાર્યું કરી શકે છે, પણ તે ક્યાં સુધી? ઉપર કહી તેજ વાત ફરી કવિ નજીરના શબ્દોમાં:—

ગઝલ

ગર બાદશાહ હોકર અમલ મુલકો ફીરા તો ક્યા હુવા;
દો દિનકા નરસંગા બજા ધું ધું હુવા તો ક્યા હુવા;
ગુલશોર મુલકો માલકા, કોસો હુવા તો ક્યા હુવા,
યા હો ફિકર આઝાદ વો રંગા હુવા તો ક્યા હુવા,
ગર યું હુવા તો ક્યા હુવા, ગર યું હુવા તો ક્યા હુવા,
દો દિન તો યે ચરચા હુવા, ઘોડા મીલા હાથી મીલા;
બેઠા અગર હોદે ઉપર યા પાલકીમેં જા ચડા;
આગે હૈં નકારે નાશાં પીછે કો ફોજોંકા પરા;
દેખો તો ફીર એક આનમેં હાથી ન ઘોડા ના ગધા.

જો આમ છે તો 'જેમ વરઘોડે મળ્યા બહુ વના, પલકે રહી થાય તે ફના' એટલે એવા માટે—

'ગર યું હુવા તો ક્યા હુવા, ગર યું હુવા તો ક્યા હુવા!'

આ વસ્તુ બધાય જોઈ રહ્યા છે, અનુભવી રહ્યા છે અને તેથીજ સમજુ ગણાતા કેટલાક લોકો દાન, તપ, જપ, ધર યાગ વગેરે સત્કર્મો કરે છે, પણ તેના ફળમાં માગે છે શું! પ્રાકૃતજ. આ લોકમાં નહિ તો પરલોકમાં, મૃત્યુ પછી સ્વર્ગમાં સુખ ભોગવવાની આશાઓ સેવે છે, ને તે સ્વર્ગીય સુખ ભોગવે છે પણ ખરા; પરંતુ સત્ય તપાસીએ તો તેઓ સ્વ

શાસ્ત્રના [illegible]
છે, એ [illegible]
એટલે [illegible]
છે- [illegible]
સર્વમાં [illegible]
પ્રવેશમાં [illegible]
કેવળ [illegible]
રાખીને [illegible]
પણ [illegible]

[illegible]

પછી [illegible]
[illegible]
[illegible]
અમર [illegible]
[illegible]
આપ [illegible]
[illegible] નો
[illegible]
[illegible]

[illegible]
એ મે [illegible] સાથે
તે [illegible] ની કે
તેને [illegible] થયા
[illegible] નો
નિત્ય [illegible]
[illegible]

મળી શકે ? જીવને નવું નવું જોઇએ છે ત્યારે પ્રકૃતિમાં પરિ-
મિત આનંદાભાસજ છે અને તે પણ કર્મના પ્રમાણમાં એજ
પ્રકારનો-નશ્વરજ. આમ પ્રકૃતિ તથા પુરુષના સ્વભાવ પર-
સ્પર વિરુદ્ધજ જોવામાં આવે છે. તેઓ વચ્ચેનો આ પ્રક
વિરોધ અપરિહાર્ય છે; છેક બ્રહ્માના લોક સુધી જાઓ
બ્રહ્મા બની જાઓ તોયે શું ? ત્યાંય પરિમિતજ સુખ
એટલે અંતે તો પ્રતિકૂળતાજ ઊભી છે; પ્રાકૃતમાં ક્યાંયે અનુ
કૂળતા હોયજ નહિ. માટેજ શાસ્ત્રો આજ્ઞા કરે છે કે, પ્રકૃતિ
મુક્ત બનો, બ્રહ્મને જાણો, તેનોજ સાક્ષાત્કાર કરો, તેનો
અનુભવ કરો. એ બ્રહ્મ વસ્તુ શું છે ? પ્રકૃતિથી તદ્દન વિ
જેમ તમે નિત્ય છો તેજ પ્રમાણે તે પરમ ચેતન નિત્યજ
'नित्यो नित्यानां चेतनश्चेतनानाम्'–નિત્યોમાંયે નિત્ય
ચેતનોમાંયે ચેતન તે પરમેશ્વર છે. કદાચ કોઇ કહે કે
યે શું ? રાજા મળે તે શા કામનો ? તેના વૈભવો મળે
કામના છે; આમ પરમાત્માના સંબંધમાં કહી શકાય
નથી. કારણકે પરમાત્મા તો પોતેજ 'प्रज्ञानमानंदं
તે કેવળ જ્ઞાનમય ને આનંદમય છે' તેમજ 'सत्यं ज्ञानमनं
બ્રહ્મ–તે પરમેશ્વર સત્ય, જ્ઞાનરૂપ ને અનંત છે.' આ પ્રમાણે
પરમાત્મા પોતેજ આનંદસ્વરૂપ હોવાથી અને વળી અનં
હોવાથી જીવ તેમનો અનુભવ લીધાજ કરે, નવું નવું તે
અનુભવ્યાજ કરે તોયે પાર ન આવે, તે પરમાનંદ કદીયે
નહિ, માટે આવો નિત્ય, અખૂટ, પ્રતિક્ષણ નવીન અનુભવ
વિષય તે અનંત આનંદજ માગો—'હરિ દે નિજ આનં

પ્રકૃતિના જે પ્રાકૃત આનંદ અનુભવવામાં આવે છે તે
મહાન આનંદના કંઇક અતિશય સૂક્ષ્મ અંશોના પણ
અથવા તેનીજ માત્ર છાયાઓ કે પડછાયાઓ છે. શ્રુતિ

, 'એ પરમાનંદનો માત્ર અમુક એકજ અંશ તે સમસ્ત
તના સર્વ આનંદોનો એકંદર સરવાળો છે. આ વાત ગીતા-
ા વિભૂતિ યોગમાં સ્પષ્ટ સમજાવી છે કેઃ—

यद् यद् विभूतिमत् सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत् तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥

જે જે પ્રાણી વિભૂતિમાન હોય—ઐશ્વર્યસંપન્ન હોય,
ામાન હોય, અથવા બલિષ્ઠ કે પ્રતાપી હોય તે મારા તેજના
ક અંશથી ઉત્પન્ન થયેલું છે એમ તું જાણજે, એટલુંજ નહિ
ણ 'एकांशेन स्थितो जगत्—આખાય જગતને મારા એક અંશ-
ી હું ટકાવી રહ્યો છું—માત્ર મારા એક અંશના આધાર પર
સમસ્ત વિશ્વ અવલંબી રહ્યું છે.' આવા વચનો પરથી જરૂર જાણી
શકાય છે કે,તે શ્રીહરિનો આનંદ કેટલો અગાધ ને અપાર હશે!
ખરેખર વાણી તથા મન પણ તે સબંધે વિચાર ચલાવતાં થાકી
જાય છે. આનંદવલ્લી ઉપનિષદમાં પ્રથમ ચક્રવર્તી કોઈ મહારાજા-
ના આનંદની ગણના કરવામાં આવી છે; તે પછી દિવ્ય લોકના
ગાંધર્વો, દેવો, ઇંદ્રો તથા બ્રહ્માના આનંદની ગણના, એ પરબ્રહ્મનો
આનંદ સમજવા કરી; પણ છેવટે શ્રુતિ થાકી છે અને કહે છેઃ—

यतो वाचो निवर्तंते अप्राप्य मनसा सह ।

'જે પરમેશ્વરના પરમાનંદને નહિ પામીને મનની સાથે
વાણી પાછી ફરે છે;' આમ કહેવામાં આવે। અભિપ્રાય નથી કે
તે સંબંધી કંઈ કહેવું વૃથા છે અથવા તે વિષે સમજવું નિષ્ફળ
છે! એટલે કે તેનો અનુભવ થઈ શકતો નથી કે તે અનુભવનો
વિષય નથી! અથવા તે સંબંધે જે કંઈ વ્યક્તિ પોતાનો અનુ
ભવ પ્રદર્શિત કરે તો તે અજ્ઞાની છે! આમ કહેવામાં શ્રુતિનું

તાત્પર્ય નથી. શ્રુતિ તો ત્યાંસુધી કહે છે- 'आत्मा वा रे
द्रष्टव्यः, तस्मिन् द्रष्टे परावरे, यत्रा पश्यः पश्यते-अरे
આત્માનોજ સાક્ષાત્કાર કરવો જોઈએ; આ પરાવર-પરમ
નો સાક્ષાત્કાર થતાં બીજું કંઈ પણ જાણવાનું, અનુભવ
સાક્ષાત્કાર કરવાનું બાકી રહેતું નથી.' આ ઉપરથી સિદ્ધ
છે કે તે સર્વોત્કૃષ્ટ આત્મવસ્તુ પણ સાક્ષાત્કારનો વિષય
જરૂર, તેનો અનુભવ લઈ શકાય છે. અહીં ઉપર 'यतो वा
એ શ્રુતિ દર્શાવવામાં આવી છે તેનું ઉત્તરાર્ધજ આ વિષે
સો કરે છે કે, એ પરમાત્માના પરમાનંદનો જેને અનુભવ
છે તેજ ખરો જ્ઞાની છે, તેજ સાચો નિર્ભય બન્યો છે.
રાજ્યપદ, ઇન્દ્રપદ કે બ્રહ્મપદ પ્રાપ્ત કરીને અમુક સમય
ત્યાંથી પડવાનો ભય રહે છે તેવો ભય એ પરમેશ્વરના પરમ
પ્રાપ્ત કર્યા પછી કદાપિ રહેતો નથી; એ પરમાત્મવસ્તુ પ્રાપ્ત
પછી પોતાના સુખના વિયોગનો કદી ભયજ નથી; એમ
શબ્દોમાં શ્રુતિ કહે છે:—'आनंदं ब्रह्मणो विद्वान् न बि
કુતશ્ચન-એ પરબ્રહ્મનો આનંદ જાણનારો કોઈથી પણ
ભય પામતો નથી.' વળી આનંદવલ્લી ઉપનિષદનું આ પ્રકર
રાજાના, દેવોના તથા બ્રહ્માના આનંદની ગણના કરવાની
'श्रोत्रियस्य चाकामहतस्य '-કોઈ પ્રાકૃત વિષયની કામના
થી નહિ હણાયેલા શ્રોત્રિયને એ પરમાનંદનો અનુભવ
જ થાય છે, એમ કહીને નિષ્કામ પુરુષને તે પરમાનંદનો
કારી દર્શાવે છે; અને તેજ વસ્તુ પરમ પ્રાપ્ય કૃત છે,
પણ ત્યાંજ કહે છે-'रसो वै सः । જગત રસજ એ છે.'
એજ વાતના અનુસંધાનમાં બીજું આ સ્પષ્ટ વચન કહે છે
'... ह्येवायं लब्ध्वाऽऽनंदी भवति । એ રસને પ્રાપ્ત કરી
... શ્રોત્રિય મનુષ્ય આનંદી થઈ શકે છે.' આમ અનેક

નોથી સિદ્ધ કરવામાં આવ્યું છે; માટે તેવા અકામહત-નિષ્કામ
ત્રિય થઇને માગવું યોગ્યજ છે કે, 'હરિ દે નિજ આનંદ.'

શ્રીહરિના આ પરમાનંદની પ્રાપ્તિ માટે ઉપાય પણ એજ
તે વિષેની ઉત્કટ અભિલાષાપૂર્વક તે કૃપાળુ પ્રભુ પાસે પ્રાર્થના
રવી ને તેજ માગણી કરવી. એ સર્વેશ્વર ઉદાર તો છેજ,
ને પોતેજ કહે છે કેઃ—

'ये भजंति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्'–જેઓ
મને ભક્તિથી ભજે છે તેઓ મારા વિષે વસે છે અને હું તેઓ
વિષે વસું છું. આમ કહી પોતે જણાવે છે કે ભજન કરનાર
ભક્તાને સામેથી પોતે ભજે છે. અનુભવીઓના ઉદ્ગાર પણ તેવા-
જ છે–'भक्त्या क्रीतो जनार्दनः'–જનાર્દન ભગવાન ભક્તિથી
ખરીદાઇ જાય છે.

વેચાતો અનંતનો સરકાર, હરિ સમ કોઈ નહિ દાતાર.

ભગવદ્ગીતામાં ચાર પ્રકારના ભક્તોને દર્શાવીને ભગવાન
કહે છે–'उदाराः सर्व एवैते'–એ ચારે પ્રકારના ભક્તો ઉદાર
છે—શ્રેષ્ઠજ છે તો પણ 'ज्ञानी त्वात्मैव मे मतः'–કેવળ મને
પોતાનેજ માગનારો જ્ઞાની તો મારો આત્માજ છે. કારણકે
'प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः'–જ્ઞાનીને હું અ-
ત્યંત પ્રિય હોઉં છું અને તેથીજ તે મને અતિશય પ્રિય છે,
એમ ભગવાન પ્રત્યે આપણે જેવો પ્રેમ દર્શાવીએ તેવોજ
સામેથી ભગવાન પ્રેમ દર્શાવે છે. એટલે તેમની કૃપા સંપાદન
કરવાથીજ એ ફળ પ્રાપ્ત કરવું શક્ય છે; બીજા કોઈ માર્ગે
તેમની પ્રાપ્તિ સંભવતી નથી એમ શ્રુતિ કહે છે–'नास्त्यकृतं
कृतेन'–જે પરમાત્મવસ્તુ અકૃત છે–અનંત, અપાર, સ્વાભા-

... કોઇ બહુશ્રુતિ

વિક ને અદ્વિતીય છે તે 'न कुलेन'–અમુક કોઇ બહુશ્રુતિ ... ક્રિયાઓથી પ્રાપ્ત કરી શકાતા નથી; તેમજ જે પરમેશ્વર સદ... સદૈવ પૂર્ણકામ છે, તે કોઇ જાતની સ્પૃહા કે લાલચથી ઉદાર ખરા? આ જગતમાં જે કંઇ છે તે બધુંય તેમનુંજ છે, એટલે તે... નીજ વસ્તુથી તે વશ થાય ખરા? છતાં તે પ્રેમી છે, કરુણાનિ... ઉદાર છે, તેથી જે કોઇ તેમના પર પ્રેમ કરે છે તેમનેજ ... ના આરાધ્ય તરીકે ચાહે છે અને તેના ગજા પ્રમાણે તેને ... આપે છે. તેમના પ્રત્યેની જેવી વૃત્તિ હોય તે પ્રમાણે ... દ્વારા ફળ પ્રાપ્ત કરી શકાય છે. કોઇ પણ વ્યક્તિ ... સત્કૃત્યના બળથી પરમેશ્વરને પ્રાપ્ત કરવા મથે તો તે ... ભૂલ છે, એ ચોક્કસ છે. ભગવાન પોતે ગીતામાં કહે છે 'नाहं वेदैर्न तपसा०'–વેદાધ્યયન, તપ, દાન કે યજ્ઞોથી ... પ્રાપ્તિ થઇ શકતી નથી. શ્રુતિ પણ એજ કહે છે–'नायम... प्रवचनेन लभ्यः'–આ પરમાત્મવસ્તુ શાસ્ત્રાધ્યયન વ... મળતી નથી પણ 'यमेवैष वृणुते तेन लभ्यः'–જેને એ ... પોતાનો કરી સ્વીકારે છે–જેના પર તે પોતે કૃપા કરે છે, તેમને મેળવી શકે છે; માટે ખરી શ્રદ્ધા ને ભાવપૂર્વક પ્રાપ્ત કરવાને પ્રાર્થના કરો–'હરિ! હે નિજ આનંદ.'

આ પ્રાર્થનાના પદમાં 'હરિ' એમ સંબોધવાથી આ વસ્તુ સમજી શકાય છે કે જે જગતનું કારણ, ... નિધાન, અનંત, અપાર, પરબ્રહ્મ, પુરુષોત્તમ અને વેદાંતોમાં પ્રતિપાદન કરેલ છે. કારણકે 'हरिः' એ નિર્દેશ કેવળ વેદોનાજ આરંભમાં ઉચ્ચારાય છે એમ ન... 'हरिः ॐ तत् सत्' એમ પ્રણવના ઉચ્ચાર પહેલાંયે તે ...ત્મવસ્તુનો નિર્દેશ કરાતો પરંપરાપ્રાપ્ત છે.

૧ ... કહેવામાં આવ્યું છે:—

वेदे रामायणे चैव पुराणे भारते तथा ।
आदौ मध्ये तथा चांते हरिः सर्वत्र गीयते ॥

વેદ, રામાયણ, પુરાણો, મહાભારત-વગેરે સમસ્ત શાસ્ત્રોમાં
દે, મધ્ય ને અંતમાં શ્રીહરિજ ગવાય છે; તેજ-સર્વ પાપોને
ાર-હરિ, આ હરિકથાના વિષય પ્રાર્થનાને યોગ્ય છે-
રે ! દે નિજ આનંદ.'

આ પરમાત્મવસ્તુ જો કે અનંત, અપાર છે છતાં તેની
ીજ એ છે કે 'અનુભવમાં આવે.' જો ધારીએ તો આજ
મમાં તેમનો અનુભવ કરી શકીએ; એટલે કે તેમની કૃપા
ાવીએ તો કોઇ જાતનો બંધ કે સંબંધ વિઘ્નકર્તા થઇ
કતો નથી. જેમ અર્જુનને, અક્રૂરને તથા વ્રજવાસીઓને
ભુએ સાક્ષાત્કાર કરાવ્યો; અને તેથીજ તેઓએ માગ્યું-
સ્વવશ કૃપાએ અવશ્ય કરવા માગું મહામતિમંદ.' અતિ-
ાય મંદબુદ્ધિ હોવા છતાં મારી આ માગણી જો કે અસ્થાને
ણાય, કારણકે તે માટે તો દિવ્યજ્ઞાન તથા અપાર બુદ્ધિ જોઇએ,
ાયે તેમની કૃપા માટે પ્રાર્થના કરવામાં દોષ નથી; પછી તેમની
પાથીજ જ્ઞાન વિકસ્વર થતાં તે પોતે અગાધ હોવા છતાં જેમ
ગાધ જળ કૂવામાં પરિમિત થાય છે ને અપાર વાયુ પણ
ારીદ્વારા પરિમિત આવી શકે છે, તેમ પોતાનું સુખ ભક્તોને
અર્પવાને તે પરિમિત થાય છે. આ ઉદ્દેશથીજ તેમને અહીં
સંબોધ્યા છે—'નંદના નંદ સંતસુખકંદ, હરિ ! દે નિજ આનંદ.'
નિજ આનંદ એટલે જે આનંદાત્મક પરમાત્માસ્વરૂપ છે અને જે
પોતાની અચિંત્ય શક્તિથી સ્વરૂપ ધારણ કરે છે તેજ આનંદમય
પરબ્રહ્મનો અનુભવ અમે માગીએ છીએ. શિશુપાલ વગેરેએ તે
દિવ્ય પરમાત્માને જો કે સાક્ષાત્ જોયા હતા છતાં તેમની

દોષિત દૃષ્ટિને લીધે તેઓએ મનુષ્ય સ્વરૂપેજ તેમને માન્યા ને 'अवजानंति मां मूढा मानुषीं तनुमाश्रितम्। મનુષ્ય શરીરનો આશ્રય કરનારા મારૂં મૂઢ લોકો અપમાન કરે છે' એ વચન પ્રમાણે પ્રભુનું અપમાન કર્યું; તેમજ દુર્યોધન વગેરેને પ્રભુએ પોતાનો દિવ્ય પ્રભાવ બતાવ્યો છતાં તેઓએ તો તેને 'मायिक'–બાજીગરનો ખેલજ માન્યો. અને પ્રત્યક્ષનો પણ તેઓએ લાભ ન લીધો; ત્યારે બ્રહ્માએ વાછરડાં, ને ગોપાલપુત્રોને હરી લઈ એક વર્ષ સુધી છુપાં રાખીને પ્રભુનો દિવ્ય અનુભવ લેવાની જિજ્ઞાસા કરી કે 'सर्वं विष्णुमयं जगत्' એ મહાવાક્ય પ્રમાણે 'सर्वस्वरूपोऽहं' જેઓને બ્રહ્મા હરી ગયા હતા તે તેના સ્વરૂપે શ્રીહરિ પ્રકાશ્યા. આ કથા શ્રીમદ્ભાગવતના દશમસ્કંધમાં જોવી. અહીં સહેજ

સાખી

સર્વ બ્રહ્મમય બન્યું પલકમાં ચાલ્યું યથેચ્છ કામ,
સંધ્યા સમય સહને સિધાવ્યા સહુ સહુ પૂરણકામ.

જેમ સોળ હજાર ગોપીઓ સાથે સોળ હજાર રૂપોથી રમ્યા, સોળ હજાર કન્યાઓને સોળ હજાર રૂપોથી પર્ણ્યા તેમ સર્વ ગોપીઓ તથા ગાયો માટે ભગવાન ગોપાળો તથા વાછરડાંઓરૂપ બનીને—

જ્યાં જે વત્સ બાળ જતાં પ્રિય પહોંચ્યા તેજ મુકામ,
પરંતુ કળી ન શક્યાં ગો ગોપી બ્રહ્મ કૃષ્ણનું કામ.

પરંતુ જેમ અંધારામાં ગોળ પણ ગળ્યો લાગે છે અને પણ નીરખીનેજ, તેમ—

પ્રથમ હતા વ્રજમાંહિ એક હરિ જ્ઞાનાનંદનિધાન,
આજ પધાર્યા ઘેર ઘેર અનુ બની આપ ગુખ ધામ.

તેથી ગોપી ગોપ સર્વનું ખેંચ્યું પૂરૂં ધ્યાન;
ધામોધામ અનોખી આજે બની રહી ધુમધામ.

કારણકે દરેક ગોપના ગૃહે નંદના નંદ શ્રીકૃષ્ણ પ્રભુ તેજ પધાર્યા હતા; જે દિવ્ય જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્માને આજે આપણે માગી રહ્યા છીએ તેજ ખુદ તેમને મળ્યા હતા, એટલે જાણે અમૃતનો મેઘ વરસ્યો હતો, એ અનુભવનું શું કહેવું ?

શાર્દૂલ છંદ

વેણુનો રવ સાંભળી ગળગળી, ગોપી સહુ થાય છે;
દેખી દૂર થકીજ બાળસમીપે, આનંદથી ધાય છે;
બાહુથી ગ્રહી ચાંપતાંજ હૈડે, પાનો વહ્યો જાય છે;
બ્રહ્માનંદ અમોઘ નાર સહુને, ચાહ્યા વિના થાય છે.

એ તો આવો ઘાટ બન્યો:—

મુંગે સાકર ખાધી રે, મુંગાને સ્વપ્ન થયું,
સર્વે મન જાણે રે, બીજાને ન જાય કહ્યું.

એ પ્રમાણે મનુષ્યોએ તે અકથ્ય બ્રહ્માનંદનો અનુભવ લીધો હતો એમજ ન હતું; પણ પશુઓ સુધ્ધાંયે તે પરમાનંદ અનુભવ્યો હતો, જેથી—

વસંતતિલકા છંદ

ગાયો સ્વવત્સ નિરખી કરતી હુંકાર,
ચાટે મુખેથી વહે આંચળમાંથી ધાર;
ચાટ્યો તમામ વ્રજમાં ક્રમ એ પ્રકાર,
જાણે ન ભેદ કોઇ ના કરતું વિચાર.

દોહરો

નંદ તણો નંદન થયો, ગૌ ગોપીનો નંદ;

અક્ષાનંદ અનુભવે, નંદકુળ

એ પ્રમાણે આ ભાવમાં પણ—

અનુભવમાં અનુભાવમાં આવે, ન નડે અંધ મંત્રો

સ્વવશ કૃપા એમ અનુભવ કરવા માગું મદામતિમંદ

કારણકે એ માગવાનો મર્મને હક્ક છે. બ્રહ્મા તો જ્યારે

માં ગમાર બની ગયા. તેમને ખાત્રી થઇ કે, પ્રભુ જ્યારે કૃ

કરે છે ત્યારે તણખલું પણ મેરૂ કરે છે. તે વેળા બ્રહ્મા કહે

ઊઠ્યા કેઃ—

अहो भाग्यमहो भाग्यं नंदगोपव्रजौकसाम्।
यन्मित्रं परमानंदं पूर्णं ब्रह्म सनातनम्॥

'અહો! નંદનું, ગોવાળોનું તથા સમસ્ત વ્રજવાસીઓનું ભાગ્ય ખરેખર આશ્ચર્યજનક છે; કેમકે પરમાનંદ સ્વરૂપ સનાતન પૂર્ણ બ્રહ્મ પોતેજ જેઓના મિત્રરૂપ બનેલ છે.' આ પૂર્ણ બ્રહ્મ પરમાત્મા, પોતાના પરમાનંદને લગભગ એક સુધી ગો—ગોપીઓને આપી ચૂક્યા છે; એ દૃષ્ટાંત લઇને પણ માગો:—

હરિ! દ નિજ આનંદ નંદના નંદ સંતસુખકંદ.

એમ નથી સમજવાનું કે તે કાળ જુદો હતો ને અ સમય જુદો છે! વળી તે પ્રકટ અવતાર પ્રત્યક્ષ હતો, અત્યારે પરમાત્માનો ક્યાં પત્તો? અરે! એ શ્રીહરિ તો ચર વ્યાપક અને તેવાજ સ્વભાવ—શક્તિવાળા સર્વ સ્થળે છે. તેથીજ આ પદમાં ત્રીજું પદ—' સંતસુખકંદ ' લગા આવ્યું છે. આ વિષે હવે ' સેના નાઇ 'ના દૃષ્ટાંતથી લઇ પણ કહેવાને હક્કદાર થયું છે કે:—

'દના નંદ સંતસુખકંદ, હરિ! દ નિજ આ

શ્રી સેના નાઈનું આખ્યાન

પદ–એજ

હરિ! દે નિજ આનંદ, નંદના નંદ સંતસુખકંદ. ટેક
અનુભવમાં અનુ ભવમાં આવે, ન નડે બંધ સંબંધ,
સ્વવશ કૃપાએ અવશ્ય કરવા, માગું મહામતિમંદ.

એક કવિએ ગાયું છેઃ—

નાત જાત પૂછે નહિ કોઈ, હરિ ભજે સો હરિકો હોઈ.

'નાઇ' એટલે 'હજામ' છતાં અહીં તેના નામની આગળ 'શ્રી' લગાડીને તેનું ચરિત્ર વર્ણવાય છે, તેનું કારણ શું? તે શ્રીહરિને ભજનાર હતો, તેથી શ્રીહરિનો પોતાનોજ થઈ ગયો; શ્રીહરિએ તેને પોતાનોજ કરી લીધો; એમાં નિશાની શી? દેવી સંપત્તિ તેનામાં આવી, તેની આત્મશક્તિ વિકાસ પામી, એજ તેમાં નિશાની. પ્રભુભજનના પ્રતાપે ને સંતસેવનના પ્રભાવે તેનું મન, વર્તન અથવા જીવન કેવળ સાત્ત્વિક બન્યું હતું. આપણે પણ તેમજ કરવા ચાહીએ તો તેનાં ચિહ્નો સ્મરણમાં રાખી આચરણમાં મૂકીએ. ભક્તમાળામાં એક દોહરો છેઃ—

સંત મોસી નિર્ણય કીયો, મથી પુરાણ ઇતિહાસ;
ભજ બે કે દોઉ સુઘરાં, હરિ ઔર હરિકો દાસ.

આજકાલ તો પ્રભુના ગુણગાન કરતાં પોતાનાંજ ગુણગાન વધુ ગમે છે. અસ્તુ. હવે આખ્યાન આરંભીએઃ—

પદ–રાગ મનશુદ્ધ–ફેરવ ગમે તે

સેના નામ હજામ. સંત ક્યા સેનાનામ હજામ;
બાંધવગઢ છે ગામ. સંત ક્યા સેના નામ હજામ. ટેક
સેવતો એ અનુસાર સેવકજન. નારાયણ મન કામ. નંદ

હરિભજન સેવનમાં ગાળે, ખંતે આઠે યામ.
ચતુર્ભુજ પીતાંબર ધારી, ઉરે વસે ઘનશ્યામ.
ધ્યાન કરીને સ્નાન કરીને, પૂજે નિત્ય ભગવાન.
નિયમ ન છોડે નિત્ય કર્મના, મૂકી સઘળાં કામ.
કોઇ આવે તો કહે નથી ઘરમાં, રીતજ રાખી આમ.

બસ, ઘરમાંજ 'હરિમંદિર' બનાવેલું, એટલે જેટલો તેમાં જાય તેટલો વખત સંસારમાં તન, મન કે વર્તનથ માત્ર ન રહે. મંદિરમાં પૂજન કરી ઘરમાં આવે ત્યારેજ બા હારકાર્યમાં લાગે, એટલે પૂજન સમયે તન-મનથી તો વિ નજ આવતું; પણ જન તરફથી વિઘ્ન ન આવે તે સારૂં ઘરનાં લોકોને કહી રાખેલું કે, ગમે તે બોલાવે, પણ તે શ્રીકૃ મોટો નથી, માટે હું સેવામાં હોઉં ત્યારે તેટલો વખત વૈકુ માંજ વસતો હોઇને ઘરમાં જાણે હોતોજ નથી, એમ સમ દરેકને કહી દેવું કે ઘરમાં નથી. આમ પોતે નિત્ય પ્રભુ-ભ નમાં નિયમિત અમુક સમય લાગ્યા રહીને ઉચ્ચ જીવન ગ રહ્યા હતા; છતાં પોતે પોતાની જાતને તો અધમજ માનતા હ

પદ-રાગ પીલુ

જન વિચારી સેના નાઇ, ડરતા રહે નિશદિન મનમાંહિ
તન અશુચિ રાખે એ ધંધો, મળ્યો કર્મની છે કડવાઇ
પૂર્વ પાપથી દેહ મળી એ, તરાય જો શ્રીવર ગ્રહે બાંહિ
સાધુ બાલે બધે રંક શરણું, હરિજ એ પ્રભુ ત્રાહિ ત્રાહિ

પ્રભુપ્રાપ્તિમાં બહારની ને અંદરની-બન્ને પ્રકારની શુ ટલી જોઇએ. માનસિક શુદ્ધિ સાથે શારીરિક શુદ્ધિ પણ અવશ્ જોઇએ. માનસિક પવિત્રતા હોય તો ઉત્તમ સંસ્કાર બાંધી શકે જેથી ઉત્તમ કર્મના અધિકાર પ્રાપ્ત થતાં ઉત્તમ જપ, ત અનુકૂળ રહે તે. સહજ અન્તર નરી જવાય ને પ્રભુ દર્શ

ાય; પણ તેમાં પ્રભુ સામે પોતાને તો હીનદીન સમજે, ાના બળથી આગળ વધવાને પોતે અશક્ત સમજે, ને તેથી ાના બળ પર આધાર રાખીને પ્રભુને શરણે જાય તો તેને ાનું બળ પ્રાપ્ત થાય. તેથી વહેલામાં વહેલું તેનું કાર્ય સિદ્ધ ય છે. એ ચોક્કસ જણાયું છે કે પ્રભુપ્રાપ્તિ માટે અન્ય સર્વ ા કરતાં પ્રભુ-સ્મરણનુંજ બળ શારીરિક શુદ્ધિ કરવા સાથે ળ બને છે. જુઓ:—

દોહરો

શરણ વરેણ ને સ્મરણથી સેના થયા પુનિત; [પણ—]
ચિત્ત પ્રતીત રહેતી નથી, ભયભીત રહે છે નિત્ય.

આમાં અભિપ્રાય એ છે કે, અહંકારથી હરિ દૂરજ રહે છે, ાથી અહંભાવથી તે મુક્ત રહેતા; શ્રીહરિને લગાર પણ વિસ-ાતા નહિ, ને તે દ્વારા અજ્ઞાનને તથા પાપોને દૂર કરતા જતા.

કબીર નામ હૃદે ધર્યો, ભયો પાપકો નાશ;
માનું ચીનગી આગકી, પડી પુરાને ઘાસ.

આમ પ્રભુસ્મરણના પ્રતાપથી પાપોને બાળતા જાય છે તેમ પ્રભુનો વિશેષ અનુભવ થતો જાય છે. કેવળ પ્રભુ ઉપરનો પ્રેમ વધતો જાય છે, જેથી પ્રભુની સુંદર મૂર્તિની સેવામાં તેવાજ અતૂટ પ્રેમથી લાગ્યા રહે છે અને તેથી એવો નિયમજ રાખ્યો હતો કે, મંદિરમાં ગયા કે કેવળ પૂજામાંજ તલ્લીન બની જઈ એકજ ધ્યેય; છતાં મનને અતૃપ્તિ તથા ભય તો રહ્યાજ કરતાં કે મારા જેવા અધમનો પ્રભુ કેમ ઉદ્ધાર કરશે ? આમ તેમને ભલે ભય રહે, પણ પ્રભુની દૃષ્ટિએ અધમ-ઉત્તમ કોણ છે ? ત્યાં તો સર્વનું પ્રેમપૂર્વકનું સ્વીકારી લેવા કાયદો છે; અને સર્વ શરણા-ગતનો ઉદ્ધાર કરવા તમન્ના છે. આ વસ્તુની ખાત્રી માટે જુઓ આ

ચમત્કાર બન્યો; નાઈની સેવાથી પ્રસન્ન થઈને પ્રભુ નાઈ બનેે

ગરબી–'તુજ કારણ' એ રાગ

એક ટાણે સેનાજી રે, બેઠા સેવામાં પ્રીતે,
તેજ વ્હાણે રાજાજીએ રે, વિચાર કર્યો ચિત્તે;
આજે વ્હેલી હજામત રે, કરાવીને ન્હાઉં લઉં,
દાસ મેલી તુરતજ રે, સેના આવે એવું ચહું.

રાજાના નિત્યના નિયમ પ્રમાણે આજે ન હતું
નિયમમાં હરકત ન આવે તે પ્રમાણે તો સેનાએ
સેવાનો કાર્યક્રમ રાખ્યોજ હતો, પણ આજે તો પ્રભુની
રાજાની બુદ્ધિમાં અણધાર્યો ફેર પડયો હતો. તેણે
બોલાવી લાવવાને દૂત મોકલ્યો:—

ઘેર આવી કહે દૂત રે, રાજા તેડે નાપિતને.
રીત આવી મજબૂત રે, કહે કોણ આવી કને.

ઘરનાં બધાંય મનુષ્યો જાણતાંજ હતાં કે, સેવાના
સમે તે આવે તેને સાફ કહી દેવું કે 'ઘરમાં નથી.' તેથી—

નથી એ તો ભુવનમાં રે, જવાબ બચ્ચાંએ દીધો,
દૂત ધેર્યો સ્વમનમાં રે, ખોટો ખુલાસો કીધો.

હવે જોયું કે અંદર મંદિર તો ગાજી રહ્યું છે, તેથી ઘરમાં
હોવા છતાં આવવાની ના પાડે છે. પોતે રાજાનો માનીતો
બન્યો છે તેથી હવે છકી ગયો છે. આમ દૂતને અદેખાઈ
[illegible] થયો. સેનો હજામ હોવા છતાં રાજાની પ્રીતિનું
હતે. તેમાં કારણ એ હતું કે 'समानशीलव्यसनेषु सख्यम्'
[illegible] શીલ તથા વ્યસન સમાન હોય છે ત્યાં મિત્રતા થાય
છે' [illegible] પ્રમાણે રાજા પોતે ઉચ્ચ કોટીનો ભક્ત હતો
[illegible] હજામ ઉપર પ્રીતિ હતી ને પણ હમેશાં હજામ

હતો–' હરિ ! હે નિજ આનંદ.'

મ દેવોનાં કાર્ય કરવા અવતરેલા નંદના નંદ શ્રીહરિ-
તાના ભક્તજનોને પોતાના પરમાનંદનો સ્વાદ આપ્યો
તેજ પ્રમાણે આ પ્રસંગમાં પણ આ બન્ને ભક્તોનો
ભાવ વધારવાને પ્રભુએ આ પ્રસંગ ઇરાદાપૂર્વક આણ્યો
'રાજાનો માનીતો આ ક્ષુદ્ર નાઈ !' આ વાતથી રાજ્યના
અધિકારીઓ ઇર્ષ્યાથી બળી રહ્યા હતા, તેઓને આ
મળ્યો. તેમાં આ દૂતે શરૂઆત કરીઃ—

ધી ચાડી રાજાને રે, એ આવતોજ નથી;
આંખ ફાટી કહ્યું ફરી રે, લઇ આવ જા હુકમથી.
ફરી આવ્યો ન ફાવ્યો રે, વધારીને વાત કહી,
ભભકાવ્યો સહુએ રે, ચાડી ભાત ભાત કહી.

પદ–' હીલ મીલ પનીયાં ' એ રાગ.

પા રાજાજી નાઉ થયો પાજી,
ઉ થયો પાજી, અતિશે મિજાજી, કોપ્યા રાજાજી.
માન્યો તેથી અભિમાન્યો, હુકમે અપમાન્યો હા ! બસ્ચાજી.
આ પકડી લાવો જકડી, કરો ઘેર કઠી, તજે પતરાજી.
નાજી નથી જાણતા કશું એ, ચડ્યું વિપતિ વાદળ તો ગાજી.
ધાયા વહારે જગરાયા, સેનો બન્યા જરી નહિ લાજી.
ભાવી ઉભા રહ્યા નૃપ આગળ, શું સુધરી બગડેલી બાજી.

ક્ષિત વિજયદાસ લખે છે કે, આ સેના નાઇ કોણ હતું ?

'આદિ પુરુષ નારાયણ ક્ષીર સાગરવાસી શેષશાયન,
તે થી હરિ ખાંડી દૈન રાજદ્વારાસી પાનસા,
કહ્દસની એસોન બોગી કરીતી અખંડ દ્વાનડ
નો સેન્યાર્ં સંદેશ રખે ન નાપિત હોઇન બનશે.
દિદિ કંઠ કૌસ્તુભ મણિ, કાનુનિ દેવી ચક્રપાણિ

"ખાખા ધોકડી લાગુની ત્વરે કરની નિરાધે."

ભગવાને સ્વરૂપ તો સેના નાઇનું લીધું હતું પણ તે શું તેનો વિકાર ન હતું; પણ દિવ્ય સદ્ગુણસંપન્ન જ્ઞાનાનંદ હતું. એ જ્યાં જ્યારે પ્રકટ થાય છે ત્યારે સર્વે તે પર ફુ બને છે. શ્રી રામચંદ્રસ્વરૂપે જ્યારે જનકપુરમાં પધાર્યા ત્યારે હજારો રાજાઓ સીતાજીની લાલસાથી ત્યાં આવ્યા હતા છતાં તેમને જોઇને જનકપુરનાં નરનારીઓ ઘેલાં બન્યાં હતાં, તે વેળા બસ એકજ ઘોષ થઇ રહ્યો હતો:—

૫૬

લે લ્યોરી સખી લોચન લ્હાવા;
ના ફીર રામ જનકપુર એહું, ના ફીર તુમ યહ સુખ કબુ પાવ

નગરની શેરીએ શેરીએ આજ ચર્ચા થઇ રહી હતી—
રતનારે નેનાં જાકે, સખી મુનિસંગ બાલક કહાં!

અને જનકરાજાને તો પોતાના દેહ પરનું અભિમાન હતું, જેથી તે 'વિદેહી' કહેવાતા હતા; એવા પ્રકૃતિરૂપના વિવેકી તે રાજાને પણ રામલક્ષ્મણ જોતાં મોહ થયો હતો. તે વેળા એ બોલી ઊઠ્યા હતાઃ—

આ બે બાળ કહેના છે, કેવા સુંદર મઝેના છે!

તેમજ દંડકારણ્યમાં વસનારા મુનિઓને પણ મોહ થયો હતો, જેથી તેઓ કૃષ્ણાવતારમાં ગોપીઓ રૂપે થયા હતા. ને શ્રીકૃષ્ણસ્વરૂપે મથુરાના બજારમાંથી જે વેળા નીકળ્યા હતા તે વેળા કંસનો ભય હોવા છતાં દુકાનદારોએ પ્રભુના પગે પડી પૂજન કર્યું હતું. આ રીતે પ્રભુ પ્રકટે છે ત્યારે તેમનું દર્શન કરનાર મુગ્ધ બને છે. તેમાં પણ જેમનાં હૃદય શુદ્ધ

ય અને જેઓ કેવળ પ્રભુનેજ ઇચ્છનારા હોય છે, તેઓની
મના પૂરવા માટે પ્રભુ જ્યારે પ્રકટે ત્યારે તો શું ખામી રહે ?

પદ–રાગ કાલીંગડો. 'નજરીઆં લાગી રે' એ ઢાળ.

ાજા તો ગયો મોહી રે, સેનાને જોઈ. રાજા તો૦ ટેક.
ાપણું તો ચિહ્નજ ન રહ્યું ને, વૃત્તિ મૂર્તિમાં પ્રોઈ રે. રા૦
જે દેખે તે વરસે હેતે, ભેદ ન સમજે કોઈ રે. રા૦

વામન ભગવાન બટુક સ્વરૂપે બ્રહ્મર્ષિઓની સભામાં જ્યારે
ાયા હતા ત્યારે તેમને જોતાંજ સર્વ બ્રહ્મર્ષિઓ મોહિત
બનીને સન્મુખ ઊભા થઇ ગયા હતા, ને 'પધારો પધારો'
એમ કહી સન્માન આપવા આતુર બન્યા હતા; પણ તેમાં
નવાઇ નથી. પ્રભુ પોતાના પરમાનંદને પ્રકટ કરે છે ત્યારે
જેટલી જેની યોગ્યતા હોય તે પ્રમાણે ન્યૂનાધિક તેનો અનુ-
ભવ પ્રત્યેકને થાયજ છે; માટેજ તેમને પ્રાર્થના કરો કેઃ—

હરિ! હે નિજ આનંદ, નંદના નંદ સંતસુખકંદ.

એ પરમેશ્વર તે સમયે સંત સેનાના પ્રતાપથી એ રાજાને
પણ સુખ કરનાર થયા હતા; જેમ નરસિંહ મહેતાના પ્રતા-
પથી તેમની પત્નીને તથા નાગરોને પણ પ્રભુનો સાક્ષાત્કાર
થયો હતો; તેજ પ્રમાણે આ રાજા ઉત્તમ અધિકારી હોવાથી—

રાજા તો ગયો મોહી રે, સેનાને જોઇ. રાજા તો૦
બેસાડ્યો ત્યાં બેઠો રાજા, ભાન બીજું ગયો ખોઈ રે. રાજા તો૦

આનંદનિધાન પરમાત્મા, સેનાના સ્વરૂપમાં જેમ જેમ
રાજાની સમીપ આવતા ગયા તેમ તેમ લોહચુંબક જેમ લોઢાને
ખેંચે તેમ રાજામાં આકર્ષણ થતું ગયું. તે પછી ભજવા-
નની સન્મુખ રાજા જ્યારે બેઠો ત્યારે તો પૂછવુંજ શું? જેમનો
હૃદયમાં સાક્ષાત્કાર કરવા માટે યોગીઓ સમાધિમગ્ન રહી

સેંકડો વર્ષો સુધી ક્ષુધા, તૃષા, તાઢ, તાપ વગેરે દેહદ [illegible] વિસારી મૂકે છે તેજ પ્રભુ સાક્ષાત્ જ્યારે સન્મુખ [illegible] રાજાના એ અપૂર્વ આનંદનું શું કહેવું? અને તેમાં [illegible] હજામત કરવા માટે એ સેનાસ્વરૂપ પ્રભુએ જ્યારે સ્પર્શ [illegible] ત્યારે તો એ આનંદાનુભવ ખરેખર અતીવ અદ્ભુત [illegible] શય વિલક્ષણ ને સર્વ કરતાં શ્રેષ્ઠ જણાયો:—

પદ–'તેરા કુમલા ઉપરવા' એ રાગ

અહા આ શો આનંદ! (૨) ઉઠે આ શો આનંદ! ઉઠે [illegible]
અહા આ શો આનંદ!
કર સ્પર્શે બન્યો પુરો બેફીકરો, દીસે નાઠો [illegible] (૨)
તન શું પલાળે મન ભીંજે વ્હાલે, ભેદ જાણે ન [illegible] (૨)
વાળ શું બોડે અઘ મૂળથી તોડે, એનો દિવ્ય સંબંધ. (૨)
સ્વમુખ જોતાં નાઈ સુખાંબુજ, જુવે થઈ મકરંદ. (૨)
ક્ષૌર થયું પૂરું મન રહ્યું અધૂરું, છોડયો છુટે શો [illegible] (૨)
[illegible] હરખ તો નથી વદી શકતો, ફરયો છે એને [illegible] (૨)

માત્ર રાજાનીજ ખાતર આમ નહોતું થતું. મુખ્ય [illegible]

મંદાક્રાન્તા છંદ

જેવી રીતે નિજ સદનમાં, સેવના ભક્તરાજ:
તેવી રીતે નૃપસદનમાં, સેવના [illegible]
જેવી રીતે પ્રતિકૃતિ રહી, દાસ ત્યાં આચરે છે:
તેવી રીતે પ્રતિકૃતિ રહી સ્વામી સ્હામી કરે છે.

[illegible] 'મંદિરનીઓ લાગે' એ રાગ

[illegible] સેનાનાઈ, જગતપતિ શેષશાયી [illegible]
[illegible] આજ્ઞાપદ, અન્યંજન થયું ચાહી. [illegible]
[illegible] આમંત્રે, ભભક [illegible]
[illegible] જેવી. [illegible] જુવે એ માંહી. [illegible]

રાગ કલ્યાણ. 'ઝગમગ ઝગે' એ ઢાળ.

અદ્ભુત દેખી સુરત ઘનશ્યામ, તેલ પ્રતિ નૃપતિ એ અચાનક.
રૂપ ચતુર્ભુજ ઝગે મુખાંબુજ, કિરીટ શીર્ષ ઝગે કુંડળકાન.
મન ત્યાં ગ્રોયું ભાન બીજું ખોયું, લોચન ઠરી ગયાં તે ઠા
કોણ કરે મર્દન હું ક્યાં છઉં, વિસરી ગયા એ વાત તમા
દૃષ્ટિથી અમૃત દિવ્ય પીતા, પૂર્ણ થાય શે એ મનકા

ઉપેન્દ્રવજ્રા છંદ

બની ગયો સ્તબ્ધ ઉઠે ન રાજા, તદા મુઝાયા સહુ લોક ઝા
વધા કૃપાનાથ કરે રસોઈ, ઉઠો હવે છે સજ સર્વ સે

દોહરો

પ્યાલીની વ્હાલી સુરત, ચાલી ગઇ તતકાલ;
ભાળી સેનાને ફરી, વધા ઝાલી ભૂપાલ.

પદ-આશાવરી 'કોન ખબરીયાં.' એ રાગ

ઘેર નહિ દઉં જાવા (૨) કહે રાજાએો વ્હાલા સે
શું સુંદર છે તું સુખકર વ્હાવા! નહિ દઉં જાવા.
ઉ રહે પાસે, દુઃખ ભય નાસે, અંગ અડે આનંદ પ્ર
હૃદય વિકાસે, શું સુખ ભાસે, કહ્યું ન જાય અ હા હા હ
તારામાં છે લગની લાગી, ભુખ તૃષા ભીતરની ભ
થાઉં વેરાગી રાજ્યે ત્યાગી, એમ માંડ્યું છે ચિતડું મ્હાવ

માલિની છંદ

અડબડ સમજાવી, ને રજા માગી લીધી,
ઝટ ઘર મહિ આવી, કોથળી મુકી દીધી;
(તે તો સેનાનીજ હતી.)
હરિ વિચરિ ગયા કે, ત્યાં થયા સ્વસ્થ સેના,
(પૂજા પૂરી થઇ.)
બની ગઇ સઘળીથી, જ્ઞાન એ થાય શેના?

પરંતુ રાજાને જ્યાં પ્રભુનો વિયોગ થયો કે વિરહ પ્રકટ્યો, પછી શું કહેવું ! શો અદ્ભુત અનુભવનો વિરહ! ને તે અધિકારીને—

પદ-' પ્રિયતમ પ્યારા ' ધનાશ્રી

વધા ઝટ રાય ત્યાં તો વધા ઝટ રાય,
સેના વિના હવે નહિ રહેવાય, વધા ઝટ રાય.
ન્હાવું ગમે નહિ, ખાવું ગમે નહિ, જાવું ગમે નહિ મંદિર માંહે
કામણ કીધું મારૂં મન હરી લીધું, લાગી રગેરગે વિરહની લ્હે
પ્રાણ મુંઝાય, જાય શું જીવડા તેડી લાવો કરી કોઠી ઉ
સહુ શોચે આ ખેલ તે શો છે ! ભેદ ન કોઇથકી સમજાય

સાખી

સેના સેવાથી પરવાર્યા વાર આજ થઇ ભારે
જાણ્યું જવાબ દીધો છે બચ્ચાંઓએ પરબારે,
તેથી તુરત ધસ્યા સમજીને જવા ભૂપતિદ્વારે,
ત્યાં તો તેડાં આવે જાતાં, સ્હામા હારોહારે.

કારણકે રાજાને લગની લાગીજ રહી હતી, તેથી 'હા
લાવો,' ' તમે જાઓ, તમે જાઓ, ' એજ વાત હતી; ',
' સેનાજી ' ગયા તે કાંઇ એવાં તેડાંથી આવે તેમ
બીજી ગમથી, ભક્તરાજ પણ—

ગીત

સેના સમજે શેના ? બની બીના શી આજ અકથ
છે ના જે ના સમજે, તે ભક્ત ઉભા રાય નિકટ
એ

રાગ ' કાલીગડો ' પદ ' રસનાર નેના ' શું

રાજા જોઈ હૃદયે વિચારે, સેનો તો આ દીઠું મેં શું
પહેલાં દીઠો તેનો અપૂર્વ મીઠો, આવો દીઠો બ
નો હદિ હું આભ્યોજ હતો નહિ, ત્યારે થયું શું અ

દીઠું તેલમાં રૂપ ચતુર્ભુજ, કિરીટ મુકટ જે ધારે;
તેજ હતા એ રહ્યાજ જતા એ, સમજ્યા એ સેના આધારે. રા૦
ફેડયો ભેદ તદા સમજ્યો નૃપ, ભૂલ કરી મેં ભારે;
હરિ પાસે શું કરાવી હજામત, સેના હુબ્યા એ આભારે. રા૦
ગદ્ગદ કંઠ બેઉનાં નેત્રે, ચાલી રહી જળધારે;
ભૂપ પીગળતા પશ્ચાત્તાપે, સેનો પીગળતા પ્યારે. રા૦
સ્તવી ધ્યાયી બેઉ બડભાગી, શાન્ત થયા બહુ વારે;
પણ નૃપતિને લાગી લગન તે, હરિ વિણ કોણ નિવારે. રા૦

હવે તો સૌ સમજ્યાં કે શું માગવું ને તે કેવું લાગે? ...ાજ તો અનુભવ પણ કરી ચૂકયા હતા; એટલે અતિ આતુરતા-...ી તેમણે કહ્યું—'હરિ દે નિજ આનંદ.' સેનો બીજું શું માગે? નંદનાનંદ સંતસુખકંદ, હરી દે નિજ આનંદ.' કહેવાનું કહેવાઈ ચૂક્યું; હવે તો ઉપસંહાર કરીએ:—

લાવણી

ભૂપ સેનાના સત્સંગે,
થયા ભક્તને વિરક્ત રંગીન રંગીન રંગે;
ગુરુસમ સેનાને માને,
હરિભજન સેવન કીર્તન એ જીવન મનમાંને.
સાધુઓને સેવે સ્નેહે,
શુચિ શાન્ત બહાળુ શૂરો સંત થયો ગેહે,
પ્રભુનો પૂરેપૂરો પ્યારો,
સેનાના સંગીનો થઈ ગયો સફળજ જન્મારો.

ચોપાઈની ચાલ

રંગ શાહિકાનો વિદ્વાન, હતું રામ રાજા અભિધાન;
લાગી તેને નોંખી તાન, બાવિક બન્યા ભવ્ય મસ્તાન.
કંઈ પાને પૂછે પ્રાણનાથ, ધરે ભવે બોધે બાનભાન;
સાધ્ય સાધુ આવી રહે સાથ, પાને પીઃમે પ્રભુનિધિપ્રસાદ.

પદ ' મોહિની મનમોહે.' એ રાગ

ધન્ય રામ ગામે. ધન્ય રામ રામે.
જેને નામે પાપ જાય. એના ગુણ ગાઈએ. જાણ ઉપાડે
એક દિવસ પંગત બેસાડી, આગ્રા પાસે સાળ કહાડી
બે કર કીધા હતા લગાડી, હતા પીરસતા દોડી જાડે
એવે પાની આવી અડકે. પીતાંબરી ભુરી ગઈ ઝડકે
બે હાથ કરતા હતા ખટપટ, લાગી તેથી ચિત્તમાં ચાપાટ
વિહ્વળ થતાં ન રહ્યા રોકાયા. બીજા બે ભુજ પ્રકટ જણાયા
તેથી ઇચ્છિત અર્થ સધાયા. પણ સહુમાં પાવન પરખાયા
સેવે છે નર દેહ ધારી, પણ વશ કીધા પૂર્ણ મુરારિ
થયા છે ચતુરભુજ અધિકારી, ખરા ભાવની છે બલિહારી

પદ—' નટવર નંદકિશોર ' એ રાગ

જય જય ધન્ય ધન્ય જગનાથ; દીધો છે જ સનાથ. જય જય
સેનાને તો વિસરે કોના. આજ દીઠું સાક્ષાત. જય
રામરાજનું પણ કાજ કર્યું. આનંદઘન અગાધ. જય
પ્રેમ તણે વશ છે પરમેશ્વર, થઈ ફરતા વિખ્યાત. જય
પુરી પરચા આપી અનુભવ, મળ્યું ચહ્યું ભલી ભાત. જય
બંનેને તાર્યા સ્વીકાર્યા,

તેથી એજ—

હરિ દે નિજ આનંદ,
નંદના નંદ સંતસુખકંદ, હરિ દે નિજ આનંદ.

કળિયુગમાં પણ જોયુ કેઃ—

અનુભવમાં અનુભવમાં આવે, ન નડે બંધ સં
સ્વવશ કૃપા એ અવશ્ય, કરવા માગું મહા મતિ
નંદના નંદ સંતસુખકંદ, હરી દે નિજ આ



श्री चंद्रहास–आख्यान

[पाप–परिणाम–विषय]

પૂર્વરંગ

પદ–રાગ ખમાચ

ી દેમે કોઈને દુભવ માં દુઃખ પામે જેથી તું ભવમાં;
ારે હાથ વાત છે તારી આવે અનુ અનુભવમાં. ટેક.

'પાપ' અને 'પુણ્ય' શબ્દ સૌને સુવિદિત છે. 'પાપ' ટલે 'पापाय परपीडनम् –બીજાને પીડા ઉપજાવવી તે.' પાપ-ી વ્યાખ્યાસૂચક આ વાકયમાં 'પર' શબ્દનો અર્થ 'પોતે નહિ' મેવો થાય છે. અર્થાત્ પોતા સિવાય હરકોઇ પ્રાણી હોય, જેને પીડાની લાગણી ઉદ્ભવી શકતી હોય, તેને પીડા ઉપ-જાવવામાં જે હેતુ બને તેજ પાપ કહેવાય છે. આજ આશય શ્રીમદ્ ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દર્શાવે છેઃ—

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥

'વિદ્યા–વિનયયુક્ત બ્રાહ્મણ પર, ગાય–બળદ પર, હાથી કે કુતરાં ઉપર અથવા ચાંડાળ ઉપર પણ જ્ઞાનીઓ સમદષ્ટિવાળા

[illegible]

... ને આ હોકો તેમાં આનંદ ...

... સર્જનમાં તેમણે માનેલા ...

... સહાય કરે છે, અને આજ ...

... તેઓને કહેવાનું છું ...

... ત્યારે તેઓ ... હરામ ને હલાલ.

માટે ઉપદેશ કર્યો ! ...

આપાય છે ત્યાં મનુષ્ય સિવાયની ...

[illegible] પામે છે; અને પછી તે

કરવાને સ્વભાવ પડે છે

પ્યારી થતી નથી. આ

[illegible] વિચારથી

[illegible] અટકાવ

[illegible] છે અને · આત્મા

પ્રાણીમાત્ર [illegible]

થીજ 'વનસ્પતિનો આહાર કરનારાઓનીજ મંડળીઓ' માંસા-
ારીઓમાં પણ ઊભી થતી જોવામાં આવે છે. ક્ષત્રિયો પણ
ંઠીબદ્ધ થઇ માંસાહાર ત્યજવા લાગ્યા છે, પણ ભગવાન
ીકૃષ્ણ તો આવીજ દૃષ્ટિને સર્વોત્કૃષ્ટ કહે છેઃ—

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥

'હે અર્જુન ! હરકોઇ પ્રાણીને પોતાની પેઠેજ સુખ તથા
ઃખ સરખું થાય છે, એમ જે જુએ છે તેને શ્રેષ્ઠ યોગી માન-
ામાં આવ્યો છે.'

આપણે ઇતિહાસ રામાયણ તથા મહાભારત તરફ દૃષ્ટિ
ીએ છીએ ત્યારે પણ 'કદી કેમે કોઇને દુભવ માં' એ
ત્દ્ધાંતમાંથીજ તે મહાગ્રંથોની ઉત્પત્તિ જણાઇ આવે છે.
ીમદ્વાલ્મિકિય રામાયણનો 'मा निषाद प्रतिष्ठास्त्वम्'–
પ્રથમ શ્લોકજ સમસ્ત રામાયણના મૂળ તરીકે આદિ-
વે વાલ્મિકિએ ગાયો છે. ક્રૌંચપક્ષીના યુગલમાંથી એકને
રધિએ વીંધ્યું તે મહર્ષિ વાલ્મિકિને ખેદ સાથે જણાયું
પારધિએ આ ઘોર પાપ કર્યું છે; આ પાપના ફળ તરીકે
રધિને અનંતકાળ પર્યંત સુખ–શાંતિ નજ મળે તે યોગ્ય
એમ માનીને તે મરનારની વતીજ અથવા તે યુગલની
ીજ એ શ્લોકરૂપે શાપોદ્ગાર કે શોકોદ્ગાર મહર્ષિના મુખ-
થી સરી પડ્યો; જાણે પોતાનેજ અથવા પોતાનાંજ કોઇને
ને થયું હોય એમ તેમણે માન્યું અને તે પ્રશસ્ત લાગ-
ના પરિણામેજ એ શ્લોક એટલે પ્રશંસનીય વાક્ય શત-
ે રામાયણરૂપ મહાવૃક્ષના બીજરૂપે અકસ્માત્ પ્રકટ થયું;
ે તેજ પ્રમાણે મહાભારતના મુખ્ય યોદ્ધા પાંડવોની

અહીં કહેવામાં આવ્યું છે કે:—

કેમે કોઇને દુભવ માં, દુઃખ પામે જેથી તું ભવમાં.

જા' પ્રાણી કરતાં મનુષ્ય વિષે પ્રતિકૂળ અનુભવની વિશેષ પ્રમાણુમાં હોય છે. અપમાન, આળ ી કાયિક, વાચિક તથા માનસિક અતિ ઉગ્ર દુઃખો ને થાય છે; તેનાં સગાં-સંબંધીઓ પણ બીજાં પ્રાણી વિશેષ હોય છે તેથી એકને લીધે અનેકને દુઃખ ઉત્પન્ન છે. વળી બીજાં પ્રાણી કરતાં શક્તિ પણ મનુષ્યમાં ે હોય છે તેથી લાંબા સમય સુધી તેને દુઃખનો અનુભવ પડે છે; આથી તે મોટાં પાપ મનાય છે; તેમાં પણ વધુ લોકોપયોગી હોય તેવાં કોઇ માનવકાર્યમાં વિઘ્ન કર- ને તો ઘોર પાપ લાગે છે. આવો આ ક્રમ હોઇને માત્ર માં રહે તે પૂરતું જ અહીં માત્ર દિગ્દર્શન કરાવવામાં ્યું છે; ખરી રીતે તો કોઇ પણ પ્રાણીને ઉપદ્રવ ન કરવો, સિદ્ધાંત અહીં વિવક્ષિત છે. આ સિદ્ધાંતજ સૌ કોઇ કહે છે:—

તુલસી હાય ગરીબકી કબી ન ખાલી જાય,
મુએ ઢોર કે ચામસેં લુહા ભસ્મ હો જાય.

ઢોરને દુઃખ દેનાર માનો કે લોઢું છે, તો તે લોઢાનું વેર ાને પણ પેલા ઢોરનું ચામડું ધમણ બને છે અને લોઢાને મ કરી નાખે છે. આમ કવિ દૃષ્ટાંત આપીને કહેવા એ છે કે અમે તેને અમે ત્યારે અમે તે રીતે દુઃખ દીધું હશે ઃ તેનું ફળ અવશ્ય ભોગવવું પડશેજ. 'કરે તે પામે' આ રનુ સમજવાને 'વાવે તે લણે' એ ન્યાય છે. એટલે કે ારે વાવે ત્યારેજ નહિ, અને જેટલું વાવે તેટલું જ નહિ, ણ બીજના નિયમ પ્રમાણે કર્મનો નિયમ છે. જેવાં બીજ

હોય તેવાંજ ફળ મળે છે તેમ જેવાં શુભ-અશુભ કર્મ કર્યા
તેવાંજ ફળ પમાય છે. બાવળનાં બીજનું ફળ વવાય તો ફળ
પણ બાવળનુંજ મળે અને જો આંબાનું બીજ રોપાય તે
આમ્રફળનો સ્વાદ મળે. માટેજ કહેવામાં આવ્યું છે કે—

'કહી કેમે કોઈને દુભવ માં, દુઃખ પામે જેથી તું ભ્રાતાં

આપણાં શાસ્ત્રો માત્ર જીવોને તથા જડ વસ્તુઓને ક
જણાવે છે એમ નથી; પણ જીવ તથા માયા એ બન્નેનો નિ
ઈશ્વર છે, આમ કહી ઇશ્વરનું અસ્તિત્વ ઉપદેશે છે. આ કાર
થીજ સર્વ આસ્તિકો કહે છેઃ—

> પરમેશ્વરની આ પ્રજા, સઘળો છે સંસાર;
> એક કુટુંબી આપણે, એક પિતા પરિવાર.
> કાળા ગોરા કોય પણ, ધનહીણા ધનવાન;
> કહો ન હલકા કોઈને, સઘળા એક સમાન.

આ સિદ્ધાંત ઈશ્વરનું અસ્તિત્વ માનનારા સર્વ કે
માન્ય છે. ગુલામોના વેચાણનો ધંધો નાબૂદ કરવાને
ખર્ચ ને જોખમ યુરોપિયનોએ ઉઠાવ્યું છે તે મનુષ્ય
પ્રત્યે પોતાના બંધુભાવના રહસ્યને ઉદ્દેશીનેજ છે.
લમાનો પણ 'રબ્બીઉલ આલમીન' એમ કહી પરમે
'આલમોનો પાલકરક્ષક' ઓળખે છે; એટલે ઇશ્વરના
ત્વને તેઓ પણ સ્વીકારે છે અને તેથીજ સર્વને મુ
બનાવવા તેઓ પ્રયત્ન કરે છે; તેજ પ્રમાણે ક્રિશ્ચિયનોનું
ટેનું નિગમની ખાતું પણ આજ સિદ્ધાંત પર ચલાવવામ
છે કે મનુષ્યમાત્રનું કલ્યાણ કરવું, તે પરમ ધર્મ
... નર્માન્ય છે ને મનુષ્યોને દુઃખ ઉપજાવવાની
... છે ! અરે ! આપણાં શાસ્ત્રો તો તેથીયે આગ

—' मा हिंस्यात् सर्वाभूतानि-કોઇ પણ પ્રાણીની હિંસા
-કોઇને લેશ પણ દુઃખ ન ઉપજાવો.' સર્વ દેશોના
ચાંના ધર્મોના ઇતિહાસો પણ મળે છે, જેમાં મનુષ્ય
સુખી કરવાનો સિદ્ધાંત પ્રસિદ્ધ છે. કેમકે સર્વ કોઇ
કે 'સૌ પરમેશ્વરની પ્રજા છે' માટેજ 'કદી કેમે
દુભવ માં.' કેમકે તેનું પરિણામ અથવા ફળ-' દુઃખ
તેથી તું ભવમાં' અર્થાત્ કોઇને દુભવ્યાથી તેના તર-
દુઃખ પ્રાપ્ત થાય છે એમ નથી, પણ પરમેશ્વર તર-
તે બદલ શિક્ષા કરવામાં આવે છે અને તેજ કારણથી
પ્રભુને-' ઈશ્વર '-સર્વનું નિયમન કરનાર કર્મ પ્રમાણે ફળ
નાર કહેવામાં આવે છે. ઈશ્વરને નહિ માનનારા નાસ્તિકો
પોતપોતાને માટે કોઈ ' ઇશ્વર '-નિયમન કરનારને પસંદ
છે, એટલે તેઓ ઈશ્વરને નહિ માનતા હોવા છતાં પણ
તુતઃ ઈશ્વરને માનનારાજ ઠરે છે; અને એવા કોઇ ઇશ્વરને
મવામાં આવે છે તોજ સર્વની સ્વતંત્રતા જળવાઇ રહે છે.
અબળ સબળ સહુ સુખી થયા, દુઃખ થયાં સહુ દૂર ' આ
થી ? તેવા ઈશ્વરી નિયમોને અનુસરી જો કોઇને નિયંતા
ાવવામાં આવે છે અને ન્યાયાધીશ, પોલીસ, જેલ વગેરે
હીંજ ગોઠવવામાં આવે છે તોજ અબળ-સબળને તેઓનાં
ર્મ પ્રમાણે ફળ મળતાં હોવાથી બધું વ્યવસ્થિત ચાલે છે; નહિ
પશુસમાન અવ્યવસ્થા ઊભી થતાં મોટાં મોટાં શહેરો વેરાન-
સ્થિતિમાં જઇ પડે. તેમાં ઇશ્વર, રાજા, ન્યાયાધીશ કે નિયંતા
યાંસુધી શાસનવ્યવસ્થા જાળવે છે કે બાપને મારનાર દીકરો
હાય તોયે શું ? તેને તે અપરાધ બદલ યોગ્ય શિક્ષા થાયજ
છે; એવા અપરાધીને કોઇ કદી છુપાવે તો તેને પણ અપરાધી
ગણી તેના સામે કેસ થાય છે. આમ કોઇને પણ કોઇ પ્રકારે દુભ-

વવામાં આવે તો તે શિક્ષાપાત્ર ઠરે છે ને તેને તેવા
રાધ યોગ્ય શિક્ષા પણ થાય છે. આજ સમસ્ત દુનિ
આસ્તિક-નાસ્તિક સૌ કોઇને માટે ઈશ્વરી શાસન છે કે, '
કેમ કોઇને દુભવ માં,' 'દુઃખ પામે જેથી તું બત્યાં.'

આ નિયમ જેટલો મજબૂત પળાય તેટલું સમગ્ર
સમુદાયનું ને આપણું વધુ શ્રેય થાય છે; પણ મનુષ્ય
અપૂર્ણ છે; તેથી તે નિયગનું ઘણા મનુષ્યો સંપૂર્ણ
કરી શકતા નથી. અનેક મનુષ્યો એવા અપરાધો કરતા
રહે છે. તેની શિક્ષા લૌકિક શાસકો કરી શકતા નથી,
કૃત્યોનું ફળ તેઓને કોણ આપે છે? જ્યારે કોઇ
માર મારે છે ત્યારે તેને બીજાં તટસ્થ મનુષ્યો ચેતવ
છે-' અરે ભાઈ! બૈરીને આમ ઢોરની પેઠે શું મારે
ઈશ્વર પૂછશે, તેનો તો ડર રાખ.' આમ તેનો બ
નહિ મળે તો પરમેશ્વરદ્વારા પણ મળે જ છે, આ
સમજે છે. તેવા અપરાધના કેસો ભવિષ્યમાં ઇશ્વ
મંદિરમાં ચાલવાના જ. તેનો ઇન્સાફ મનુષ્ય ન
કરી શક્યા તો ઇશ્વર પર મુલતવી રાખવામાં આ
અહીં કોઇ કેસ અધિકાર ઉપરનો હોય છે તેને
વામાં આવે છે. આજ અભિપ્રાયથી મુસલમાં
વગેરેએ, મનુષ્યની સત્તા બહારના એવા કે
માટે ' કયામત ' અને ' ડે ઓફ જજમેન્ટ '
એવા અપરાધોનો બદલો જે અહીં નહિ મળે

યહાં તો જેસે તેસે લેતે ચલાઈ
સબકા કેના હેગા સાઇ રાખ

એટલે જેટલાં કર્મના ફળ ભોગવવાં બા

જ પડશે. આ ફળભોગનાં સ્થાન પણ મુસલમાનો
સ્તીઓ 'જહન્નમ' અને 'હેલ' એ નામનાં માને
ત્યાંની સજાને અહીં કરતાં પણ વધારે સખત ને
ર સમજે છે. જેમ કોઈ સામાજિક અપરાધનું સમા-
ાનગી કરવાથી જેટલું ઓછું સહન કરવું પડે છે તે
ણું વધારે કોર્ટમાં કેસ ચાલે તો સહેવું પડે છે. વળી
સામાન્ય અપરાધ બદલ થોડો માર ખાઈ લીધો અથવા
રૂપિયા આપી દીધા તો પતી જાય છે પણ કોર્ટમાં
તસર કામ ચાલતાં તેની શિક્ષા આસન કેદ, યોગ્ય દંડ,
ાની હાનિ વગેરે ઘણું સહન કરવું પડે છે, તેજ પ્રમાણે
પરાધની શિક્ષા પરલોક માટે મુલતવી રહે છે તે ઘણીજ
ી ભોગવવી પડે છે. તે વેળા ત્યાં કોઇયે આપણો સહાયક
ા બચાવ પક્ષનો હાજર થઇ શકતો નથી અને પૂરી સજા
ોજ છૂટકો થાય છે; માટે તેથી બચવાને અહીંજ પતવી
વધારે સારૂં છે અને તે માટે વધારે સારૂં આજ છે કેઃ—

કેમે કોઇને દુભવવામાં, દુઃખ પામે જેથી તું ભવમાં.

રામાયણમાં આ વિષે વાલીનું દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. વાલીએ
મુવેળા શ્રી રામચંદ્રને પૂછયું કે મને શામાટે માર્યો? ત્યારે
રામપ્રભુએ સ્વમુખેજ તેને કહ્યું છેઃ—

લાવણી

ભૂપર વન પર્વતમાં સઘળે ઈક્ષ્વાકુવંશીનું રાજ,
પંખી મૃગ મનુષ્ય સહુને નિગ્રહ અનુગ્રહ કરવો એ કાજ.
(હવે જો! તારો અપરાધ શો છે?)
વડીલ ભ્રાતા ગુરુ તુલ્ય છે, લઘુ ભાઈ સુત-શિષ્ય સમાન,
તેમ છતાં તે અંધ સહાયે અંધ બની કીધું તોફાન.

સુગ્રીવ ન્હાનો ભાઈ જીવતો છતાં તેની તેં નાર હરી
રૂમા સંગાતે પાપી થઈને કામવૃત્તિથી ક્રીડા ક
બહેન અને ન્હાના ભ્રાતાની સ્ત્રીમાં ફેર કશો ન
તેમ છતાં તેં એની સાથે કીધી મહાન નીચ
શિક્ષા નૃપતિની ખમવાથી પ્રાણી નિર્મળ થ
મેં તુજને શિક્ષા આપ્યાથી તારૂં અંગ પણ રહ્યું

બુદ્ધિમાન વાલીની બુદ્ધિમાં એ વાત તુરત
તેને શ્રીરામ પ્રભુએ હજી પણ જીવતો રાખવા જ
તેણે પોતાને વિશુદ્ધ થયેલો સમજી શ્રીરામની
પસંદ કરી પરલોક માટે તેમનુંજ શરણ સ્વીકાર

ધનાશ્રી પદ

ક્ષમા કરો રઘુરાય મુજને, ક્ષમા કરો ...
સર્વતણા શ્રેયમાં કુશળ છો, જાણો તત્ત્વ સદાય.
કૃપા લાભ આપો મુજને પણ, હવે એજ ઉર ચહાય.

આ ઉપરથી નક્કી થાય છે કે, હરકોઈ કષ્ટ
તરફથી આવે છે, એ માન્યતા તદ્દન ખોટી છે. અન્ય
સંગથી અથવા અપૂર્ણ જ્ઞાનથી એમ કોઈ માને છે.
ધર્મોમાં ઇશ્વરે જીવને નવોજ પેદા કર્યો છે એમ મા
તેથી ઇશ્વર પોતાની ઇચ્છા પ્રમાણે તેને સુખદુઃખ આપે
મનુષ્ય તેમાં ફેરફાર કરવા સમર્થ નહિ હોવાથી તે તેને
પડે છે. આ માન્યતામાં માત્ર એટલું સત્ય છે કે સુખદુ
સર્વેશ્વર છે, પણ તે પોતાની ઇચ્છા પ્રમાણે દે છે
ઠીક નથી. કારણકે જો તેમ હોય તો ઇશ્વરમાં
નિર્દયતા બન્ને દોષો આવે છે. વળી આ દેહમાં જી
ઉત્પન્ન કરેલો જ નથી. આપણાં શાસ્ત્રોમાં આ વિ

કે કે જીવ કદી ઉત્પન્ન થતો નથી. જેમ તલ અને તેલ
મ પુરુષ અને પ્રકૃતિ અનાદિકાળનાં સાથેજ રહે છે.

तिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।

પુરુષ (જીવ) બન્ને અનાદિ છે એમ જાણવું,
હમાં જીવ આવ્યો તે પહેલાં પણ તે હતોજ. તે
બીજા દેહમાં હતો ને ત્યાં તેણે જે કર્મો કરેલાં
ળ તે બધાં ભોગવી રહ્યો ન હતો, તેથી બાકી રહેલાં
ગવવાને આ દેહમાં આવ્યો છે. આ દેહમાં આવીને
ારાંનરતાં કર્મો કરવાનું જ તે ચાલુ રાખે છે તેથી
પણ તેને દેહ ધરવો પડવાનો. આમ અનાદિથી
ને લીધે તેનાં જે જે કર્મો ભોગવતાં બાકી રહેતાં
નો મોટો ઢગલો બીજની વખારની પેઠે રહ્યા કરે છે
ઓમાં 'સંચિત' કર્મ કહેવામાં આવે છે. શુભ-
કર્મોને બાકી રાખીને જૂના જૂના દેહો ત્યજી મૃત્યુ
જ્યો પુનઃ નવાં શરીરો ધારણ કર્યા કરે છે ને ત્યાં
ન રહી ગમે તેમ વર્તે છે, પછી ક્યાં જાય ? તેઓને
ઢે છે ? આ દેહને માતા-પિતાએ હાડકાં-ચામડાં
કંઈ બનાવ્યું નથી; તેની ઉત્પત્તિનું તથા તેમાં આવતા
ઈ મૂળ તો હોવું જોઈએ જ; તેમજ ભવિષ્યમાં જ્યાં
કે તે માટે પણ જે દેહ તૈયાર કરવામાં આવશે ને તેમાં
ડવામાં આવશે, તે બધું કોણ કરે છે ? જો સૌનાં કર્મો
તે બધું ઈશ્વરજ કરે છે. જેમ કોઈ નોકરની બદલી તેનો
કરે છે અને ત્યાં તેનું કામ જોઈ તેની આગલી ટીપણ
ચાકરોને ફરી કોઈ ઊંચીનીચી જગ્યાએ માલિક નિમણુંક
તેજ પ્રમાણે ઈશ્વર કર્મો તપાસીને તેના ફળરૂપે શરીર,

... કરી આપે છે
ધન, કુટુંબ, સામાન વગેરેની વ્યવસ્થા
સ્થળે જઇને પણ તેણે કેમ વર્તવું તે માટે શાસ્ત્રરૂપી
આપે છે. એ પ્રમાણે વર્તવાને અને તેથી
તો જીવને ગોકલે છે. અર્થાત્ જીવોના કર્મના
તેઓને દેહ આપેલા છે; અને તેમાં જ્યાંસુધી રહેવું
છે ત્યાંસુધી તેના પુન્ય–પાપરૂપી કર્મ પ્રમાણેજ તેને
આપવાનું નક્કી કરેલ છે. આમ આપણીજ કર્મ
ખાઇએ છીએ, આપણાંજ કૃત્યોના બદલામાં પ્રભુએ
તે આપેલ છે, એટલે આપણા હાથમાંજ આપણી
રહેલી છે. આ માટે વધુ પ્રમાણ જોવાની કંઇ જરૂર નથી.
જે કંઈ નકકી થયેલું છે તેજ 'પ્રારબ્ધ' કહેવાય છે.
શુભ–અશુભ કર્મનાં કેવાં ફળ આવશે ? ને તે ક્યારે
તે આપણે જાણી શકતા નથી કે ફેરવી પણ શકતા
તે ભોગવ્યેજ છૂટકો છે. આપણે એ કર્મ પ્રમાણે
અથવા બીજા શરીરમાં જઇને પણ જે જે નવાં
કર્મો કર્યા કરીએ છીએ તેનેજ 'ક્રિયમાણ' કહેવામાં
અને તેનાં ફળ ભોગવવાને પણ આપણે તૈયાર રહેવું
આ રીતે વધુ બગાડવું કે સુધારવું તે માટે—

તારે હાથ વાત છે તારી, આવે અનુ

અને તે કેવળ આ જન્મનીજ નહિ પણ ભવિષ્યના
ને અનંતકાળની વાત આપણાજ હાથમાં છે. તો
ષ્યમાં દુઃખ ન આવે અને વધુ દુઃખ નજ રહે એવી
હોય તો ગમે તે તરફથી ગમે તેવું વર્તન આપણા
તોયે કેવળ ક્ષમાજ રાખો અને આ એકજ વાત
'કદી કેમે કોઇને દૂભવ માં.' જો કે જન્માંતરનું

ર્વું પ્રારબ્ધ તો છેજ અને તેથીજ 'દુઃખ પામે જેથી તું
ાં,' તોપણ અત્યારથી નવું તો અટકવા માંડશે, એટલે—

'ગઈ સો ગઈ અબ રાખ રહી કો.'

દુઃખ એ પાપનું ફળ છે, એમ સૌ કોઈ સમજે છે ને
પણ છે; તેમજ 'અમારાં કર્મ આડાં આવ્યાં' એમ સર્વ
પોકારે છે અને 'અમારી જીભ અમારી દુશ્મન બની,'
પનાં કર્યાં હેયે વાગ્યાં, 'ખોટે તે પડે,' આમ બધાય
છે ને અનુભવે છે છતાં પાપ તો કર્યેંજ જવાય છે, તેનું
શું? અર્જુને પણ આ પ્રશ્ન શ્રીકૃષ્ણને પૂછયો છે:—

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥

'હે યદુવંશી કૃષ્ણ! ઇચ્છા નહિ હોવા છતાં જાણે કોઇએ
જોરાવરીથી પ્રેરણા કરી હોય તેમ કોનાથી પ્રેરાઇને મનુષ્ય
પ કર્યા કરે છે?' આ પ્રશ્નનો ઉત્તર આપતા પ્રભુ શ્રીકૃષ્ણ
છે:—

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

'રજોગુણથી ઉત્પન્ન થયેલો આ કામ તથા ક્રોધ ઘણુંજ
નારો ને મહાન પાપી છે; આજ બધાંના વૈરી છે, એમ
જાણ.' આવાજ અભિપ્રાયથી બીજે સ્થળે કહેલું છે—'લોભ-
ानि पापानि—સર્વ પાપોનું મૂળ લોભ છે.' તે પાપ કરવા
છે; અયોગ્યરીતે કામનાઓ તૃપ્ત કરવાને પ્રયત્ન કરવાનું
ણ એજ પાપની શરૂઆત છે, તે તરફથી મનોવૃત્તિઓને

રોકવી જોઈએ, અને 'यथालाभसंतोषगुणी'-ને રહેવાની ટેવ પાડી ... આવે તેથી સંતોષ રાખી સુખી રહેવાની ટેવ પાડી ... કોઇ યોગ્ય કામનાનું મન થાય તે પૂર્ણ કરવાને ... તે દ્વારા અર્થ પ્રાપ્ત થતાં કામના પૂર્ણ થાય છે. ' ... भूतेषु कामोऽस्मि भरतर्षभ -હે ભરતશ્રેષ્ઠ અર્જુન ! ... વિરુદ્ધ ન હોય એવો કાળ તે હું છું ' આમ કહીને ... ધર્માનુકૂલ કામને પોતાની વિભૂતિ, કૃપા તથા ધર્મનું ... છે; પણ ધર્મમર્યાદાનો ત્યાગ કરવા તત્પર થયો ... પાપ લાગ્યુંજ છે, માટેજ શાસ્ત્રો છેવટે પ્રાકૃત ઇચ્છા... દૂર રહેવાનો ઉપદેશ કરે છે; અને 'ઇચ્છા તો ... કરની ' ને તે પણ મોક્ષ માટેનીજ-'ब्रह्मजिज्ञासा' ... માટેજ આ મનુષ્યશરીર તે વસ્તુ પ્રાપ્ત કરવા માટે ... છે, તેથી સત્ય વાત તો એજ છે કે જ્યાંસુધી પ્રાકૃત ... ન રોકાય ત્યાંસુધી સત્ય, સુખ કે શાંતિ પ્રાપ્ત થતીજ ...

इच्छाद्वेषसमुत्थेन द्वंद्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥

'હે ભરતવંશી અર્જુન ! ઇચ્છા અને દ્વેષથી ઉત્પ... દ્વંદ્વમોહને લીધે સર્વ પ્રાણીઓ સૃષ્ટિમાં મોહ ... જન્મ-મૃત્યુને પામ્યા કરે છે.' આમ પ્રાકૃત ઇચ્છા... પ્રકૃતિના સંબંધની ચાહના કહો, ગમે તે પણ તે ... ઓને પૂર્ણ કરવાને દેહસંબંધ અવશ્ય થાય છે, ... ને મૃત્યુ લાગ્યાંજ રહે છે. ભગવાન શ્રીકૃષ્ણ મુ... આમજ કહે છે:—

इन्द्रियस्येन्द्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्न वशमागच्छेत् तौ ह्यस्य परिपन्थिनौ

ત્યેક ઇન્દ્રિયના વિષયમાં રાગ અને દ્વેષ અવશ્ય રહેલા છે, માટે તે બન્નેને વશ ન થવું; કેમકે તેઓ એજ ના શત્રુ છે.' આમાં રાગને પ્રથમ કહી દ્વેષને પછી કહ્યો ા બન્ને મુમુક્ષુના વૈરીજ છે તો પણ રાગને જો વિધિ-પૂર્ણ કરવામાં આવે તો તેને ત્રિવર્ગમાં ગણવામાં આવ્યો ર્મ, અર્થ ને કામ-એ ત્રણ પુરુષાર્થોમાં 'કામ' તે ર્વક સેવાતો 'રાગ' છે, અને તેને પુણ્યકર્મના ફળ કહેવામાં આવ્યો છે; પરંતુ દ્વેષ એ તો કેવળ છે. સવિધિ રાગ એ દૈવી સંપત્તિ ગણાય છે ત્યારે આસુરી સંપત્તિજ મનાય છે. રાગથી જે પાપ છે તે કરતાં દ્વેષથી થનારૂં પાપ અતિશય ભયંકર ને હોય છે. ક્રૂર હૃદયોમાંજ તે ઉત્પન્ન થાય છે; ક્રૂર કર્મો-તે પરિણામ છે. તેવા ક્રૂર આત્માઓને તો ઘણીજ સખ્તા-પ્રભુ ઠેકાણે લાવે છે—'तानहं द्विषतः क्रूरान'—એવા દ્વેષ કરનારા નરાધમોને આસુરી યોનિઓમાંજ ધકેલી દેવાને ઠરાવે છે. જે મનુષ્યોનો આવો ક્રૂર સ્વભાવ હોય તેઓએ જ ચેતતા રહેવાની જરૂર છે, કે જેથી બીજા નિર્દોષ જીવો ના ક્રૂર સ્વભાવના ભોગ ન બની જાય. ઘાસની ગંજી પર હો એક ભટકતો કૂતરો, ઘાસ ખાવાને ત્યાં આવેલી એક ી ગાયને ભસવા લાગ્યો; ત્યારે ગાયે તેને કહ્યું-'અરે ભાઇ! ઘાસમાંથી તણખલું પણ તારા કામનું નથી છતાં તું મને ખાવા નથી દેતો? ભૂખથી મારા તો પ્રાણ જાય છે' આનું ખજ દ્વેષ છે. પોતાને જે વસ્તુ લગારે ઉપયોગી નથી તે માટે બીજાને હરકત કરવી તે દ્વેષની નિશાની છે. આનું ફળ જ ભયાનક હોય છે. માટેજ લક્ષ્યમાં રાખો કે 'કદી કેમે ને ફાવવ માં.' કેમકે તેના ફળ તરીકે 'ઘણુંજ આકરૂં' ું!

'તે પામશું ન રહે
દુઃખ પામે જેગી શું બનમાં. ' રાજ હોવા છતાં વેરા
આપણાજ સ્વાધીનની વાત છે. બીજાની બહેન
સામે કોઈ જોતું યે નથી, ત્યારે ઉત્તમ વાત
કુદૃષ્ટિ કરવામાં આવે છે; એટલે યોગ્ય છે અને
પ્રાકૃત પ્રચ્છાઓજ ત્યજવી જોઈએ; જેથી ત્યારે પુ
અભિલાષ તીવ્ર કર્યે જવી નહિ આવે
થશે ને કોઇને ડુબાવવાનો પ્રસંગજ આપણનેજ દુ
આપણે જતા હોઇએ ત્યારે કોઇ
ખાસ સંભાળવું જોઇએ કેઃ—

કહી કેમ કોઇને ડુબવમાં, દુખ પામે હેયે
તારે હાથ વાત આ તારી, આવે અરે

આ માટે જુઓ આ દૃષ્ટાંતઃ—

શ્રી ચંદ્રહાસનું આખ્યાન

પદ-રાગ ખમાચ

કહી કેમ કોઇને ડુબવમાં દુઃખ પામે હેથી
તારે હાથ વાત આ તારી, આવે અરે

લાવણી

કેરલ દેશપતિને મંદિર સુંદર સુતનો
ભૂપતિ હરખ્યા, પુત્રજન્મનો ઉત્સવ કરી
સામુદ્રિકે કુમાર વિલોક્યા છ આંગળીએ
દોષ દેખતાં એક ખરેખર રાજાજીને
દૈવ વખતમાં અરિ ચઢી આવ્યા તેમાં
માન સતી થઇ નિરાધાર એ ખરેખરા
ધાત્રી લઇને છાની નાઠી, કુમાર બહા

પુરમાં વસી આવીને છે છોકરો રતન થયો.
ને ઘેર રહી દાસી થઈ નૃપસુત—દાસી તન થયો;
પ્રચપણથી ભક્તરાજ એ ખરેખરો ન્યુતન થયો.

પણ કર્મનોજ પ્રભાવ ગણાય કે રાજાને ઘેર જન્મ
તાં રાજસુખ તો લેશ પણ નહિ; પોતાના દેશનો તથા
મણુ ત્યાગ કરવો પડ્યો. રાજપુત્ર તરીકે જન્મ્યા
ી દેખીતી મહાહાનિ અનુભવાય એજ મહાદુર્ભો-
ાત હતી. જેમ કર્ણ રાજા કુંતીનો પુત્ર હોવા છતાં
। કહેવાયો હતો તેજ પ્રમાણે તે દાસીપુત્ર કહેવાયો;
દાસી માત્ર જાતનીજ દાસી હતી; પોતે રાજાની પૂર્ણ
પાત્ર ને પૂર્ણ નિમકહલાલ હતી; તેથીજ તેણે ઘણાં
સંકટ વેઠીને પણ રાજાના પુત્રની રક્ષા કરી હતી. વન-
માતા રૂપસુંદરી વનરાજની રક્ષા કરે તેમાં કંઈ નવાઈ
ાય, પણ આ દાસી એક રાજબીજની રક્ષા કરે તે
ગણાય. પ્રભુએ તેના પર તેના રક્ષણનો ભાર મૂકયો એ
ર્મસંયોગેજ હોવો જોઇએને? તેમાં વળી ધર્મયોગ થયો
દાસી ઉત્તમ ગુણોથી યુક્ત હોઈ સારી સંસ્કારી હતી;
તેનાજ સંસ્કારો રાજપુત્રમાં ઊતર્યા, તે શી રીતે?
ઓ. એવો યોગ મળે તે પણ કર્મપ્રભાવજ છે. સાથે
તે સુયોગનો લહાવો લેવો તે પણ પૂર્વજન્મમાં જે
કર્મ કર્યાં હોય તોજ સૂઝે છે. તે રાજકુમારનું બાહ્ય
। જો કે દુર્ભાગ્યરૂપ હતું તો પણ આભ્યંતરનું સુભાગ્ય
એવું બને તે સંભવિતજ છે કે, એક વ્યક્તિનાં એક
નાં ખરાબ કર્મો ફળ આપી રહ્યાં હોય ત્યારે બીજી
માં તેનાં શુભ કર્મો તેજ સમયે શુભ ફળ આપવા તત્પર
ાં હોય. આ રાજપુત્રને પ્રાકૃત સુખ પ્રાપ્ત કરવાનો

બહાર

સંભવ હતો છતાં કર્મવશાત્ તે ન મળ્યું, તો સાત્વિક
સંયોગ કર્મવશાત્ મળી આવ્યો. એટલે કોઈક
ખરાબ બન્યું તેજ તેને તો સારા માટેજ બન્યું. આમ
તમાં બરકત ' ને પ્રભુ કરે તે સારા માટેજ તે આ રીતે—

લાવણી

થતી હતી કથા વિપ્રને ઘેર ધુમધામે
દાસી સાંભળવા જતી હતી તે ઠામે;
પહોંચ્યું ત્યાં બાળક એક દિવસ દીવાનું
સાંભળ્યું ધ્યાનથી ત્યાં જે હતું વંચાતું
કંઈ પડયો સ્વાદ કે એજ ચિત્ત ચહાય
વધુ વધુ સમજવા સુણવા ઉર લલચાય
સુણી નામ માહાત્મ્ય અપાર થયું તે ધ
કરવા માંડયું તે રટણ પછી સાવધ
ક્ષણ પણ ન વિસરતો એવું અનુસંધ
આશ્ચર્ય લાગતું જોતાં વંત બ
રમતાં ભમતાં ચુકે ન હોય અવસર
લાગી ગઇ હવે નથી ક્ષણે કદી વિસ

પૂર્વજન્મમાં તેણે કોઈ એવું કર્મ કર્યું
નહિ હોય પણ પ્રભુનિમિત્તે કર્યું હશે; તે
હૃદય મળ્યું, ને તેમાં જેવું બીજ પડયું
બન્યું; ક્રમશઃ કીર્તનમાંથી સ્મરણ સુધી તે
તેમાં એવો લાગ્યો રહ્યો કે જેથી ' પાદસેવન
યોગ પણ થતો ગયો. કુદરતનો આ કાય

ઘન પર ઘન વરસે, મેઘ પ
જુઓ એ અંધેરી કુદરત, કંસ

એમ જે ચઢે તે ચઢયો જાય છે ને

त्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः '–આત્માજ આત્માનો છે ને આત્માજ આત્માનો શત્રુ છે.

તારે હાથ વાત છે તારી આવે અનુ અનુભવમાં.

ચોર ને શાહુકાર–બન્ને માટે સરકાર સ્થપાયલી છે. ચોરને ક્ષા કરી સુધારવા ને શાહુકારને રક્ષણ આપી આગળ વધા-ા–એ તેનો ઉદ્દેશ છે. જેમ નોકરી બદલ સરપાવ અપાય અને તેમાં હજૂરની નોકરી કરનારને તો ખાસ; તેજ પ્રમાણે ા કે भक्ति 'प्रकृति-माया'ની ન કરવી જોઇએ, પણ 'मायी' યાનો પણ જે સ્વામી છે તેનીજ કરવી જોઈએ, જેથી તુર-જ તેને આગળ ધપાવવાને એ પ્રભુ સગવડ આપે છે, ને योगक्षेम'નો નિર્વાહ પણ કરી આપે છે. કોઈ કેદીને માટે કેદી, જેલ, મજૂરી વગેરેની વ્યવસ્થા પણ સરકાર કરે છે અને પોતાના નોકર માટે ઑફિસ, કારકુની વગેરેની ગોઠવણ પણ તેજ કરે છે; એમ ચઢવા ઇચ્છતાને પ્રભુ ચઢાવે છે ને પડવા ઇચ્છતાને પાડે છે. આ રાજકુમાર પ્રભુમાર્ગે ચઢવા ઇચ્છતો હતો તેથી પ્રભુએ તેને પ્રથમ કીર્તન તથા શ્રવણનો સત્સંગી બનાવ્યો, એટલે તેનું મન તેમાંજ લાગ્યું રહ્યું પછી તેજ કીર્તન, શ્રવણ તથા સ્મરણદ્વારા પાદસેવન માટેની યોગ્યતા આવી પહોંચી ત્યારે તેની ગોઠવણ પણ પ્રભુએ કરી આપીઃ–

લાવણી

મોકલ્યા ત્યાં સાધુ સેવામાં (૨)
બેસી ગયા તળાવ કિનારે સ્નેહે સેવામાંઃ
સાધુ ત્યાં જુવે દીઠો આવી (૨)
રામ નામની ધુન મચી તે મનમાં બસ ભાવી.
સાધુએ કોઈને બોલો (૨)

આખ્યાનમાળા-ગ્રંથ ૨ જો
સ્તુતિએ બહુ આણી;
પુજ્યા શાળીગ્રામ નમ્યા ને સ્તુતિએ બહુ આણી;
પૂછ્યું નવ સાધુને ધાતે (૨)
આ શું છે મુજને સમજાવો જે પુજો છો તે.
સાધુ કહે એજ રામ મ્હારા (૨)
અધમ ઉધાર્યાં જેણે પાપી પાર વિના તાર્યાં;
શરણ છું જેનું કર્યા કરે (૨)
એજ એ હરિ રામ રમાપતિ સહુ સેવે સમરે.
કપી નિશ્ચય બાળે ત્યારે (૨)
ગમે તે રીતે એ હરિને કરવાજ હાથ મ્હારે.

અજામિલને કુલટાની કુટિલતા સાથે કુકૃતિ લેઇ તેડું થયું, તેમ ચંદ્રહાસને રામ સાથે સંતને સેવતા લેઇ ટે થયું. સંગ કારણ છે. માટે સારા સામીજ વૃત્તિ તથા રોકવી, તેથી ફળ સારૂ આવેજ.

લાવણી ચાલુ

સાધુ જ્યાં જરી ગયા આઘા (૨)
તેવા ઉંચકી શાળીગ્રામને ભક્ત ત્યાંથી ભાગ્
ન પકડ્યા ન પત્તો લાધ્યો (૨)
(કન્યાનું હરણ પતિ તો કરે પણ આતો પતિ
કન્યાએ કર્યું)
પ્રેમ પખી સાધુએ સિધાવ્યા ઝઘડો નવ જ
આપ નિત્ત મુખમાં તે રાખે (૨)
જમતાં પહેલાં પૂંજી પ્રસાદ ધરી તે ફરી
બાળ્યા જવ એ રક્ષક પ્યારા (૨)
ધાત્રી મરી ગઈ, કહેવાયા જગમાંહી વિ
નગર જન સહુ પ્રીતિ દાખે (૨)
આપ ભજન સેવન વિણ બીજું વહાલુંજ ન

વાત ચોક્કસ છે કે સંસારી હરકોઈનો સંબંધ જેમ ટે તેમ તેમ લાભજ થતો જાય છે. નારદજીની માતા મરણ એટલે તેમને હરિભજન કરવાની છૂટી થઇ ગઈ, સત્સં-લાભ ત્યારેજ તેમને મળી શક્યો. માટે પ્રભુ તથા પ્રભુના સાધુજનો સુખકારક છે, અને સંસાર તથા સંસારના સંબંધીજનો દુઃખકારક છે આ રાજકુમારના સંબં-પણ તેવુંજ બન્યું. પોતાની ધાવમાતા–એ દાસી મરણ એટલે તેને હરિભજનમાં વિશેષ સગવડ પ્રાપ્ત થઈ.

દીંડી

બાળક શોભતું મંદહાસ્ય, નામ ચાવું થઈ રહ્યું ચંદ્રહાસ;
ગયા છતાં આપ નવ ઉદાસ, રાખે ખાતર સગાનાં સહુ દાસ.

કામચલાઉ સગી અથવા મિથ્યા સંબંધી તે ધાવમાતા ઈ ગઈ, પણ જગતમાં સૌ કોઈનો જે સાચો સગો છે અને ઈનો સંબંધી છે તે તો છેજ ને ? ભક્તજન તો એ પર-મેશ્વરને એમજ કહે છે–' त्वमेव सर्वं मम देवदेव '–હે દેવોના દેવ ! આપજ મારૂં સર્વ કંઇ છો.

અરબી ' સખી રમણીય '

એક દિન દીવાને વિપ્ર, નોતર્યા ઝાઝારે;
તેમાં બેઠા ચંદ્રહાસ, આવી બિરાજ્યારે.
(પંગતમાં ગોઠવાઇ ગયા.)
જોઈ દિવ્ય તેજ કોઇ વિપ્ર, શક નવ લાવ્યારે;
કરતા જોઇ ભજનની ધૂન, નવ બોલાવ્યારે.
પત્રાવળી પીરસાઈ કે, મુખથી કાઢી શ્યામ;
થાળ ધરાવી જોઈને, રીઝયા વિપ્ર તમામ.
કૈંથી મૂકી મુખ મોઝાર, પ્રસાદ લીધોરે;

રાગ પહાડી. 'હે હરિ સહાય' એ રાગ

વન વસમું મહા વિકાળ.
કાળરૂપ ચંડાળ થયો જોઇ ફરી ગયો ડરી બાળ.
સેવ્યા છેલ્લી વારના, પ્યારા શાલીગ્રામ;
તેવા દુષ્ટ ડરી ગયા જાણીને ગુણગ્રામ.

જે ખરા નિર્વૈર છે તેની અસર સામા ઉપર પણ થ:
તેમજ—

વસે છે સર્વમાં સાચે, નચાવે તેમ જગ નાચે;
વસે અરિના ઉરે પણ એ, ખૂબી એજ વિસારે છે.
જઇ ભગવાનને શરણે, પછી ભય કેમ ધારે છે!

પ્રહ્લાદને મારી નાખવા માટે તેમના પિતાએ અગ્નિ,
ઝેર, પર્વતો, સર્પો, મંત્ર આદિ સર્વનો ઉપયોગ કરી
છતાં નજ મારી શકયો; તેમજ પોતાના પુરોહિત દ્વારા
આભિચારિક મારણ-કર્મો પણ નિષ્ફળ નિવડ્યાં, અને રિક્ત
સુદર્શનદ્વારા તેમનું પણ રક્ષણ કરાવ્યું, ત્યારે હિરણ્યકશિપું

હરિગીત

વિપ્રોથી જાણી વાતને પ્રહ્લાદને તેડાવીને,
લાગ્યોજ પૂછવા હિરણ્યકશિપુ યુક્તિથી સમજાવીને:
પ્રહ્લાદ! તારો આવડો પ્રભાવ શાથી છ થયો
એવો કયો મહામંત્ર ને કોનાથી તે ક્યારે ગ્રહ્યો!

ગઝલ-' અહો પ્યારા ' એ રાગ

વધા પ્રહ્લાદ કર જોડી, પિતાજી! સત્ય કહું ઉર્યાં
ન શંકા ચિત્તમાં ધરશો, પ્રપંચ કરી નહિજ કરું
નથી કોઇ મંત્ર મેં સાધ્યા, પ્રભાની એ વરેજ છે

પ્રમાણે મૂળનેજ મજબૂત પકડી, તેનાથીજ માત્ર ડરીને,
રજ પૂર્ણ વિશ્વાસ રાખીને ધીરજ ધરે ને નિશ્ચિંત રહે
તનું ભૂંડું કેમ કરે ? અથવા કેમ ઇચ્છે ?

બીજાનું હિણું ચહે, નહિ તેનું હિણું થાયે,
ના બીજ ફળ ન દેખાયે, કહું છું આખરેજ ખરૂં.

एवं सर्वेषु भूतेषु भक्तिरव्यभिचारिणी ।
कर्तव्या पंडितैर्ज्ञात्वा सर्वभूतमयं हरिम् ॥

શ્રીહરિ સર્વભૂતમય છે, એમ જાણીને પંડિતોએ સર્વ
માં અવ્યભિચરિત ભક્તિ કરવી જોઇએ.'

ખરેખર ! આ વચન અમૂલ્ય છે. શ્રીહરિ સર્વભૂતમય છે.
જ્ઞાનના જ્ઞાતા પંડિત થવું, જેથી આ સત્ય વસ્તુ સમજાય
સચરાચર સમસ્ત વિશ્વમાં શ્રીહરિ વ્યાપિ રહ્યા છે—અર્થાત્
ચર-જંગમ સર્વ કંઈ એ પ્રભુનું શરીર છે, અને તે પ્રભુ
સત્યશરીરી, સ્વામી—માલિક છે. આ સમજાયું એટલે—

દેખું હું તારા વિનાનું બીજું, ન લેખું હું તારા વિનાનું બીજું;
મારૂં બધું તે ખરૂં તારૂં છે, ના તું થી કશું કોઈ એ ચારુ છે.

અને તેથીજ શરીર સાથે, સર્વ શરીરોમાં, અવ્યભિચા-
રી ભક્તિ કરવાનું કહેવામાં આવ્યું છે. વળી એ ભક્તિ પણ
રીરમાં કેવળ જીવ માટે અથવા જડ માટે નહિ પણ સર્વભૂ
માં પ્રભુનાજ શરીર તરીકે પ્રીતિ રાખવી જોઇએ, જેથી—

ગરબી

બધે બધાનું જણાય મ્હારા બાપનું રે,
કોને સ્વાંહી કેમ કરીને દ્રોહી બનું રે.

થઇ ગયા; હવે તો તેના ભાગ્યનો પણ પલટો થયો: પૂર્વ સત્કર્મ ઉદયમાં આવ્યાં, 'સૂળીનું સોયે' એ કહેવત પ્રમાણે તેની છઠ્ઠી આંગળી કપાતાં દુર્ભાગ્યનો અંત આવી ગયો—

સવૈયો

કુંતલ ભૂપતિનોજ પટાવત નામ કુલિંદ હતો ગુણવાન
તે રથ બેસી ગયો વનમાં સુકુમાર દીઠો સ્તવતો મુરારિ
ઉંચકી સદ્ય લીધો રથમાં નિજ પુત્ર ગણ્યો નિજ ધામ સિધાવ્યો
ભક્ત લહ્યો અતિપ્રિય થયો દઈ જાગીર મરણ થયો તરત

એ પ્રમાણે ચંદ્રહાસને લૌકિક વિદ્યા, વિવેક ને છેવટે રાજ્ય-સત્તા પણ સહજ પ્રાપ્ત થઈ; પછી તો તેણે તેનો પણ પૂરો લાભ લીધો; પોતાના તાબાના રાજ્યમાં સર્વત્ર આ ઢંઢેરો જાહેર કર્યો:—

'કદી કેમે કોઈ ને દુભવ માં.'

પોતાનું પણ એજ વર્તન! કોઇને દુભવવાની તો વાત જ કેવી? અને તેમાં પણ હવે તો પોતે 'રાજા' એટલે લોક-ઓને રંજન કરવાનુંજ પોતાનું કામ આવ્યું. તે તેણે કેવી રીતે ચલાવ્યું?

ગરબી–' અલબેલી '

ચંદ્રહાસે લીધું કર રાજ, કાજ રૂડું કીધું;
પણ જ્યાંસુધી અન્ય તુચ્છ વિષયો માટે અથવા પ્રભુ સિવાયના કોઇ પણ પદાર્થ માટે પ્રભુને ચાહવામાં આવે તો તેવી ચાહના કરનારાઓ પ્રભુ માટે પ્રભુને ચાહતા નથી અને પ્રભુ કરતાં બીજાં નાશવંત સુખોને અધિક સમજે છે એમજ સિદ્ધ થાય છે; આવા અપૂર્ણ ભકતો હજીસુધી પ્રભુને સંપૂર્ણપણે જાણી શકયા નથી; આવા આશયથીજ ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીના દશમા અધ્યાયના અંતમાં કહે છે—'સમસ્ત જગતની સર્વ વિભૂતિઓ તે મારી વિભૂતિનો કોટયંશમાત્રજ છે.' આવી અનંત વિભૂતિના પ્રભુ સ્વામી છે. તેમાં પણ જે આ નશ્વર વિભૂતિ છે તેના કરતા નિત્ય વિભૂતિ અનંત ઉચ્ચ સ્થિતિની છે, જેનો વિચાર બ્રહ્માદિ મોટા દેવો પણ કરી શકતા નથી. એ પરમેશ્વરના ખાસ નિવાસધામ વૈકુંઠલોકના અનંત વૈભવનો બ્રહ્માદિ દેવોને ખ્યાલ પણ આવી શકતો નથી. આ રીતે એમની નિત્ય વિભૂતિઓનો તથા અનંત વૈભવોનો જો પાર નથી તો પછી તે આનંદઘન પ્રભુના ખુદ અનંત આનંદનો પાર કયાંથી પમાય? આનંદવલ્લી ઉપનિષદ્‌ની શ્રુતિઓ એ અપાર આનંદની ગણના કરતી થાકી ગઇ છે; એટલે—

જેનું પ્રભુમાં મન ખુચ્યું છે, તેને કામ અવરનું શું છે?
જો પડો દે પ્રિય તોરી તો શ્રીવર તું બસ છે રે તું બસ છે;
રે પ્રીત પરસ્પર જોડી રે.

શ્રુતિ કહે છે—'બ્રહ્મવિદાપ્નોતિ પરમ્—બ્રહ્મને જાણનારો પુરુષ પરબ્રહ્મને પામે છે.' એટલે જેઓ બ્રહ્મને જાણે છે તેઓજ સાચા સંત છે. તેઓ બ્રહ્મને પૂર્ણ પારખનાર, પ્રત્યક્ષ કરનાર,

અનુભવનાર કોઇને નિશ્ચયપૂર્વક માને છે કે, સર્વ કંઇ બ્રહ્મમાં છે અને બ્રહ્માનુભવ એજ સોગી એક વસ્તુ છે. આમ તેને ' પરમ ' જાણનારા સંતો તેમના વિના બીજું શા માટે ઇચ્છે તેઓનું માનવુંજ ખરૂં છે અને તેથીજ શ્રુતિ પણ એજ કહે છે ' જે ભુવન-પ્રભુ તેજ ગુણ.' તેની આગળ ' અન્ય અલ્પ ' છે એટલે તેવી અલ્પ તૃષ્ણા શા માટે હોવી જોઇએ ? શ્રુતિ તેજ કહે છે કે, ' એવો બ્રહ્મવેત્તા પુરુષ તે વિના બીજું કંઇ જોતો નથી કે સાંભળતો નથી.' અમે પણ ગાયું છેઃ—

કોણ જોઈએ બીજું શા સારૂં રે, શ્રીવર હું ને તું રે હું ને તું.

અમારાં સ્તોત્રરત્નોમાં પણ અમે એજ ગાયું છેઃ—

તારાં પદાંબુજ જે વિવેથી સુધાનાં ઝરણાં ઝરે,
તેમાં મુકાયું ચિત્ત તે શીદ અન્યની ઇચ્છા કરે ?
મકરંદથી પરિપૂર્ણ જે અરવિંદમાંહેનો ભ્રમર,
તે કદી કંરે સાલીયા રહામી નહિજ કરે નજર.

તુલસીદાસજીએ કહ્યુંજ છે કેઃ—

तीनटुक कौपीनके ओर भाजी बिन लोन,
तुलसी रघुवर उर बसे तो इन्द्र बापडो कोन?

જે વેળા શિવાજી મહારાજ, તુકારામ બાવા પાસે રત્નપોષાકના થાળોની ભેટ લઇ ગયા ત્યારે તેમણે કહ્યું છે કેઃ—

શિવાજી શું ધન દે(૨)અરે! થઇ રાજી શું ધન દેરેહો ભોળા રાજા.
માટી મારે મન હીરા ને કંચન, તારાં ખોટાં રત્ન છે (૨)

કદાચ તે સાચાં હોય તોયે શું ?—

જગ પિતનું એજ અમારૂં, સહુ સત્તા સામન છે (૨)

જે નિત્યમુક્ત મહાપુરુષો કેવળ એક પ્રભુમાંજ સ્થિર ભક્તિવાળા છે તેઓને પ્રભુ પોતે 'જ્ઞાની' ભક્ત કહે છે તથા તેઓ 'મારા આત્મા છે અને તેઓ મને અતિશય પ્રિય છે' એમ તેઓ પ્રત્યેજ પોતાનો પ્રેમ સૂચવે છે. એ ભક્તવત્સલ ભગવાને પોતાની પ્રતિજ્ઞાને બાજુ પર મૂકી પોતાના ભક્ત અર્જુનની પ્રતિજ્ઞા પૂર્ણ કરી; એ ઉપરથી પોતે શું સૂચવે છે? તે એજ કે 'પ્રાણથકી મને હરિજન વ્હાલા.' આ વસ્તુને જેઓ બરાબર સમજે છે ને અનુભવે છે તે 'સાચા સંતો ખરે બેપરવા' હોય એમાં શું આશ્ચર્ય છે?

પ્રભુ તેવા સાચા સંતોને તેવા જ્ઞાની ભક્ત અને પોતાને પ્રિય શા માટે કહે છે? તેનું કારણ પ્રભુ પોતેજ ત્યાં કહે છે— 'તેઓ કેવળ મારામાંજ લાગ્યા રહે છે, તેથી મનેજ અતીવ પ્રિય ગણે છે.' એટલે સાચા સંતો જેવા અન્ય વસ્તુથી બેપરવા હોય છે તેવાજ પ્રભુદ્વારા પણ મળતી કોઈ વસ્તુથી બેપરવા હોય છે; માત્ર પ્રભુનોજ ભય ને પ્રભુનીજ લાલચ–એ ઉભય માટેજ તેઓને પરવા હોય છે,એજ આશય અહીં કહેવામાં આવ્યો છે:—

ધર્મ ત્યાગ ભય લાલચ પ્રભુની, અવર આસ ત્રાસથી અનુનરવા.

પોતાના સ્વામી પરમેશ્વરની આજ્ઞાભંગનો તથા એ પ્રભુ દુભાય–તેનો જેવો ત્રાસ ભક્તોને હોય છે તેવો અન્ય કોઇનો પણ ત્રાસ તેમને હોતો નથી. જુઓ–દુર્વાસાએ અંબરીષને મારી નાખવા કૃત્યા ઉત્પન્ન કરી, તોયે અંબરીષે તો દુર્વાસાને અતિથિ માનીને 'अतिथिदेवो भव-અતિથિ ઉપર પરમેશ્વરબુદ્ધિ રાખ;' એ પ્રભુની આજ્ઞાનેજ કેવળ વળગી રહી તે કૃત્યાથી પોતે મરણ પામે તોયે શું? એમ અડગ ઊભા રહ્યા ને છેવટે તેમને જમાડીનેજ પોતે જમ્યા. મહર્ષિ દુર્વાસા પણ છેવટે ખપેથી થાકીને

રાજાનો પણ તેમણે સ્વીકાર કર્યો. આમ 'ધર્મત્યાગ ભય લાગ
પ્રભુની.' અરે ! એ તો કદાચ અતિશય જુના કાળની વાત
પણ લગભગ હમણાંજ થઇ ગયેલા, આજ કાળના સાચા સં
નરસિંહ મહેતાજીએ જોયું કે, હાર નથી મળતો, અને–'રાતર
મોડી રે, નાગરા રાત રહી થોડી.' એ ખરું કર્યું ત્યારે પો
પણ આશા છોડીને કુંવરબાઇને કહ્યું:—

કુંવરી લાડકી, સાસરે સિધાવો રે,
મરશે તાત થતાં પ્રાત, રુપ જરૂર કરશે ઘાત;
અવસર એ આવ્યો રે. કુંવરી લાડકી૦
નિર્ધન પિતા તું, પ્રકટી સુકુમારી રે,
નાગરી નાત, કરશે વાત, રોઇશ કહો દિવસ રાત;
નહિ લુછે કોઈ વારિ રે. કુંવરી લાડકી૦

એમ કહીને પોતે મરવા માટે તૈયાર થયા, તે વખતે તેમના પુત્રે તેમને કહ્યું કે, 'આજે તમે જાણી જોઇને મરવા તૈયાર થાઓ છો. તમે કેદારો રાગ શા માટે ગાતા નથી ? કેદારો ગાશો એટલે હમણાં શ્રીહરિ પ્રકટ થશે અને હાર આપશે.' તે સાંભળી નરસિંહ મહેતાએ કહ્યું કે એમ કેમ બને ? અમે તો શ્રીહરિના થઈને તેમની આજ્ઞા કેમ લોપીએ ? અમે પ્રભુના ભક્ત થઇને પણ સત્ય કેમ ચૂકીએ ? દસ્તાવેજ કરી આપી રૂપિયા લઇને વચનથી જો બંધાયા છીએ તો તે ભરપાઇ ન ત્યાં સુધી કેદારો કેમ ગવાય ? રાજા પ્રાણ લેવાનો ભય છે તેથી હું કેદારો ગાઉં, ને ધર્મનો ત્યાગ કરું એ કેમ ? કદાચ આમ ને આમ દેહ પડી જાય તોય શું ? ધર્મ પાળવતાં દેહ પડે તેમાં લાભજ છે. દેહનો નાશ થાય પણ ધર્મનાશ ન થવો જોઈએ. અર્થાત્ ધર્મ એ પ્રભુની આજ્ઞા છે. તેનો ભંગ કરવાથી પ્રભુ કોપે કે રીઝે ? '... ... નરેન્દ્રાણામ् અજ્ઞ-

સુખ,' માટે એનો દ્વેષ કરવો એ તો ઊલટો ધર્મત્યાગ છે; તેના ઉપર કોપ કેમ કરી શકાય ? કારણ—

ઓછાં કર્મ છે આપણાં પછી રાજાનાં ક્યાંથી માન ?

એમ પોતાનોજ દોષ પોતે સ્વીકાર્યો ! ખરેખર આજ અતિશય મુશ્કેલ છે; જાળવવાનું એમાંજ છે. 'સંગથી કામ ને કામથી ક્રોધ' એ વસ્તુ જો લક્ષમાં લેવાય તો પ્રભુપ્રાપ્તિ દૂર નથી. માતાનો એ સદ્બોધ ધ્રુવજીને અસરકારક થયો અને તેથી તેમણે ધર્મમાર્ગનો સ્વીકાર કરી તેવા પુણ્યશાળી થવા પ્રયત્ન કર્યો અને તેમાં તે સંપૂર્ણ સફળ પણ થયા. વનમાં જઇને કેવળ પ્રભુનીજ લાલચ તેમણે કરીને પ્રભુપાસેજ માગ્યું કે, 'અનુચ્છિષ્ટમનુત્તમમ્—જે સુખ કોઇનું એઠું ન હોય—કોઇએ કદી ભોગવ્યું ન હોય અને જેનાથી વિશ્વમાં કંઇ ઉત્તમ ન હોય તેજ મારે જોઇએ.' આમ સર્વોત્કૃષ્ટની પાસેથીજ 'ધર્મદ્વારાજ સર્વોત્કૃષ્ટ મેળવવાની તમન્ના રાખવી' તે સંતનું લક્ષણ છે. એવું ધ્રુવપદ પ્રાપ્ત કર્યાં છતાં ધ્રુવજીને પાછળથી પશ્ચાત્તાપ થયો છે. 'અરે ! પ્રભુને પોતાને પ્રાપ્ત કરી મેં આવા નાશવંત પદની અભિલાષા કરી ! ખરે ! હું મૂઢ છું.' આનું નામ તે સંત. પ્રહ્લાદજીનું દૃષ્ટાંત જુઓ; જેમણે કેવળ નિષ્કામભાવે પ્રભુસેવાનીજ આશા રાખી, પ્રભુ માટેજ પ્રભુને ચાહ્યા અને કેવળ તેમનીજ લાલચ રાખી અને કેવળ ધર્મત્યાગનોજ ભય એટલો બધો કે જૂઠું બોલવા માટે તથા જૂઠું વર્તવા માટે પોતાને—

ડુંગર ચઢાવીને દોડાવ્યો રે હરિ હરિ,
પર્વત ચઢાવીને પડાવ્યો રે હરિ હરિ,

છતાં તે તો તેજ પોતાના હૃદયમાં જે પ્રભુ [illegible] ઢો માં ગ્યું;
દોડે આશ્રય કર્યું; તે છેવટ સુધી અને અંતે [illegible] રાવા

રાજ્યનો પણ તેમણે સ્વીકાર કર્યો. આમ 'ધર્મ'ત્યાગ ભય લ
પ્રભુની.' અરે ! એ તો કદાચ અતિશય જૂના કાળની વાત
પણ લગભગ હમણાંજ થઇ ગયેલા, આજ કાળના સાચા
નરસિંહ મહેતાજીએ જોયું કે, હાર નથી મળતો, અને—'રાત
થોડી રે, નાગરા રાત રહી થોડી.' એ ખરૂં ઠર્યું ત્યારે પો
પણ આશા છોડીને કુંવરબાઇને કહ્યું:—

કુંવરી લાડકી, સાસરે સિધાવો રે,
મરશે તાત થતાં પ્રાતઃ, નૃપ જરૂર કરશે ઘાત;
અવસર એ આવ્યો રે. કુંવરી લાડકી૦
નિર્ધન પેટ તું, પ્રકટી સુકુમારી રે,
નાગરી નાત, કરશે વાત, રોકશે કહી દિવસ રાત;
નહિ લુછે કોઈ વારિ રે. કુંવરી લાડકી૦

એમ કહીને પોતે મરવા માટે તૈયાર થયા, તે વખતે તેમના
પુત્રે તેમને કહ્યું કે, 'આજે તમે જાણી જોઇને મરવા તૈયાર
થાઓ છો. તમે કેદારો રાગ શા માટે ગાતા નથી ? કેદારો
ગાશો એટલે હમણા શ્રીહરિ પ્રકટ થશે અને હાર આપશે.' તે
સાંભળી નરસિંહ મહેતાએ કહ્યું કે એમ કેમ બને ? અમે પેટે
શ્રીહરિના થઈને તેમની આજ્ઞા કેમ લોપીએ ? અમે પ્રભુના
ભક્ત થઇને પણ સત્ય કેમ ચૂકીએ ? દસ્તાવેજ કરી આપી
રૂપિયા લઇને વચનથી જે બંધાયા છીએ તો તે ભરપાઈ ન
થાય ત્યાં સુધી કેદારો કેમ ગવાય ? રાજા પ્રાણ લેવાનો ભય
બતાવે છે તેથી હું કેદારો ગાઉં, ને ધર્મનો ત્યાગ કરૂં એ કેમ
? કદાચ આમ ને આમ દેહ પડી જાય તોય શું ? ધર્મ
...ના દેહ પડે તેમાં લાભજ છે દેહનો નાશ થાય પણ
...ભ્રષ્ટ ન થવો જોઈએ અર્થાત ધર્મ એ પ્રભુની આજ્ઞા છે. તેનો
... કરવાથી પ્રભુ કોપે કે નહિ ? . आज्ञाभंगो नरेन्द्राणाम् अश-

स्ववध उच्यते–લોકના રાજાઓની પણ આજ્ઞાનો ભંગ થતાં વિનાશએ તેમનો વધ કર્યો ગણાય છે;' તો પછી પ્રભુ તો સમસ્ત વિશ્વનો મહારાજા છે. તેમની આજ્ઞાનો ભંગ કરવાથી તેમનો કોપ કેમ ન થાય? એટલે ધર્મ સચવાતાં પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે અને 'यतो धर्मस्ततो जयः । જ્યાં ધર્મ છે ત્યાં છેવટે જયજ છે'–આ સૈદ્ધાંતિક વાત છે. આપણે દરરોજ પાઠ કરીએ છીએ–'आचारप्रभवो धर्मो धर्मस्य प्रभुरुच्यते–ધર્મ આચારથી ઉત્પન્ન થાય છે; અને પ્રભુ ધર્મના પક્ષકાર છે.' વળી વૈદિક આજ્ઞા પણ એજ છે–'सत्यं वद–સાચું બોલ;' धर्मं चर–ધર્મનું પાલન કર.' પિતામહ ભીષ્મે એવી સંપૂર્ણ વિધિ સાથે ગયાશ્રાદ્ધ કર્યું હતું, કે જ્યારે શ્રાદ્ધમાં પિંડદાન કરવાનો સમય થયો ત્યારે તેમના મૃત્યુ પામેલા પિતા મહારાજા શાંતનુએ ફલ્ગુમાંથી સાક્ષાત્ પોતાનો હાથ બહાર કાઢયો; તે જોઇ ભીષ્મ પિતામહે વિચાર કર્યો કે મારા પિતા સ્વયં પ્રકટ થઇને હાથોહાથ પિંડ લેવા માગણી કરે છે તો તેમના હાથમાંજ સીધું પિંડપ્રદાન કેમ ન કરૂં? આવો વિચાર કરતાં પુનઃ તેમને શાસ્ત્રાજ્ઞાનું સ્મરણ થઈ આવ્યું. શાસ્ત્ર તો એમજ કહે છે કે; પિતૃઓને ઉદ્દેશીને ચટ ઉપરજ પિંડપ્રદાન કરવું. આ શાસ્ત્રાજ્ઞાને અનુસરીને તેમણે પિતાના હાથમાં પિંડપ્રદાન કર્યું, તે જોઇ દેવોએ દુંદુભિ–નગારાં વગાડયાં ને પુષ્પવૃષ્ટિ સાથે જગતમાં જાહેર કર્યું કે, જેઓમાં 'ધર્મત્યાગ ભય લાલચ પ્રભુની' હોય છે તેજ સાચા સંત છે.

મહારાણી જાનકી–સીતાને ધર્મત્યાગ કરવા માટે રાવણે કેટલું દુઃખ દીધું હતું? કેટલી લાલચો ને સત્તામણી આપવામાં આવી હતી? છતાં સંપૂર્ણ અડગપણું છેક સુધી જાળવી રાખ્યું; એટલું જ નહિ પણ પોતે વ્રતનિષ્ઠ હતાં, તેથી સામર્થ્ય હોવા

છતાં રાવણને શાપ ન દીધો અને સર્વ પ્રકારનાં કષ્ટો સહ્યા કર્યાં. પોતે તે વેળા સ્પષ્ટ શબ્દોમાં રાવણને કહી સંભળાવ્યું છે કે, 'ઓ દુષ્ટ રાવણ ! હું લાચાર છું; વ્રતનિષ્ઠ હોવાથી તને શાપ આપવા તૈયાર નથી; નહિ તો શાપના બળથી તને ભસ્મીભૂત કરી નાખવા હું સમર્થ છું.' આનું નામ તે ધાર્મિક દૃઢતા અને વ્રતમાં એક અડગતા. આવા પ્રકારનો ધર્મત્યાગનો ભય હોવો જોઇએ અને કેવળ પ્રભુનીજ લાલચ હોવી જોઇએ; બાકી ઉપર ઉપરનો ધર્મત્યાગ, ભય ને પ્રભુની લાલચ કોને નથી ? સૌને છે, પણ સૌ કોઈ આ અનુભવે છે કેઃ—

> ભજવા બેસે કે મનમાંહે અનેક તર્કો ઉઠે;
> તમને ભૂલી જઇએ તુરતજ જઇએ તેની પુઠે.

આમાં કારણ શું છે ? વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે માનસિક મલિનતા એજ તેમાં મુખ્ય કારણ છે. મન જ્યાં દોડી જાય ત્યાં દોડી જવાની આપણને ટેવ પડી છે; મન ઉપર આપણો કાબૂ નથી. છેક ધર્મ કરવા બેઠા છતાં ત્યાંથી ઘસડાઇને અધર્મમાં જઈ પડીએ છીએ. અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને એજ પૂછ્યું છે કે, 'હે પ્રભો ! અમારી ઇચ્છા ન હોવા છતાં અમને બળજબરીથી પાપમાં કોણ પ્રેરે છે ?' આનો ઉત્તર આપતાં ભગવાન કહે છે કે બળજબરીથી પાપકર્મ કરાવનાર તે 'काम' છે–પ્રાકૃત રાગ અથવા વિષયો પરની વાસના એજ મન ઉપરનો જબરો મેલ છે. તેને બાળી નાખી ચિત્તને શુદ્ધ કરવામાં આવે તો ચિત્તશુદ્ધિ થતાં યોજેલા ઉપાય સત્વર સફળ થાય છે. જે ઉપાયો પણ ભગવાને પોતેજ ત્યાં દર્શાવ્યા છે—'यज्ञो दानं तपश्चैव पावनानि मनी·
–યજ્ઞ, દાન અને તપ, એ બુદ્ધિશાળી મનુષ્યોને પવિત્ર
ાં થાય છે.' આજ ઉપાય ઉપનિષદમાં પણ દર્શાવવામાં
છે–'यज्ञेन दानेन तपसाऽनाशकेन–યજ્ઞ દાન તથા અના·

શક તપથી આત્મસાક્ષાત્કાર થઈ શકે છે.' મહર્ષિ વિશ્વામિત્ર પર ગમે તેટલો ભય આવી પડ્યો તોયે પોતે આરંભેલા યજ્ઞથી ભ્રષ્ટ ન થયા; એવે પ્રસંગે કોપ પણ ન કર્યો, તો શ્રીરામ પ્રભુ તેમના સેવક બની રહ્યા અને તેમને યજ્ઞમાં સંપૂર્ણ સહાય કરીને અસુરોથી તેમની રક્ષા કરી.

બલિરાજાએ બંધાયા છતાં પોતે આપેલું દાન દેવાનું વચન છેક સુધી ત્યજ્યું નહિ. આવી દાન ઉપરની અડગતા હોવી જોઈએ અને તપશ્ચરણના વિષયમાં તો અનેક સુપ્રસિદ્ધ દૃષ્ટાંતો જોવામાં આવે છે. અસુરો પણ પોતાના પર રાફડાઓ થઈ જાય ત્યાંસુધી તપશ્ચર્યા ચાલુ રાખતા અને તેજ ચિત્તશુદ્ધિ સંપાદન કરી પોતાની ઇષ્ટસિદ્ધિ મેળવી શકતા. આ રીતે યજ્ઞ, દાન અને તપશ્ચરણ-એ આવશ્યક ને સર્વસાધ્ય ઉપાયો હોવા છતાં આપણે તેનો અનાદર કરીએ તો ચિત્તશુદ્ધિ ક્યાંથી થાય? અને ચિત્તશુદ્ધિ ન થાય ત્યાંસુધી પ્રભુની ઝાંખી પણ ક્યાંથી થાય? આ વસ્તુ 'ધર્મત્યાગભય'ના અંતરંગ અવયવરૂપે અહીં દર્શાવેલ છે. હવે 'લાલચ પ્રભુની' એ સંબંધે કંઇક જોઇએ. લાલચ એટલે 'काम'-હરકોઇ વિષયની ઇચ્છા; તે અવશ્ય તજવી જોઇએ. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ખાસ કહે છે-' जहि शत्रु महाबाहो कामरूपं दुरासदम्- હે મહાબાહુ અર્જુન ? જેને વશ કરવો મુશ્કેલ છે તે 'કામ'રૂપી શત્રુનો તું નાશ કર.' એમ કહીને કામરૂપ પ્રબળ વૈરીનો વધ કરવા પ્રભુ આજ્ઞા કરે છે. સંતોના ચરિત્રો પણ એજ ઉપદેશે છે. શ્રીતુકારામબાવા કહે છે:—

भक्त ऐसे जाणा जे देहीं उदास। गेले आशापाशा निवारुनि ॥
विषय तो त्यांचा झाला नारायण। नावडे धन जन माता पिता ॥
निर्वाणीं गोविंद असे मागे पुढें। काहींच सांकडे पडों नेदी ॥

કારણકે—

भक्ति बिना पोटी रत्ना चीथा राणी ।
मर्मां वी टेरणी सफल्य परतु ॥

पद

चित्त रहे रंगसे रंगा हो, येहि अब मागे;
द्वारे है द्वार अटंगा हो, नहि झट भागे.
मैल है वो फल है मेरे, पर वल नहि जो करे नेरे;
रहे अचल मति पद ठेरे हो, येहि अब मागे.
मल हठे फटे पै जावें, ना नये प्रसंगहु आवें;
शुचि सात्विक अंग बनावे हो येहि अब मागे.
तुमहो मधुरे पूरे, अधुरे है तबहि झूरे;
विलगे रहै मनके शूरे हो येहि अब मागे.
है स्वरूपते तो साचे बंधन है सघरे काचे;
जहां छूटे कि बस नाचेंहो येहि अब मागे.
देवे सेवें चाहे भोगे, होना होगा सो होंगे;
अनुपवि कब रीझेंगे हो येहि अब मागे.

આજકાલના આ ઘોર કલિયુગના સમયમાં પણ આ રીતે પ્રભુ પ્રસન્ન થાય છે; કારણકે પ્રભુની દૃષ્ટિએ તો સર્વકાળે સૌ કોઇ સમાન છે. તે તો કેવળ ભકિતને અથવા ભકતની સત્ય ભાવનાનેજ ચાહે છે; અને તે પણ કેવળ ભકતના કલ્યાણ માટેજ; ને પોતાને તો તેમાં કંઇયે લેવા દેવા નથી; માટે આપણામાં ન્યૂનતા હોય તેને દૂર કરવા આપણેજ પ્રયત્ન કરવો ; તે માટે પ્રથમ તો આપણી ન્યૂનતાને આપણેજ શોધી

ાઢવી જોઇએ. તે માટે અમે ઉપરના બોધપ્રદ લેખ સાથે નીચેના
ે દષ્ટાંતો એ વિષયો પર ઉતારીએ છીએ, જેથી આત્મકલ્યાણ
ાાથે અન્યનું પણ તે માર્ગે જતાં કલ્યાણ થાય એટલે તે લખાણ
ાથા વાંચનની સાર્થકતા થતાં છેવટે એવાજ થઇ શકાય કેઃ—

સાચા સંત ખરે બેપરવા, ખરે બેપરવા, ધરે બેપરવા.

શ્રી નામદેવ—નિશ્ચય—આખ્યાન

પદ—રાગ કહારવો

સાચા સંત ખરે બેપરવા, ખરે બેપરવા, ધરે બેપરવા.
ધર્મ ત્યાગ ભય લાલચ પ્રભુની,
અવર આશ ત્રાસથી અનુ નરવા. સાચા૦

સાખી

ભાગવત ભણેલ ભાગવત નામનો ભાગવત કોઈ,
લક્ષ્મી મળવા લક્ષ્મીની સેવ કરી ચિત પ્રોઈ;
શ્રીરૂકમણિએ પારસમણી આપ્યો દૃઢ ભકિત જોઇ,
જેવી માગણી તેવી માગણી માએ પુરી દુઃખ ખોઇ.

ભુજંગી

સદા રાખજે એ મણિ ત્હારી પાસે,
અડે લોઢું તો સોનું તેનુંજ થાશે;
સુખે એ રીતે અર્થ ધાર્યા સધાશે,
ધરી સેવકે શીશ આજ્ઞા ઉલ્લાસે.

હરિગીત

આવ્યો અવાસે તે ઉલ્લાસે ને પ્રિયા પાસે કહ્યું,
મણી આ પ્રકાશે તેથી ધારો કથીરનું સોનું થયું;

શાત્રણી લાંગડી

મણિ ૧૧ મળી આત્મા નામા આવ્યા સરિતાને તીરે
આગ્રહી લીધો, મણિ જળ માંહે ભાત એ શુરવીરે
માંડે બેઠા. મજીને ભજવા પુન મગાવી ભજન તણે
ઘરમાં બેસી. નારી તો વાર થતાં ધઈ વિકળ ઘણે
વિપ્ર આગવતગગોરગભૂતને, મણિ દીધો નહિ નિજ સ્થાને
પૂજ્યું નીર. ત્યારી તે સત્યપતિથી વિપ્ર કહે
ધાઈ આવી રાજાય પાગ કહે આવ મણિ કહેર કહે
તે ગજરાજને વધી કર રહાઈ ગયો પતિ છે કહે
બેઠ ચાલી નામાનો રોષમાં આવી સરિતાને તટે
નામાજી તો ધ્યાનમાં લીન મસ્ત વિપ્ર છે
ધ્યાન ચુકાવી નામ મુકાવી નારી કહે છે મણિ કહે
ઉત્તર સોંપી દીધો મેં તો નાંખ્યો આ પાણીમાં
પાક મુકી છાતી ફૂટી દેવા ફુદી બને નારી
ધાઈ કૃમસમ પતિને છેડી લાવી થઇ દુઃખીને
વઝગ્યાં બન્ને નામાજીને મણિ ચુપ્યો રાખી કહે
છુંડું બોલી વૃથા જપ કરવા બેઠા ભગ હવે

શિખરિણી

ાં સાંકો મળાં, ફરી ફરી મુઝાવી બની બીતાં
જુવાં ઘણાં મણિ દઈ દીધો ખાતરી વિનાં
ડયો છે નકી, દુરજન કહે દોષ ધરીને,
ા હાતે જકી, દ્વિજ થકી ખરૂં સત્ય ફરીને.

પદ—'જમ ન પડે' એ રાગ

જગતમણિના બણી ખામ દાસ,
રાઢિજવર. જગ
હુજીયાર ૪

મનમાં થઇ રહી છે બેનપણીની અતિ આભારી.
નામદેવ આવ્યા મધ્યાન્હે બહુ તજવીજ ભાળી;
ભેદ ન સમજ્યા પૂછ્યું કોણે સામગ્રી આણી.

'સુણોને વૃદ્ધ શેઠ મ્હારા' એ રાગ

વદી તવ મરોડથી નારી (૨);
તમે તમારે થાળ ધરી લ્યો, પ્રસાદ સુખકારી.
કદીએ પુછો છો ક્યારે રે (૨);
ઘરના ઘાટ તણી ચિન્તા નથી રાખતા લગારે.
નથી હોતું તવ નવ પૂછો રે (૨);
છે ત્યાં ઉલટી પંચાત કરો એ કેવું બુઝો.
સ્વામી કહે જો નહિ કહે સાચું (૨);
તો નહિ થાળ ધરૂં નહિ લઉં હું પ્રસાદીમાં પાણું.
ન સમજ્યા વિણ કંઇજ ધરાએ (૨);
હઠ લીધી પતિએ તો પાકી હવે કેમ થાએ!
ઘણાં વંળખાં કીધાં નારે? (૨);
આખર સમ સોગન દઇ બોલી સાચી વાત હારે.
જુઓ સેવા એની સાચી (૨);
પ્રીત રીત છે ચિત તમારી ખચિત સહુ કાચી.
ન વિઠ્ઠલ કે રૂકમણિ કંઈ દે (૨);
દે છે તેને ટૂંક વખતમાં જુઓ કેવું દઈ દે.

શાર્દૂલ છંદ

બોલ્યા આપ બતાવ તો મણિ મને, લાવી તદા નાર એ;
ત્યારે એ ચણું કે જરા લઈ જઉં, સંગે મહી બ્હાર એ;
લોભી ભામની બોલી એ લઈ જઇ, દેખાડી શ્રીનાથને;
સેવી રૂકમણિ તેથી દેવી રીઝતી, દેવી કહો નાથને.

લાવણી ઝંગડી

મણિ કર મણી માળા નામા ભાગ્યા સરિતાને તીરે;
શણગી દીધો, મણિ જગ માંહે ભક્ત એ શૂરવીરે.
કહે બેઉ. મણિને ભજતા પુન મળ્યાની ભજન તજે;
ઘરમાં બેઠી, નારી તો ચાર થતાં થઈ વિકળ હવે.
વિપ્ર ભાગવત ગયો સ્વભૂવને, મણિ દીઠો નહિ નિજ સ્થાને;
પૂછ્યું સૌને, વળી તે સત્યપતિથી વિભુ જ્હાને
ધાઈ આવી રાજન પાસ કહે આપ મણિ દઇ દે મ્હારે;
તે ગભરાઈ ને વદી કર રહાઈ ગયો પતિ છે મ્હારે
બેઉ ચાલી નામાની શોધમાં આવી સરિતાને ઘાટે
નામાજી તો ધ્યાનમાં લીન મસ્ત વિઠ્ઠલ પાડે
ધ્યાન ચૂકાવી નામ મુકાવી નારી કહે છે મણિ ક્યાંઈ
ઉત્તર સીધો દીધો મેં તો નાંખ્યો આ પાણીમાં
પોક મુકી છાતી કૂટી હૈયા ફુટી બન્ને નારી
ધાઈ કમલજા પતિને છેડી લાવી થઇ દુઃખીઆરી
વળગ્યાં બન્ને નામાજીને મણિ છુપ્યો રાખી ક્યાંઈ
જુઠું બોલી વૃથા જપ કરવા બેઠા બગ સાથે

શિખરિણી

કીધાં લોકો ભેળાં, ફરી ફરી સુણાવી બની બીનાં;
તમે કેવાં ઘેલાં, મણિ દઈ દીધો ખાતરી વિનાં;
છુપાડ્યો છે નક્કી, દુરજન કહે દાપ ધરીને,
વધા વાકતે જક્કી, દ્વિજ થકી ખરૂં સત્ય ફરીને.

પદ—'ગમ ન પડે' એ રાગ

જગતમણિના બણી ખાસ દાસ,
હજી પારસમણિમાં શું ગુંચાઓ પ્યારા દ્વિજવર. જગ'

કહેવાતા વિરક્ત, છો શું ધનના ભક્ત,
આવા થઈ આસક્ત, જગતધણીને ચાહો. ૯૬૦
નથી કોઇનો ત્રાસ, છઉં સદા ઉદાસ;
છતાં આ શું દાસ પથરાના બણી જાઓ. ૯૭૦

શાર્દૂલ છંદ

એ વાણી સુણતાં જનો વલી વદ્યાં, આ તો ઠગાઈ જુઓ,
શી યુક્તી મણિ રાખવા તણી કરે, લોભાઇ ભાઈ જુઓ;
બોલ્યા આપ અચિત છે મણિ દીધો, નાંખી નદી નીરમાં,
શોધે તે શી રીતે ચિતે નવ ખરૂં, માને ઉભા તીરમાં.

'લક્ષ્મીનારાયણ' એ રાગ

ઊઠી ઝટ નામે ભરી મુંઠી જળમાંથીરે;
કાંકરી આકરી આણી યુક્તિ કરી ત્યાંથીરે. ઉઠી૦
દેખાડી દ્વિજને કહ્યું પારસ આ ભોળારે;
તારા હોય તે તું ઉપાડી લે આપા પ્હેલારે. ઉઠી૦
જન શું જુએ પારસમણિ બધા ભારેરે;
ભજન મણિ પાસે પથ્થરના શા ભારેરે? ઉઠી૦
જનો પડયાં પદે પરચો ભક્તનો ભાળીરે;
દ્વિજને કહે લે તારો મણિ તું સંભાળીરે. ઉઠી૦
હરિને ખજાને કદી નહિ ખોટ આવેરે;
ઉપાડ જોઇએ એટલા ફરી નહિ ફાવેરે. ઉઠી૦

'હોજો ક્ષમા કરો' એ રાગ

ભાગવત બ્રાહ્મણ ભાવે, પીગળી ગયો પરચા પ્રભાવે, ૨૬૦
મહાશ્રમથી મણિ એક હું પામ્યો, આ તો નવા ઉપજાવે. પી૦
ચોરી જેવી રીતે રાખીએ સેવી, એવી રીતે કોણ ફાવે? પી૦
સાચા મણિ રૂક્મણિના ધણી છે, એના સદૃશ કોણ આવે! પી૦

દોડીને મોકલે નોતી જગજીવન, પંડે પૂરી પુરા બાળી
નાગે નિરાશ ગઈ સ્વધામારો, સાથાં સભાગીજ ફરી
મન્ય નામાનાં કામો અને નિશ્ચય, જગપતિએ ન ગણી

'મણી રંગીલી બાગ' એ રાગ

આવી કાર્તિકની એકાદશી, એક વેળારે;
હતા નામદેવ ઉપવાસી છક રહેલારે.
જનમી જેણે ઉપવાસ, એકે ન છાડયોરે;
નિયમો પાળે સાચુ ખાસ, એકે ન તોડયોરે.
હરિ આવ્યા ત્યાં તેડવા, નામાને કહે ચાલ;
જમીએ સ્નેહે સંગમાં, આજ અનુપમ થાળ.
નામો કહે જગરાજ આજ, આપ આરોગોરે;
મુજથી ન કરાય એ કાજ, વધે ભવ રોગોરે.
ખાઉં શું ખાવા ન દઉં જ, હું તો આજેરે;
સમજાવ્યો બહુ બહુ ભાત, તવ જગરાજેરે.
રૂકમાંગદ અંબરીષથી, સતયુગમાં વ્રત થાય;
કલિયુગમાં દ્રઢતા ખરી, કોઇથી કેમ રખાય.
કહે નામો આપ પ્રતાપ, નિશ્ચય રહે છે રે;
ઉપવાસ ઉલ્લાસની સાથ, દાસ કરે છે રે.
નિશ્ચય પદકંજ પ્રભાવથી ન ફરે છે રે;
જે ન હોય કરૂણાપાત્ર તેજ હરે છે રે.
તમે મને જમવા કહો, હું ન કહુ કોઈ કાળ;
આપું ન મુઠિ અંન પણ, ભલે થાય મુજ કાળ.
હરિ કહે છું મુજ પ્રિય, જોઈ કહું પ્રેમે રે;
નામો કહે કહું ન કદીજ હું તો કેમે રે.
દુઃખ કરનો ફરમાન એ વ્રત માથે રે;
હરિ કહે દિલ કરૂણા સ્થાન ડગતું જાતે રે.



श्री जनुबाई–आख्यान

[विषय–अद्भुत प्रभुभक्ति]

પૂર્વરંગ

પદ–રાગ ઝીંઝોટી

ાર કરો હરિ, પ્યાર કરો હરિ, નિજજનનો બેડો પાર કરો હરિ.
ગત જાત ગુણજ્ઞાનની ન તમા, સહુના સમ સુખકાર હશે હરિ.
તુ એ તેથી કહે હેતેથી, એજ રીતેથી સ્વીકાર કરો હરિ.
વ્હાર કરો હરિ. ટેક.

શ્રીહરિ એટલે જગતના કોઇ પણ શરણાગત પ્રાણીના સર્વ
દુઃખોને હરનાર સત્ય સ્વામી. આ સમસ્ત જગત વસ્તુતઃ તેમનું
છે, એટલે તેમાંની કોઇ પણ વસ્તુને તે સંભાળે–બચાવે–રક્ષે
એમાં આશ્ચર્ય નથી; અને તેથીજ તેમની સમગ્ર પ્રજામાંથી જે
કોઇના પર કોઇ સંકટ આવે ત્યારે શ્રીહરિનું જો સ્મરણ કરે તો
અવશ્ય સંકટમાંથી મુક્ત થાય છે; અર્થાત્ શ્રીહરિ પોતેજ તેનાં
સંકટો દૂર કરે છે. મનુષ્ય માત્રને પ્રભુએ સ્વતંત્રતા આપી છે,
તેથી હરકોઈ સંકટના સમયે અથવા ગમે તે પ્રસંગે પ્રભુસ્મરણ
મનુષ્ય પોતેજ સ્વતંત્ર છે; એટલે કોઇની પ્રેરણાથી
ની શોધક બુદ્ધિથી મનુષ્ય જો પ્રભુશરણ ન લે તો


મદદ ન મળી તો આપ ઉપાડી, લઈ આવ્યા મૃત કાયા,
ભીમા તીરે ચીતા રચી શબ, નહેવરાવ્યું ખુદ ન્હાયા,
અગ્નિ મુકયો ઊચરી મુખથી; જય શ્રી વિઠ્ઠલરાયા.

'મન કર્મ વાણી' એ રાગ

અહા ! ચિતામાંથી ઊઠયા એ દ્વિજ રાયા રે;
ઊઠ્યા એ દ્વિજ રાયા રે, વિઠ્ઠલજી જણાયા રે.
રૂપ ચતુર્ભુજ શંખ ચક્કર, પુંડરીનાથ પુરા પરખાયા રે.
ભક્તવિરક્તપ્રેમ આસક્તે ક્ષમા માગીને શ્રીમતપદરહ્યા રે.
હરિકહેનામાજીથયાતમેતો, અંબરીષરૂકમાંગદધીરાયા રે,
તમે ઝીલ્યા ને અંતે હુહાયો, વધા સૌ સુણતાં એ જગરાયા રે,
અંતરધ્યાન થઈ ગયા ત્યાં હરિ, નિંદક જન અતિશય પસ્તા
ભક્ત હૃષ્ટ થઈ આવ્યા ભુવને, નત્ર અભડાયા નહિ પછી ગ
આપો દિવસ રાત અનુપતિના, અતિ ભક્તિ ખુબ ગુ.

માટેજ કહ્યું છે કે:—

સાચા સંત ખરે બેપરવા, ખરે બેપરવા ધરે બેપર
ધર્મ ત્યાગ ભય લાલચ પ્રભુની, અવર આશાત્રાસથી અ



श्री जनुबाई–आख्यान

[विषय-अद्‌भुत प्रभुभक्ति]

પૂર્વરંગ

પદ-રાગ ઝીંઝોટી

વ્હાર કરો હરિ, પ્યાર કરો હરિ, નિજજનનો બેડો પાર કરો હરિ,
જગત જાત ગુણજ્ઞાનની ન તમા, સહુના રામ સુખકાર [illegible] હરિ,
અતુ એ તેથી કહે હેતથી, એજ રીતથી સ્વીકાર કરો હરિ,
વ્હાર કરો હરિ. [illegible]

શ્રીહરિ એટલે જગતના કોઇ પણ [illegible] દુઃખોને હરનાર સત્ય સ્વામી. આ [illegible] છે, એટલે તેમાંની કોઇ પણ વસ્તુને તે [illegible] એમાં આશ્ચર્ય નથી; અને તેથીજ [illegible] કોઇના પર કોઇ સંકટ આવે [illegible] અવશ્ય સંકટમાંથી મુક્ત થાય [illegible] સંકટો દૂર કરે છે. મનુષ્ય [illegible] તેથી હરકોઇ સંકટના [illegible] કરવામાં મનુષ્ય પોતેજ [illegible] અથવા પોતાની [illegible]

કરતા નથી.]

વગર કહે અથવા વિના પ્રાર્થનાએ પ્રભુ વહાર કરતા નથી. કોઇ સ્ટ
ગામમાં કે શહેરમાં અથવા ગામની આસપાસના કોઇ સ્
જ્યારે ચોર લોકોની ધાડ પડે ત્યારે જેઓનું કંઇ લૂંટાં
હોય તે લોકો જો બૂમો પાડે તોજ તેમના રક્ષણ માટે આસ
કોઇ રક્ષણ કરનાર આવી ચડે છે અથવા રાજ્યનું પોલી
પણ ફરિયાદીની ફરિયાદ નોંધ્યા પછીજ બદમાશોને
કાઢી, તેઓએ લૂંટેલો માલ પાછો કઢાવી, યોગ્ય શિક્ષા
આદીને પેલા ફરિયાદીની વહાર કરે છે. આમ હરકોઇ
સંકટમાં આવેલો મનુષ્ય જો પોતાનાં સંકટ માટે બીજાને
સર કહે છે તોજ તેની વહારે બીજાઓ દોડી જાય છે.
નામ 'વહાર' કરી કહેવાય છે. કોઇ ગામ વગેરે જ્યારે
આવી પડે છે ત્યારે તેને દુઃખમુકત કરવાને જેઓ
છે તેઓએ એ ગામની 'વહાર' કરી એમ સાધારણ
શબ્દપ્રયોગ જે અર્થમાં વપરાય છે તેજ અર્થમાં અહીં
કરો હરિ' એ શબ્દપ્રયોગ કર્યો છે. અર્થાત્ કોઈને
આવે તોજ તે સામર્થ્યવાન વ્યકિત કે રાજકીય શકિત
છે, તેવું જ શ્રીહરિના સંબંધમાં છે. માત્ર તફાવત એ
કે, જગતમાંનો કોઇ વહાર કરનારો દુઃખીના કહેવા
દુઃખ જાણે છે, ત્યારે સર્વજ્ઞ શ્રીહરિ તો દુઃખીના
સર્વ પ્રસંગોને યથાસ્થિત જાણે છે; પણ તે દુઃખી પ્રાણી
દુઃખ દૂર કરવાને પોતાને બોલાવે છે કે નહિ, એમ
જોયા કરે છે. એ દુઃખી પ્રાણી પ્રભુને પડતો મૂકી
દુઃખને પોતે ભોગવવા પડ્યોજ રહે છે તો પ્રભુને
પડી નથી, એ વાત પણ ધ્યાનમાં લેવાની છે. હરકોઇ
પ્રાણી પોતાને દુઃખમુકત કરવા પ્રભુને પોકારે છે ત્યારે
નાત, જાત કે ગુણગાન તરફ પ્રભુ જોતા નથી; માત્ર

જરૂર જુએ છે કે આ પ્રાણી પર જે સંકટ આવ્યું છે તેમાં સહાય કરવાની જરૂર છે કે નહિ? એ તેનું સંકટ તેના અપરાધની શિક્ષારૂપે જો હોય તો તેમાં પ્રભુ સહાયક નજ થાય. ઇરાદાપૂર્વક કોઇનું ખૂન કરીને પછી પોતાને યોગ્ય તપાસ પછી રાજા તરફથી ફાંસીની સજા થાય ત્યારે અપરાધી મનુષ્ય પ્રભુને પોકારે તો તેમાં કંઇ નજ વળે. છતાં પ્રભુ દયાળુ છે; પોતાના સ્મરણને છેક નિષ્ફળ તો નથીજ કરતા. એટલે અપરાધી મનુષ્ય પણ પોતાના અપરાધ બદલ પશ્ચાત્તાપ કરીને પ્રભુશરણ સ્વીકારે તો તેના અપરાધની પણ ક્ષમા આપીને પ્રભુ તેને પણ યોગ્ય પ્રમાણમાં સહાય કરેજ છે. ધર્મશાસ્ત્રોમાં આ વિષય પર ઘણોજ આગ્રહ કરવામાં આવ્યો છે કે શરણાગતનું રક્ષણ કરવું, એ અતિશય મહાન ધર્મ છે. જે પ્રાણી ઉપર દુઃખ આવે છે તેજ શરણે આવે છે અને તેવા શરણાગતનું પોતાના મસ્તકના જોખમે પણ રક્ષણ કરવું જોઇએ એમ શાસ્ત્ર કહે છે; અને તેમ કરવામાં સર્વોત્કૃષ્ટ અમોઘ ફળ પ્રાપ્ત થાય છે; એમ દર્શાવવા ઉપરાંત સાથે સાથે એ પણ જણાવ્યું છે કે શરણાગતનું રક્ષણ કરવા માટે પોતે સશક્ત હોય છતાં જો રક્ષણ ન કરે તો તે મહાન પાપનો ભોક્તા બને છે. જગતનાં પ્રાણીમાત્રને પરસ્પર રક્ષણ કરવા માટે પ્રભુએ પરસ્પર બાંધ્યાં છે, એમ આ શરણાગત-રક્ષણનું રહસ્ય છે. 'એક બીજાની સહાયથી બન્યાં રૂડાં ઘર-[illegible]' એ વાક્યમાં આ ધર્મનું સ્પષ્ટ સૂચન છે. ભગવાન પોતે [illegible]હાન ધર્મનો જગતમાં પ્રચાર કરવા માટેજ પૃથ્વી પર [illegible], જે ધર્મમાં નાતજાત વગેરે કંઈ પણ તપાસવાનું [illegible]ી; એટલું જ નહિ પણ કોઇ દુઃખી મનુષ્ય મોટો અપ[illegible] તે અપરાધની ક્ષમા માગતો અંતઃકરણપૂર્વક [illegible]ય તો તેનું રક્ષણ કરવું એ દરકોઇની

પવિત્રમાં પવિત્ર પહેલી ફરજ છે. આ મહાન ફરજ આજે
રણસંગ્રામ વગેરે વિકટ પ્રસંગે પણ યથાસ્થિત પળાય
જ્યાં રક્ષણનો વાવટો ફરકાવવામાં આવ્યો કે ઘોર યુદ્ધ
પડે છે અને સામો શત્રુપક્ષ ગમે તેટલો અપરાધી હોય
તેના રક્ષણ માટે યોગ્ય પગલાં લેવાય છે. જેઓ શરણે
તેઓને કોઈ જાતની તકલીફ ન થવી જોઈએ, પણ
તેમને તો સાચા મહેમાન ગણવા જોઈએ, ત્યાંસુધીનું
ધર્મનું પાલન અદ્યાપિ જોવામાં આવે છે. એટલું જ નહિ
શરણાગતોને લેશ પણ તકલીફ આપવામાં આવી, એમ
થતાં તે માટે યોગ્ય તપાસ ચલાવી તકલીફ આપનારાઓને
શિક્ષાઓ થતી જોવામાં આવે છે. આવું તે ધર્મનું પાલન
લોકો જો કરે છે તો એ ધર્મનો આદ્યસ્થાપક પ્રભુ પોતે
કેમ ન પાળે? માટેજ શાસ્ત્રો એ ધર્મ પર ભાર મૂકે છે
વેદાંતશાસ્ત્રમાં એજ ધર્મને અમોઘ સમજી 'મુમુક્ષુર્વૈ શરણ
પ્રપદ્યે-હે પ્રભો! હું મુમુક્ષુ આપને શરણે આવ્યો છું'
પ્રભુનું શરણ લેવા માટે મુખ્યત્વે સૂચવવામાં આવે છે
આવું શરણ લેનારને દુઃખમુક્ત કરનાર પ્રભુને 'સંસારમો
નિબંધહેતુઃ। સમસ્ત સંસારને દુઃખથી છોડવામાં,
તથા બાંધવામાં કારણરૂપે કહેવામાં આવે છે. પ્રભુમાં
સામર્થ્ય છે કે નહિ, તેની સાબિતી માટે પણ શ્રુતિઓ કહે છે
'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै'
સૃષ્ટિની આદિમાં બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યો છે અને તે બ્રહ્માને
વેદો આપ્યા છે.' આવા બ્રહ્માના પણ આદિગુરુ તે દેવાધિદેવ
સર્વ પ્રકારે સંપૂર્ણ સમર્થ છે, એટલે તે શ્રીમન્નારાયણ-શ્રી
જ તેજ માગ્યા છે ... સમજીનેજ પ્રત્યેક મુમુક્ષુ
નારાયણનું નામ

–'વહાર કરો હરિ.' આમ જેવું હૃદયથી કહ્યું કે તુરતજ
विर्भर्ता प्रभुः साक्षी निवासः शरणं सुहृत्–એ પ્રભુ શરણ્ય,
ારક, પોષક, રક્ષક, સાક્ષી, નિવાસસ્થાન, શરણરૂપ અને સન્મિત્ર
ની રહે છે.' ભગવદ્‌ગીતામાં ભગવાન પણ અર્જુનને એજ કહે
–' मामेकं शरणं व्रज–કેવળ એક મારેજ શરણે તું આવી
ત' આવું અભય વચન કહીને પુનઃ ખાત્રી આપે છે–' अहं त्वा
र्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः । હું તને સર્વ પાપોથી
છોડાવીશ, શોક કર મા.' આમ સ્વયં શ્રીમુખે વદીને પ્રભુ
એમજ કહેવા માગે છે કે તમે મને એટલુંજ માત્ર કહો—
'વહાર કરો હરિ.'

શ્રીમદ્ રામાયણમાં પ્રભુ શ્રીરામચંદ્રે અનેક મહાઅપરાધી શરણાગતોનું રક્ષણ કરેલું જણાવવામાં આવેલ છે. ઇન્દ્રપુત્ર જયંતે ખુદ શ્રીરામપ્રભુનોજ અતીવ અસહ્ય અપરાધ કર્યો છે છતાં તે જ્યારે શરણે આવ્યો ત્યારે તેને રક્ષણ આપ્યું છે; ઉપરાંત જે વેળા વિભીષણ શરણે આવેલ છે તે વેળા શ્રીરામપ્રભુએ સ્વમુખે કહ્યું છે કે, તું તો શું ? પણ મારો મહાન અપરાધી રાવણ પણ જો શરણે આવે તો જરૂર હું તેને અભય આપું છું. તેના કારણમાં પોતેજ શ્રીમુખે કહે છેઃ—

सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ॥

'હરકોઈ પ્રાણી માત્ર એકજ વાર મારે શરણે આવ્યો હોય
ને 'હું તમારો છું' એમ મને કહી રહ્યો હોય તો હું તેને
રકોઇથી અભય આપું છું–આ મારૂં મત છે.' અરે ! એક બાજુ
ાખું જગત જેને દુઃખ દેવા તૈયાર થયું હોય તેવી એકજ વ્યક્તિ
ે પ્રભુશરણ સ્વીકારે તો 'એક ગમ ગામ ને બીજી ગમ રામ'–

[illegible]

[illegible]

જેમ જેમ પોતાના કરતાં ગુણ રૂપ વગેરે વિશેષ હોય [illegible] તેમ પ્યારનું સ્થાન પણ વધુ બને છે, પણ તેથી ઊલટું [illegible] જેમ કુરૂપ અને દુર્ગુણ અથવા અનાવડત હોય તેમ [illegible] પ્યાર અતિશય ઓછો અથવા લેશમાત્ર ન હોય એમ પ્રત્ય[illegible] દેખાય છે; છતાં પ્રભુના સંબંધમાં તેમ નથી. તે તો ગમે તેવું [illegible] વહાર કરે છે ને ગમે તે પોતાને ચાહનાર હોય તેના પર તે[illegible] ચાહના કરતાં અતિશય અધિક ચાહના કરે છે—પોતાની અતિશય પ્રિય વસ્તુ કરતાં પણ તેને વિશેષ પ્રિય ગણે છે. જેમ કોઈ મહારાજા પોતાના કોઈ સામાન્ય સેવક પર સામાન્ય સ્નેહ રાખે

, ત્યારે પોતાના ખાસ મંત્રી પર તેથી વધારે સ્નેહ બતાવે છે, મ પ્રભુના સંબંધમાં નથી. પ્રભુ તો પોતાને ચાહનારો કંગાલથી ણુ કંગાલ હોય છતાં તેના પર બુદ બ્રહ્મદેવ કરતાં પણ વિશેષ પ્રેમ શાવે છે. આ અનુભવ બુદ બ્રહ્મદેવને આ પ્રમાણે જ્યારે થયો—

ગ્વાલ બાલમંડળી મળીને બેઠી ગોળાકાર,
સૌની વચમાં બેઠા સ્નેહે, સૌના પ્રાણાધાર.
શ્રીયમુના તીરે, મળી મંડળી ધીરે,
ગોઠ કરી, મોદભરી, શ્યામ શરીરે;
ચાખી ચખાડે ખાઈ ખવાડે વખાણ કરતા જાય;
સૌ સ્નેહે સેવે શ્યામળને ઠઠ્ઠા મશ્કરી થાય.

ત્યારે ભ્રાંતિ થઇ અને ભ્રાંતિ જ્યારે ભાંગી ત્યારે સર્વના સ્રષ્ટા બ્રહ્માના મુખમાંથી પણ આ શબ્દો સરી પડ્યા કે:—

अहोभाग्यमहोभाग्यं नंदगोपव्रजौकसाम् ।
यन्मित्रं परमानन्दं पूर्णं ब्रह्म सनातनम् ॥

'અહો ! અહો ! આશ્ચર્ય ! નંદરાય, ગોવાળીઆઓ તથા સમસ્ત વ્રજવાસીઓનું ભાગ્ય અતિશય સ્પૃહા કરવા યોગ્ય છે; કારણકે પરમ આનંદસ્વરૂપ સનાતન પૂર્ણ બ્રહ્મ પરમાત્મા પોતે તેઓના મિત્ર છે.' એજ પ્રકારના તુલસીદાસજીના આ શબ્દો જુઓ:—

प्रभु तरुतर कपि डार पर सो कीये आप समान ।
तुलसी कोई न रामसे साहेब नेहनिधान ॥

'અહો ! કોટિ બ્રહ્માંડોના સર્વોચ્ચ નાયક અથવા અધિપતિ ક્યાં ? અથવા (લૌકિક દૃષ્ટિએ) સમસ્ત ભૂમંડલના સ્વામી એક ચક્રવર્તી મહારાજકુમાર ક્યાં ? અને વનવગડામાં

ભટકતાં શુદ્ર વાંદરાં કયાં ? જેઓમાં તત્ત્વલેશ વિવેક નથી તે
સર્વેશ્વર મહાપ્રભુ વૃક્ષની નીચે બેસી રહ્યા છે ત્યારે :
અને મહારમતિયાળ તેમજ વિવેકભ્રષ્ટ જણાતી
ટોળી તેમના મસ્તક પરજ ઝાડનાં ડાળાં ઉપર કુદાકુ
મૂકે છે. તેઓને પણ એ દયાનિધાન દેવ પોતાના પરમ
ગણે છે; તેમાં પણ કેવળ હનુમાન કે સુગ્રીવનેજ નહિ,
સમસ્ત પોતાની સમીપ રહેનારી વાનરજાતિને તેવાજ
ભાવે માને છે, એટલુંજ નહિ પણ છેવટે યુદ્ધવિરામ
સર્વને સજીવન કરે છે, એ દૃઢ દૃષ્ટાંતો જોઇને તથા અ
નેજ અહીં કહેવામાં આવે છે, ' વહાર કરો હરિ ' અને
કરો હરિ. ' અરે ! માત્ર શુદ્ધ હૃદયથી એ પ્રભુને પોતાન
તરીકે સ્વીકાર્યા કે, ' નિજજનનો બેડો પાર કરે હરિ.' પ્ર
પ્યાર જગતના લોકોના પ્યાર જેવો સ્વાર્થી હોતો નથી
નિઃસ્વાર્થ હોઈને પોતાના પર સ્વાર્થી પ્રેમ રાખનાર
' બેડો પાર કરે. ' સકામ ભક્તો જે કંઇ ઇચ્છે છે તે
છે. નિષ્કામ ભક્તો કંઇ ઇચ્છતા નથી તોયે તેનાં સર્વ
ભાર પ્રભુ પોતેજ ઉઠાવી લે છે; એટલે તેમની પાસે
કે ન માગો, પણ જેવો શુદ્ધ પ્રેમ વ્યક્ત કર્યો કે અ
હજાર સ્ત્રીઓએ પોતાના પતિ તરીકે પ્રભુને ઇચ્છ
કરીને તેટલાં સ્વરૂપો પ્રભુએ સ્વીકાર્યાં. સુદામાની પ
પૂર્વક કાચા મુઠ્ઠીભર ચોખા મોકલ્યા અને પોતાના
દૂર કરવા માગ્યું, તો પ્રભુએ તેટલાથી પણ પ્ર
અપાર સમૃદ્ધિ અર્પણ કરી દીધી. દ્રૌપદીએ ર
પોતાની લાજ રાખવા પ્રભુને સંભાર્યા કે તેજ ક્ષણે
ચીર પૂરી દ્રૌપદીની લાજ રાખી. એમ સ્વાર્થ આ
સ્મરણ કર્યાં છતાં તેઓનાં કાર્ય પ્રભુએ કર્યાં છે; તે

ાર્થભાવે નિષ્કામપણે પ્રભુસ્મરણ કરે અને શુદ્ધ પ્રભુપ્રેમ ા કરે તેઓને પ્રભુ ન્યાલ કરે, સંસારથી તારે અથવા તેઓનો પાર કરે, એમાં આશ્ચર્ય શું છે? ખરેખર એ મુશ્કેલ તો કારણકે અનાદિ કાળથી દેવો ને ઋષિઓ જેવા પણ માયા- નમાં ફસેલા છે. અનાદિકાળથી જીવને વળગેલું બંધન એક- છૂટવું, તે અતિશય કઠિન છે, એટલે નિષ્કામ ભાવ સહજ ત્વર આવવો તે સરળ તો નથી, તોયે યથાશકય પ્રયત્ન કરી, ાનું બને તેટલું બંધન ત્યજતા જવું અને ક્રમશઃ તેથી છૂટીને ુ જેવા થવાને ચાહના કરવી, પ્રભુનુંજ શરણ સ્વીકારવું; ટલે ધાર્યા કરતાં અલ્પ કાળમાં અથવા અતિશય તમન્ના ાગે તો તેજ ભવમાં માત્ર હૃદય શુદ્ધ થતાં સદાને માટે પ્રભુ ાાશબંધનથી મુક્ત કરે છે, સ્વસદૃશ બનાવી દે છે. આ પ્રભુના ેવી ઉદારતા છે? કેવી વડાઇ છે? સહેજ શરણ લેતાંજ પોતાના ેવા બનાવી દે, એવી બાંહેધરી આપતાં ખુદ ભગવાન ીતામાં કહે છેઃ—

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यंते मायामेतां तरन्ति ते ॥

'આ ગુણમય એવી મારી દૈવી માયા ખરેખર દુર્લંઘ્ય છે– ટલી મુશ્કેલ છે, છતાં જેઓ મારેજ શરણે આવે છે તેઓ આ માયાને તરી જાય છે–માયાથી મુક્ત થઇ અને પામી શકે છે.' એટલે જેઓ તે પ્રભુને વરે તેઓ ન્યાલ કરે એમાં કંઇ પણ આ- શ્ચર્ય નથી. શ્રુતિ પણ આ વાતને સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છેઃ—

यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम्।

'આ પરમેશ્વર જેને પોતાનો કરીને સ્વીકારે છે, તેને પોતે પ્રાપ્ત થાય છે અને તેની આગળ પોતાનું શરીર પોતે પ્રકટ કરે

છે—ભગવાન્ પોતાના ભક્તજનને સત્ય આત્મસાક્ષાત્કાર કરાવે છે.' તેને પોતાની સર્વ વિભૂતિઓ અર્પણ કરી દે છે, એટલુંજ નહિ પણ પોતે ભગવાન તેને વશ થઇ રહે છે એટલે 'ભક્તિ ક્રીતો જનાર્દનઃ । ભક્તિથી ભગવાન ખરીદાઇ જાય છે.' આ કંઇ એક અસંભવિત છે, એમ લેશમાત્ર સમજવાનું નથી. તે બતાવવા માટે આ કલિયુગના સમયમાં થોડાજ સૈકાઓ પહેલાં ગુજરાતમાંજ એક ગામડાની અંદર એક ગામડિયણ ભક્તિની સેવામાં સોનાની વાળીનું નિમિત્ત કરી પોતે અતુલ ભાવથી 'તુલસીના પત્રે તોળાણા' અને તેના પ્રતાપે તે દેશના તથા વંશપરંપરાના તારક બની સૌ કોઇનો બેડો પાર કરવાને પ્રભુ પોતે ડાકોરના ઠાકોર થઇ અદ્યાપિ બિરાજ્યા છે. તો એમાં કંઇ નવાઇ જેવું નથી, અને અસંભવિત પણ લેશમાત્ર નથી; એ માગો કે 'નિજ જનનો બેડો પાર કરો હરિ.' અને તેમાં સંશયજ નથી કે, 'દુઃખ ટાળે, સુખ આપે, ને સદા એ રખવાળે, પરમાનંદ આપે' એવા પરમ ઉદાર પ્રભુ છે. શ્રુતિ આરંભકાળથીજ તપાસીએ તો એવા પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ કોણ છે? કેવા છે? તેની ઓળખાણ આપતી શ્રુતિ પ્રમાણભૂત આ રહી:—

यतो वा इमानि भूतानि जायन्ते येन जातानि जीवन्ति ।
यत्प्रयन्त्यभिसंविशन्ति तद् विजिज्ञासस्व तद् ब्रह्मेति ॥

'જેમનાથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેમનાથી ઉત્પન્ન થયેલાં આ પ્રાણીઓ જીવી રહ્યાં છે, જેમને પામી રહ્યાં છે અને અંતે જેમાં સર્વ તરફથી લય પામી જશે તેજ એ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ છે–એજ સર્વના નિયંતા પરમેશ્વર છે. તેને તું જાણ, ઓળખ.' તે કેવી રીતે? જો વખતે આપણે

હાથ, પગ કે હૃદય વિનાના હતા; જે વેળા આકાશ, પાતાળ કે પૃથ્વી એમાંનું કંઇયે ન હતું, તે વેળા કોઇના પણ કહ્યા કે ચહ્યા વિના તેમણે સમગ્ર બ્રહ્માંડની કેવળ પોતાના સંકલ્પના બળથી કોઇની સહાય વિના રચના કરી છે; તેમજ સમસ્ત ચેતન વર્ગની સગવડ માટે તેમણે સમગ્ર પદાર્થો નિપજાવ્યા છે. આપણા પોતાનીજ વાત કરીએ તો કેવું સુઘડ ને સગવડવાળું આપણું આ શરીર તેમણે આપણી માતાના ઉદરમાં રચી આપ્યું છે! એટલે સમગ્ર વિશ્વનો સાચો કર્તા તો તે એકજ છે. તેજ પ્રભુ આપણને પ્રાણ, પાણી, ગરમી વગેરે આપે છે; જઠરમાં અગ્નિ સ્થાપીને આપણા ખાધેલા ખોરાક પચાવે છે; અન્નજળ પૂરાં પાડે છે; અને એ રીતે એજ પ્રભુ આપણો ભર્તા-પોષક છે. અંત સમયે વૈદ્ય કે પથ્ય કશાંનું કંઈ ચાલતું નથી ને મરવું પડે છે, તે પણ તેજ પ્રભુએ નિર્માણ કરેલું હોય છે. આથી જીવનકાળમાં તેમની આજ્ઞાનું જો યથાસ્થિત પાલન કર્યું હોય તો એ દયાળુ પ્રભુ આપણને સદાને માટે પોતાની સમીપ પરમપદમાં રાખે છે. એ સર્વરક્ષક પરમેશ્વર, પ્રત્યેક જીવને માતાના ઉદરમાંથી બહાર કાઢે છે; તે વેળા ‘ વહાર ’ કરે છે; જીવનકાળે પ્યાર કરે છે અને અંતે મુક્તિ આપી બેડો પાર પણ કરે છે. આ વાત લક્ષ્યમાં રાખીને અમે પણ ગાયું છે કેઃ—

પદ-રાગ કાફી

પ્રભુજી સમ ઉપકારી નવ કોઈ રે.
ખાવા પીવા એજ આપે, આધિવ્યાધિ એજ કાપે;
વિપત્તિમાં આંસુ લોહી રે, પ્રભુજી સમ ઉપકારી નવ કોઇરે.
સુમાર્ગે એજ વાળે, ભુંડી ટેવો એજ ટાળે;
એજ નાંખે પાપો ધોઈ રે. પ્રભુજી૦

હિત કરે વિના માગે, માગ્યું મુકે મુખ આગે;
કરી આપે સહુ સોઈ રે. પ્રભુજી૦
ક્ષણ પણ ન વિસારે, કોપ નવ ઉર ધારે;
દોષો દુર્મતિ જોઈ રે. પ્રભુજી૦
એવા સાચા સુખકારી, સાચા અઘ દુઃખહારી;
જાણી અનુ ગયો મોહી રે. પ્રભુજી૦

આ માત્ર એક ગાણું છે એમ નથી, પણ અનુભવપૂર્વક એક કથન છે; પ્રભુના સત્ય ગુણોનું વર્ણન છે. પરમેશ્વર સમગ્ર કલ્યાણકારી ગુણોના નિધાન છે; એમ હરકોઇ શાસ્ત્ર કહે છે, પણ એ વાત સિદ્ધ ક્યારે થાય છે કે, જ્યારે જગતનો જનક મૂલ તે વાતનો અનુભવ કરે અને દુઃખી જનવર્ગ એ દયાળુ પ્રભુનું શરણ લઇ દુઃખમુક્ત થઇ અનુભવે ત્યારે. શ્રીકુરેશસ્વામીએ તેથીજ કહ્યું છે કે:—

વસંતતિલકા

વિશ્વો સુજે ચલવતા વળી સંહરો તે,
વ્હારે ગજેન્દ્ર તણી દોડી ગયા શું પોતે;
દીધું ત્રિલોકમહીં ખ્યાતજ એથી એવું,
સ્વાશ્રિત વ્હાર કરવા ચિત્ત ચાહો કેવું.

જે સર્વેશ્વર પ્રભુ માત્ર સંકલ્પ બળથી અનેક કોટિ બ્રહ્માંડોને સર્જે છે, પાળે છે ને સંહારે છે, તેમને એક હાથીને મગરથી બચાવવાને જાતે દોડી આવવું પડે, તેનો અર્થ શો છે? તે હાથી પૂર્વજન્મનો એક અવતારી હતો; તેને પ્રથમ તો પોતાના પૂર્વજન્મનું ભાન ન હતું, પણ આખરે પોતાનો અંતકાળ છેક સમીપ આવ્યો ત્યારે તે ભાનમાં આવ્યો, પૂર્વજન્મનું તેને સ્મરણ

દેવતાઓની પણ સંભાળ લીધી; તેમજ મનુષ્યોની અંદર પણ ઈક્ષ્વાકુવંશમાં તથા યદુવંશમાં પોતાનો જન્મ થયો એમ કહેવરાવ્યું. આવો તે પ્રભુનો સ્વભાવ તથા પ્રભાવ સર્વવિદિત હોઈને સર્વને હિતકારી છે અને તે એમનાં ચરિત્રોમાં ભરપૂર દેખાતો હોઈ શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. તે તે સર્વમાંથી સાર તો આજ તરવરી નીકળે છે કે, 'વ્હાર કરો હરિ, પ્યાર કરો હરિ, નિજ જનનો બેડો પાર કરો હરિ.'

પ્રભુના બનાવેલા દેવો તથા મનુષ્યો પણ એક બીજાની વહાર કરી અન્યોન્ય જો પ્યાર કરી શકે છે તો પ્રભુ પોતે શું ન કરી શકે ? એ સર્વશક્તિમાન છે, સર્વનું સર્વ કંઇ કરી શકે છે. એ તો અનંત ઉદાર છે, એટલે બધાંને બધું આપી દેવાની ઉદારતા કરી શકે છે. મનુષ્ય કોઈનો બેડો પાર કરે તો પોતાના ગજા પ્રમાણે કરી શકે છે; દેવો કોઈનો બેડો પાર કરે તે પણ તેજ પ્રમાણે. વિશેષમાં કદાચ પોતાના દેવલોકમાં પોતાના સેવક તરીકે અમુક કાળ સુધી રાખી શકે છે, પણ પાછા તો ઠેરના ઠેર. 'क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति–પુણ્ય ખૂટ્યાં એટલે પાછા મનુષ્યલોકમાં પડવાનું રહેજ છે.' જન્મમરણની ઘટમાળથી મુક્ત કરવાને કેવળ પ્રભુ વિના કોઈ પણ સમર્થ નથી, એટલે સાચો બેડો પાર તો કેવળ એક પ્રભુજ કરી શકે છે. એજ વાત સ્વમુખે ભગવાન ગીતામાં કહે છેઃ—

आ ब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥

'હે અર્જુન! બ્રહ્મલોક સુધીના લોકમાંથી અને તે લોકમાં જઈએ, પણ ત્યાંથી પાછા ફરવાનું રહેજ છે—જન્મમરણનો ફેરો તો કોઈ પણ દેવલોકમાં જઈને ટાળી શકાતો નથી; માત્ર મારે

રહ્યો છે અખિલ દેશમાં સામાર્ગ

આવે પ્રસંગે સમસ્ત વિશ્વમાં જાહેર કરવું જોઇએ કે, સર્વનો નિયામક અને પરમેશ્વર છે તે કેવો છે? કોણ છે? સ્વરૂપે કેવો છે? એ કેવળ દયાળુજ કેવો, ઋષિઓ તથા મનુષ્યોને જણાવવા માટે એ સર્વ અવતારોના રાજાધિરાજ, મહાપ્રભુ નારાયણ ધાયા, અને તે ઉપરથીજ આપણે નિશ્ચયપૂર્વક ગાઇ શકીએ છીએ કે, 'વ્હાર કરો હરિ પ્યાર કરો.' એ દીનદુઃખભંજન પરમેશ્વર એ રીતે કેવળ એકજ વાર પ્રકટીને વહારે ધાયા છે, પ્રકટ કર્યો છે કે બેટા પાર કર્યો છે એમ નથી; પણ જે સમયે પોતાને પ્રિયભક્ત ઇચ્છે, પ્રાર્થે ને પોકારે તેજ સમયે હાજર થયેલા છે અને પોતેજ સ્વમુખે કહે પણ છે કે 'संभवामि युगे युगे -પ્રત્યેક યુગમાં હું આ વિશ્વમાં અવતારો લઉં છું.' એટલુંજ નહિ પણ ત્રૈલોક્યનું એ રીતે એક સરખું રક્ષણ તે ભગવાન કર્યેજ જાય છે:—

> ब्रह्मेशमध्यगणना गणनार्कपंक्तौ ।
> इन्द्रानुजत्वमदितेस्तनयत्वयोगात् ॥
> इक्ष्वाकुवंशयदुवंशजानिश्च हंत ।
> श्लाघ्यान्यमून्यनुपमस्य परस्य धाम्नः ॥

અર્થાત્—પરમધામના અનુપમ પ્રભુ તરીકે ગણાઇને બ્રહ્મા તથા મહાદેવની મધ્યે પણ પોતાની ગણના કરાવી; અને તેમની સાથે રહી એક કામ ઉઠાવી લઇને તે સાથે તે દેવમંડળને પણ પોતાના સ્વભાવ તથા પ્રભાવનો લહાવો આપ્યો. આથીજ બ્રહ્મા, મહેશ ને વિષ્ણુ એ ત્રણે એક છે એમ કહેવાય છે. જેમ મોટા દેવો તથા ઇશ્વરોની ખબર તેમના સમાન થઇને તેઓ લે છે તેમ તેઓએ અદિતિના તનય (ઇન્દ્રના નાનાભાઇ ઉપેન્દ્ર) થઇને

દેવતાઓની પણ સંભાળ લીધી; તેમજ મનુષ્યોની અંદર પણ ઇક્ષ્વાકુવંશમાં તથા યદુવંશમાં પોતાનો જન્મ થયો એમ કહેવરાવ્યું. આવો તે પ્રભુનો સ્વભાવ તથા પ્રભાવ સર્વવિદિત હોઇને સર્વને હિતકારી છે અને તે એમનાં ચરિત્રોમાં ભરપૂર દેખાતો હોઈ શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. તે તે સર્વમાંથી સાર તો આજ તરવરી નીકળે છે કે, 'ઉદ્ધાર કરો હરિ, પ્યાર કરો હરિ, નિજ જનનો બેડો પાર કરો હરિ.'

પ્રભુના બનાવેલા દેવો તથા મનુષ્યો પણ એક બીજાની વહાર કરી અન્યોન્ય જો પ્યાર કરી શકે છે તો પ્રભુ પોતે શું ન કરી શકે? એ સર્વશક્તિમાન છે, સર્વનું સર્વ કંઇ કરી શકે છે. એ તો અનંત ઉદાર છે, એટલે બધાંને બધું આપી દેવાની ઉદારતા કરી શકે છે. મનુષ્ય કોઇનો બેડો પાર કરે તો પોતાના ગજા પ્રમાણે કરી શકે છે; દેવો કોઇનો બેડો પાર કરે તે પણ તેજ પ્રમાણે. વિશેષમાં કદાચ પોતાના દેવલોકમાં પોતાના સેવક તરીકે અમુક કાળ સુધી રાખી શકે છે, પણ પાછા તો ઠેરના ઠેર. 'क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति–પુણ્ય ખૂટ્યાં એટલે પાછા મનુષ્યલોકમાં પડવાનું રહેજ છે.' જન્મમરણની ઘટમાળથી મુક્ત કરવાને કેવળ પ્રભુ વિના કોઈ પણ સમર્થ નથી, એટલે સાચો બેડો પાર તો કેવળ એક પ્રભુજ કરી શકે છે. એજ વાત સ્વમુખે ભગવાન ગીતામાં કહે છે:—

आ ब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥

'હે અર્જુન! બ્રહ્મલોક સુધીના લોકમાંથી ગમે તે લોકમાં જાઓ, પણ ત્યાંથી પાછા ફરવાનું રહેજ છે–જન્મમરણનો ફેરો તો કોઇ પણ દેવલોકમાં જઇને ટાળી શકાતો નથી; માત્ર મારે

શરણે આવીનેજ પુનર્જન્મ રહેતો નથી-મારા શરણ વિ[illegible] મોક્ષપ્રાપ્તિ સર્વથા અશક્ય છે, મુક્તિ માટે તો મારૂંજ શરણ છે! શ્રુતિ પણ કહે છે-' निरंजनं परमं साम्यमुपैति-પ્રભુને શરણે જ[illegible] નિર્લેપ એવી પ્રભુની પરમ સમાનતાને પ્રાપ્ત કરી શકાય છે.' [illegible] પ્રભુ પોતાની સમાન કરે છે, તે પછી તેવાજ તેમને રાખે છે. [illegible] પ્રભુસમાન થવાને આપણો હક્ક છે; તે માટે આપણને આ મનુષ્ય જન્મથી તક મળેલ છે, તો તેવા થવા માટે કેમ વર્તવું, એ [illegible]વા માટે શાસ્ત્રોમાં અનેક દૃષ્ટાંતો પડેલાં છે; જેઓના નમૂના-

પદ-રાગ-ધનાશ્રી

વ્હાર પ્યાર ભવ પાર કરે હરિ, વ્હાર પ્યારે ભવ પાર.
ધ્રુવને ચર, વૈભવ, ને વૈકુંઠ, ત્રૈણ કર્યા નિરધાર. [illegible]
દાસીપુત્ર, નારદ પ્યારા, છે પ્રભુધામ જનાર,
પીડ પ્રતિ પ્રિય કર્યો, કર્યો છે, પ્રહ્લાદનો ઉદ્ધાર.
ધ્રુકા નરસહી સુર આદિ અનુ, દીઠું ઠારો ઠાર.

અને ભગવાનની ભક્તિ કરવામાં હરકોઇને સમાન હક્ક છે, અને પ્રભુ પણ ગમે તેવા પોતાના ભક્તને પોતાનો કરી સ્વીકારે છે. તેમાં નાત, જાત કે ભાતની ભીન્નતા રાખવામાં આવતી નથી, એમ સ્વયં ભગવાન ગીતાજીમાં સૂચવે છે:—

स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यांति परां गतिम् ।

'મારી ભક્તિ કરનાર સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો પણ પરમ ગતિને પામે છે.' આ ગંભીર દક્ષિણમાં સર્વને સુવિદિત [illegible] શ્રીજનાબાઈના જીવનનું આખ્યાન નીચે આપીએ છીએ, [illegible] એવાથી ખાત્રી થશે.

શ્રી જનુબાઈ–આખ્યાન

પદ–ઝીંઝોટી

ઉદ્ધાર કરો હરિ, પ્યાર કરો હરિ, નિજજનનો બેડો પાર કરો હરિ;
નાતજાત ગુણ જ્ઞાનની ન તમા, સૌના સમ સુખકાર કરો હરિ.
જનુ એ તેથી કહે હેતેથી, એજ રીતથી સ્વીકાર કરો હરિ. ઉદ્ધાo

અનેક સજ્જનોનાં ચરિત્રોથી એ સ્પષ્ટ થાય છે કે, કેવળ પુરુષોજ પ્રભુના પ્રિય બની સંસાર તરી જાય છે, ને સ્ત્રીઓ પ્રભુપ્રિય થઇને સંસાર તરી શકતી નથી, એવું કંઈ છેજ નહિ. ઉપરના પદમાં એજ કહ્યું કે, 'નાત જાત ગુણજ્ઞાનની ન તમા.' વસ્તુતઃ જોઇએ તો સ્ત્રીઓનાં હૃદય તો અતિશય કોમળ ને પ્રેમાળ હોય છે, તેથી તેઓ એક ભક્તિમાર્ગી' બની જઇને જેવી પ્રભુપ્રિય થઈ શકે છે તેવા પુરુષો થઇ શકતાં નથી. સ્ત્રીનું જીવન-જ મૂળથી પરતંત્ર સ્થિતિમાં હોઇને અંત સુધી લગભગ તેજ સ્થિતિમાં વ્યતીત થાય છે, જેમકે—

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने । पुत्रश्च स्थाविरे भावे ॥

'બાલ્યાવસ્થામાં પિતા રક્ષક હોય છે, યુવાવસ્થામાં પતિ રક્ષક હોય છે અને વૃદ્ધાવસ્થામાં (જો પતિની હયાતી ન હોય તો) પુત્ર રક્ષક હોય છે.' એમ પરતંત્ર સ્થિતિમાં ઉછરતી સ્ત્રીઓ હરકોઇની સેવા સારી કરી શકે છે, તેથી તેઓ જો પ્રભુ-પરાયણ બની પ્રભુસેવામાં તત્પર થઇ જાય તો સત્વર પ્રભુપ્રીતિ સંપાદન કરી શકે છે; કેમકે પ્રભુને પ્રસન્ન કરવામાં મુખ્યત્વે કરીને તો પ્રેમ તથા સેવન સાધન તરીકે હોય છે અને તે બને સ્ત્રીઓમાં તો સ્વાભાવિકપણે હોય છે. તેથી સ્ત્રીઓ પ્રભુપ્રિય થવામાં સત્વર સફળ થઇ શકે છે. પુરુષો જેમ બાલ્યા-

એવાં પવિત્ર ધામોમાં પ્રભુભક્તોની એટલી બધી ભીડ જામે છે કે જો તુરતાતુરત તાકીદ કરવામાં આવે કે કોઈ સત્તા તરફનું બળ કે અપમાનનો ત્યાં ઉપયોગ કરીને લોકોને ત્યાંથી બહાર કાઢવામાં આવે તો જરૂર ત્યાંજ કેટલાંક ચગદાઈ જાય કે ગુંગળાઈ જાય અને મંદિરની બહાર ઊભેલાં દર્શનાતુર મનુષ્યોને તો અંદર જવાનો કોઈ માર્ગજ ન રહે. તેથી એવે સ્થળે એવી વ્યવસ્થા રાખવામાં આવે છે કે, અનુક્રમે અમુક અમુક પુરુષમંડળ તથા સ્ત્રીમંડળ વારાફરતી અમુકજ સંખ્યામાં અંદર પ્રવેશ કરે, પ્રભુની સેવા કરે ને પછીથી બહાર નીકળી આવે. આવા પ્રકારનો ક્રમ પંઢરપુરના તે પવિત્ર ધામમાં તે દિવસે પણ બરાબર ચાલી રહ્યો હતો. ત્યાં—

ગઝલ-રાગ બિહાગ

અણધારી પ્રભુની પાસ રે, આવી સુકુમારી;
જન સેવે ચારે પાસ રે, ત્યાં આવી સુકુમારી.

એ બાલિકાની સાથે બીજું કોઈ નથી; જે મંડળી મંદિરની અંદર ભરાયલી છે તેમાં કોઈ પણ તેનું પરિચિત નથી; છતાં તે બાળકી મંદિરમાં માત્ર આવીને ઊભી રહી એટલુંજ નહિ પણ જાણે પોતાનું ઘર હોય તેમ નિર્ભય નિઃશંક બની પ્રભુના ચરણ સમીપ જઈને ઠરી બેઠી. તે મૂળથીજ શૂરી ને બહાદુર તો હતીજ; અહીં પ્રભુ પાસે તો જાણે વધુ બહાદુર જણાતી હતી અથવા એ પોતાના પ્રાણનાથ પાસે આવી પહોંચ્યા પછી તેમનો વિયોગ વધુ નહિ સહેવાયાથી તેનામાં વિશેષ શૌર્ય આવ્યું હતું. બહારના ભાગમાં વધુ વાર રોકાઈ રહેવું એને અસહ્ય થઈ પડ્યું હતું, તેથી પોતાની મંડળીની પરવા કર્યા વિનાજ તે એકલી એકદમ અંદર ઘૂસી આવી હતી.

બહારે છે બારે બીઃ તેઓ તેમાં ચગદાતી;
છાતી ચલાવી પુરી ત્યાં આવી સુકુમારી.
માતાપિતા પુઠેથી આવ્યાં શોધતાં તેને;
જોયું કે કુશળે પહોંચી છે ત્યાં આવી સુકુમારી.
દર્શન કરી બેરા ધરી ઉચરી સ્તુતિ બનતી;
ચાલ્યા છબી ઉરમાંહી લેતાં ઠેરી સુકુમારી.

મંદિરની અંદર અમુક સમયથી વધારે રહેવા દે તેમ હતું નહિ; ભીડમાં વધુ વાર રોકાવું પણ અશકય હતું; ત્યાં તો વ્હેલું મેળવવો એજ વડાઇ હોય છે. તેથી માતાપિતા ઝટપટ પરવારી ગયાં; પણ પુત્રીને શરૂઆતજ હમણાં થઇ હતી, અને દુર્લભ એવો પ્રભુ–સાક્ષાત્કાર તે તેજ ક્ષણે પામી ગઈ હતી, એ વાતનો ભેદ કોઇ કેમ જાણી શકે ?

છોકરી ત્યાં ઠેરી રહી માતા વદી રે ચાલ;
તાતે કહ્યું, લક્ષે ન લેતાં ઠેરી સુકુમારી.
સમજાવી ધમકાવી અતિએ તવ હૃદય ખોલી;
સારી સમજનાં વચન એ ત્યાં બોલી સુકુમારી.

મંદિરમાં ગડબડ મચી રહી; છોકરી તો ત્યાં ચોંટી. માબાપનું પણ જો ન માને તો બીજાનું તો કયાંથી માને! સૌની અટકળને ખોટી પાડતી તે અવતારી બાળકી બોલી ઊઠી. તેણે પુંડરીનાથને સત્ય સ્વરૂપમાં જોયા હતા, તે એવા મધુર સ્વરૂપમાં કે જેથી તેની દૃષ્ટિ તેમની મૂર્તિમાંજ સ્થિર બની હતી. તેનાં જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં હતાં. હવે તો તેણે પોતાના મનમા જે ભાસતું હતું તેજ વચનમાં આણવાનું હતું, કંઈ બનાવટી કહેવાનું ન હતું; છતાં અન્યને તો આશ્ચર્યજ લાગતું હતું; કારણકે આટલી નાની વયની એક છોકરી પ્રભુની વાતમાં

શું સમજે ? એવું જ્ઞાન તેને હોયજ ક્યાંથી ? એવું ભાન તે બાળાનાં પ્રથમજ દર્શનથી તેનામાં આવેજ કેમ ? એ માની શકાય કેમ ? એથી તે બાળકીએ પોતેજ ખુલ્લા શબ્દોમાં જાહેર કર્યું; કારણકે એમ કર્યો વિના તેનો છૂટકો પણ ન હતો.

પદ–' પ્રભુજી મને ઉગારજો ' એ રાગ

નહિ નહિ આવું તમારી સાથ, વિઠ્ઠલવર મૂકી નહિ આવું.

તેને તો એક વિઠ્ઠલજ વર દેખાયા; એમના જેવા શ્રેષ્ઠ એજ લેખાયા; તેનો સમસ્ત પ્રેમ તે શ્રીવરમાંજ ઠેરી ગયો; અને તે એટલો બધો કે જેમાંથી પોતાનાં માતાપિતા માટે પણ અવશેષ ન રહ્યો, તો બીજાં ઘર, સગાં તથા સામાનની તો વાતજ શી ? અરેખર, જે વેળા દૃષ્ટિ ઊઘડી જાય છે તથા સત્ય વસ્તુનો સાક્ષાત્કાર થાય છે તે વેળા હરકોઇ પ્રાણીની એજ સ્થિતિ બને છે. તેણે તો સાફ શબ્દોમાં સુણાવી દીધું કે, ' સાચા મનોહારી ને સાચા સંબંધી તો કેવળ આજ છે. તમે તમારે ઘેર જાઓ, હું તો અહીંજ રોકાઈ જઇશ.' માતાપિતાએ તથા બીજા લોકોએ તેને સમજાવવા માંડી. ' અરે ! અહીં તે રહેવાય ? હમણાં રાત પડશે. આખી રાત અહીં રહેવું ભારે થઇ પડશે; તેમાં વળી આજે એકાદશી છે. લોકો જાગરણ કરશે, પણ ભલાભલા અહીં જાગરણ કરવા આવીને પણ નિદ્રામાં ઘોરશે, ત્યાં તું આટલી નાનકડી ભૂખીતરસી એકલી કેમ રહી શકીશ ? તું હજી ઘણી નાની છે. બીજાઓ તો અભ્યાસી છે, તને થાકતાં કે કંટાળતાં શી વાર ?' તે સાંભળી છોકરીએ જણાવી દીધું કે, અરે ! તમે રાતની શી વાત કરો છો ? પ્રાતઃનું પણ સાંભળો:—

પ્રાતેજ તને સુખે નિજ ગામે, સાચું કહું માત તાત;
(વિચાર પૂરો કર્યો છે, લાંબો કર્યો છે.)

હું તો વરી હરી શ્રીહરિની અર્પણ કરી મ્હારી જાત
(હું તો સ્વયંવર વરી છું, બસ, મારૂં તો કામ થઇ ગયું.)
હોય દીકરી સદા પારકી, નથી નવાઇની વાત;
(લોકોએ કહ્યું કે, નવાઇ કેમ નહિ ? મૂર્તિને વરાયા)
શોચ ન કરશો કોપ ન ધરશો નચ કરશો પંચાત,
(કારણકે મારો નિશ્ચય અડગ છે.)
જબરીથી લઇ જશો તો મરીશ કરીશ દેહનો પાત.
(મારો પ્રેમ શુદ્ધ ને સાચો છે, તેમાં કોઇનું નહિ ચાલે.)

ખરે, વિઠ્ઠલવરેજ તેને ત્યાં રોકી લીધી; પછી તેને ત્યાંથી કોણ કાઢી શકે ? પોતાના માનસિક દઢ નિશ્ચયથી તે વિઠ્ઠલને વરી ચુકી, પછી ત્યાંથી તેને કોણ દૂર કરી શકે ? આત્મનિષ્ઠા આવો હોય છે. પ્રભુનો તો નિશ્ચયજ છે; સર્વને તારવા માટે તે પ્રકટજ રહે છે. તેમાં વિઘ્ન પડે તો તેમનેજ વીનવવા કે—

વ્હાર કરો હરિ પ્યાર કરો હરિ, નિજજનનો બેડો પાર કરો કે

શાર્દૂલવિક્રીડિત છંદ

માતાએ … થાયું નહિ તે ચિત્તે
લોકો … બેઠી ત્યહાં નિશ્ચિંત
દીધા … સાંઈ …
માટે … થી …
અને ચતુ

[illegible]

ગુણકૃપા થઈ આપણી ગઇ, દુઃખી થવું ઘટે એ થકી નહિ.
સમજી એ રીતે માતતાત એ, કુંવરીને મૂકી નાથ સાથ એ;
કુંવરી મંદિરે હોંશથી રહી, મનથી વિઠ્ઠલાની થઈ ગઇ.
સુખતૃષા તણી એ ન વાત છે, થઈ બધા પુરે ભારી ખ્યાત છે.

એમ પ્રસિદ્ધિ તો થઈ પણ ખાવાપીવા તથા રહેવાનું શું ? હજી સંપૂર્ણ તૈયાર થવાને તો ઘણી વાર હતી. પ્રેમશાળામાં ભણે પ્રવેશ તો કર્યો હતો; પણ ત્યાં ગુરૂ તો જોઇએ ને ? અને પ્રેમપોથી પૂરી થાય ત્યાંસુધી રહેવા માટે સ્થળ તો જોઇએ ને ? પણ જે વ્યક્તિ પોતાનું ધાર્યું કરવા માટે શ્રીહરિને શરણે જઇ તેમને કહે છે કે, 'વહાર કરો હરિ પ્યાર કરો હરિ, નિજ જનનો બેડો પાર કરો હરિ' એટલે તુરતજ—

મંદાક્રાન્તા

આવ્યા નામા, પ્રિય પ્રભુ સમીપે, ત્યાં દીઠી આ કુમારી;
પૂછ્યું ત્યારે હકીકત સમજ્યા, પ્રેમ સાચો વિચારી.
પોતે પ્રેમે નિજ ભુવનમહિં, આણી સોંપી સ્વસ્ત્રીને;
સત્સંગે એ અધિક દૃઢ થઈ, ઉછરી ત્યાં રહીને.

એ રીતે પ્રભુએજ સત્સંગ મેળવી આપ્યો. ગુરુ ગૃહે ગુરુ સમીપેજ નિવાસ આપ્યો; ત્યાં કથા, કીર્તન, પ્રસાદ આદિની યોગ્ય વ્યવસ્થા હોય એમાં શું કહેવાનું ? જ્યાં પ્રભુપ્રાકટ્ય સદૈવ હતું ત્યાં તે દ્વારા પ્રભુપ્રાપ્તિ થાય તેમાં શક શો હોય ? અને થયું પણ એમજ.

જો કે પ્રભુપ્રાપ્તિ એ કોઈ એવી વસ્તુ નથી કે જે એક બે દિવસ, મહિના કે વર્ષ બે વર્ષમાં થઇ જાય; એ તો અસંખ્ય જન્મોના મળ કપાયા હોય અને તે પછી પણ સત્સંગ, સત્સહવાસ ભગવત્કૃપા અને સંતસેવાના પ્રસંગો પ્રાપ્ત થાય ને તે પામવાની

થઈ શકે છે. જ
કઈ ભાવના ભાગ્ય સાથ તેજ પ્રભુપ્રાપ્તિ રહ્યો હતો
ાઈને તો સુયોગ પ્રભુની પૂર્ણ ઇચ્છાથી મળી તે માટે કુ
માં બાકી શું રહે ? જનાબાઈની પોતાની પણ ઘરનું દાસીપ
અભિલાષા હતી, જેથી તેણે તો નામદેવના ઘરમાં ઘરપણાની ભાવ
સ્વીકારી લીધું હતું. નામદેવને પણ હરિમંદિરજ હતું; અને તે
ક્યાં હતી ? ઘર તો એને મન એક અજબ પરચો છે
અતિ પ્રિય. તે ક્યાંસુધી ? તેનો આ
છે, તે અહીં ટાંકીએ છીએ:—

પદ—'લક્ષ્મીવર સૌથી સારું' એ રાગ

આવ્યું ચોમાસું જયારે, જે મુદિત સહુ નર
પડી ગઈ'તી ભીંત નામાની, ત્યાં છાપરી તે રહે શા
આવી ઋતુ તો તો
હતી રાત ત્યાંજ વરસાદ, પડયા ભક્તિભાવ
ચડયું હળ ભારે
કીર્તનથી થયેલું મોડું, નામાનું કુટુંબ છે પોઢયું
પણ પ્રભુએ મન ત્યાં જોડયું
વરસાદ વરસવા સાથ, થશે દુઃખી ગા(૦)
કુટુંબ પરિવારે. આવ્યું
પોતે પહોંચ્યા ઝટ જતે, ચણી ભીંત માટીની હાથે,
છાપર છાયું તે માથે;
ધર્યાં હાથ નખિયાં ગુચિગાત, સંચે ભલી ભાત,
ભક્તનાં ત્યારે. આ
નામાજી ગયા ત્યાં જાગી, જોઈ છાપર નવાઈ લાગી,
આવ્યા બહાર આળસ ત્યાગી;
રહ્યા જોઈ તરત ગયા ઓળી, કરે હરિ સોઈ,
અહાવી વાહ વાહરે. આ

નામદેવને તો પ્રભુ દિવ્ય સ્વરૂપમાંજ દેખાતા હતા; તેને
ાટે માત્ર મૂર્તિસ્વરૂપનીજ આરાધના છેક સુધી રહીજ ન હતી;
। તો પ્રકટ સ્વરૂપ પ્રભુ સાથે વાતો કરતા, ફરતા, હરતા ને
જગતને દર્શાવી આપતા કે જુઓ, એ દયાળુ પ્રભુ પોતાના
ભક્ત સાથે કેટલી છૂટ ને પ્રીતિથી વર્તે છે? એ વેળા નામદેવે
ાભુને કેવા જોયા હતા?

રહ્યું છે પીતાંબર ચળકી, રહ્યાં ભૂષણ તન પર ઝળકી,
જોઈ આવી ઉરમાં ગળકી;
ઓ નાથ! આ તે શી વાત! આ શી પંચાત!
શ્રીકંથ તમારે. આવ્યું૦

ખરેખર! એ વેળા તે અમે ગાયેલું સિદ્ધજ થયું કે:—

વ્હાર કરે હરિ, પ્યાર કરે હરિ, નિજજનનો બેડો પાર કરે હરિ.

એવા તે ભક્તવત્સલ પ્રભુ એક પંથમાં અનેક કાર્યો કરે
ે; એ વખતે નામદેવનું એ છાપરી ઢાંકવાનું કામ કરવા પ્રભુ
વયં પધાર્યો હતા; ત્યારે બીજું પણ એક કામ કરવાની ઇચ્છા
ાતી, તેથી પ્રભુએ નામદેવને કહ્યું:—

'બના દે સખી કૌન ગલી' એ રાગ

ઉચર્યા નામાધી કરુણાનિધિ ઘનશ્યામ;
પૂરું કરી દઈ કામ, ઉચર્યા નામાધી કરુણાનિધિ ઘનશ્યામ. ટેક.
એકેવું વારુ ચાખું ગાઉં; ધામ હતું વારું તો ઉપાડું;
પલગત કુટુંબ તમામ. ઉચર્યા૦
દીજન તો શોભાને બાળો, તો મ્હારે આવી પરણ ગાળો;
કરત મને એ બદનામ. ઉચર્યા૦
તેથી કામ મેં દીધું જાડી, પણ એથી ભૂખ ગઈ લાગી;
આજે મહીં ઉપાડ ધામ. ઉચર્યા૦

કેવળ મનમાંજ વિચારીને પ્રભુ શ્રીકૃષ્ણસ્વરૂપે ગોપીઓની પાસે દહીંમાખણ માગતા એમ નથી; પણ હરકોઈ સમયે તેવા પ્રેમી પ્રત્યે તેવાજ પ્રેમી દેખાય છે તેનો આ નમૂનો છે અને તેથીજ એ પ્રભુના અર્ચાવતાર સંબંધી પણ આવું ગવાય છે કે, ' કૈસો કરમા કો ભાત પાગો જગનાથ.'

સાખી

આ ગડબડથી જાગી સમજી વાત બધી ગોણાઈ
(ગોણાઇ તે નામદેવના માતા)
જનુબાઇ બડભાગી થઇ પદ લાગી પ્રેમે ધાઈ.

એ સમયે નામદેવના સંતપણાના પ્રતાપે જનુબાઈએ જગત્પતિનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કર્યો, તેમનું જીવન સફળ બની ગયું; મીઠી નજરે એ મધુર મૂર્તિનાં પ્રત્યક્ષ દર્શન કરી જીવનમુક્તિ સંપાદન કરી લીધી; પણ પ્રભુ તો નામદેવના ઘર સાથેજ ગડબડમાં રહ્યા હતા:—

હરિ આવ્યા નીચે ઘરમાં ત્યાં જાગી રાજાબાઈ
નામા ધન્ય ધન્ય સુખધામા તારી ખરી કમાઈ.

જેમ નરસિંહ મહેતાના પ્રતાપે ...કબાઈ ને કુંવરબાઈને તો શું પણ પાનબાઈ, માનબાઈ ... શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો હતો; ... મહા... પ્રતાપથી તેમનાં આશ્રિત સર્વ ... પ્રભુ દી... જાણે તેમના ઘરના એક સં... સંબંધી... ખરેખર! સદ્ગુરુના આ... તેવા... ઓની સેવા તથ... ...રા ...ાદિ થતાં ...

પદ–'બન ગયો ભેદ' એ રાગ

ભોજન લેવા બેઠા શ્રી જદુરાઇ. ટેક૦
સરસ તાટ પૂરીને લાવી ઉમંગથી ગોણાઈ.
પ્રભુ પુત્ર નામદેવના ને નામો બેઠા સંગમાં હરખાઈ. શ્રી૦

શ્રીકૃષ્ણાવતારમાં પ્રભુ ગોપાલ બાળકો સાથે ભોજન-ગોષ્ઠીમાં હતા, તે જોઇ બ્રહ્મદેવને ભ્રમ થયો હતો તો પછી આ અર્વાચીન કાળમાં આ ઘટના જોઇ, સાંભળી, વાંચીને આ આધુનિક બ્રહ્મદેવોને ભ્રમ થાય તો તેમાં આશ્ચર્ય શું છે? પણ પ્રભુનો પ્રભાવ અગાધ છે અને તેમનું ભક્તવાત્સલ્ય આવું આશ્ચર્યજનક છે; એમાં ભ્રમ કરવા જેવું કંઇ છેજ નહિ. આ વાત કેવળ સત્ય છે, કપોલકલ્પિત નથી.

ત્યાં આવીન બેઠાં પુંઠે રાજા ને ગોણાઇ;
જનુ દાસીને કોણ કહે ત્યાં જમતાં સહુ હરખાઈ. ભો૦
પ્રભુએ પૂર્ણ પ્રેમે નવ ખાધું, ભોજન એ નવ ચાહી;
વધા મ્હને નથી ઠીક લાગતું, હાથ ધોઇ ઉઠ્યા સુખદાઇ. ભો૦
ગોણાઇએ જનુને તેડાવી, વધ્યું તાટનીમાંહી;
ઉચ્છિષ્ટ સૌનું તેને આપ્યું, યોગ્યતા તેની તેવીજ જણાઈ. ભો૦
એક શયન પર નામા સાથે, પોઢયા પ્રભુજી ચાહી;
ઘરનાં સૌ સૌને સ્થળ સૂતાં, નિજ કોટડીમાં બેઠી જનુબાઈ. ભો૦

સર્વ કોઇ સુખેથી સૂઈ ગયાં; પ્રભુએજ સર્વને સુખશય્યામાં પોઢાડી દીધા; પણ દુઃખીઆંને નિદ્રા કેવી? પેલી તરફ બિચારી જનુબાઇ કોટડીમાં જઈ અંધારામાં એકલી રડતી મન સાથે કહેતી હતીઃ—

પદ–'લાચાર શિશુ' એ રાગ

ધિક્કાર છે ધિક્કાર છે ધિક્ આ અવતાર છે,

ગુખી એ શૌનો સંસાર છે, ધિક્ આ અવતાર છે.
સંતના ઘરની ગોલી તો મહાભાગ્યથી થઈ હું,
પણ પ્રભુનો મ્હારા ઉપર ન જરીએ પ્યાર છે.

આમ જનુબાઈ મનમાં શોક કરતી હતી. જેને માટે દિવસ સુધી મનના લાડુ મોળા ન કરીને જનુબાઈ માનતી હતી તે સ્વયં ભગવાન તેના તરફ ન નિહાળે તે વિચારતી હતી કેઃ—

આવ્યા હસ્યા બોલ્યા સાહુથી જમ્યા ત્યાં મુજને,
કોઈ રીતે બોલાવી કે સંભારી ન લગાર છે.
નહિ ખાઉં કે નહિ પીઉં રાખી દેહ શું કરવું?
નથી નાથનેજ સ્વીકાર તોયે લાડે સાર છે.
પ્રત્યક્ષ દેખ્યા છતાં લેખ્યા વિનાની રહી હું,
શીદ રીઝે એકાએક એ જગના સરકાર છે.
એ ચાહે નહિ નહિ તોપણ નહિ ચાહત હું તો છોડું,
જોઉં બીજે ક્યાં પ્રીત એ મુજ પ્રાણાધાર છે.

સાખી

શોચી એમ નિજ ભાગ્ય, વધારી વહ્યાં નયનથી પાણી,
તેવા ઉઠ્યા ત્ર્યયા નામાની પાસેથી ચક્રપાણિ.
આવી જનુબાઈની ઝુંપડીમાં ઉભા કરુણા આણી,
જોતી મ્હોતી આંસુ લ્હોતી સ્તંભી ગઈ તે શાણી.

દોહરો

રહી ઝગમગી દોરડી સુગંધથી ભરપૂર,
ખીલ્યા રસીલાઈ અધિક, ખીલવવા પ્રિય ઉર.

ચોપાઈ

પછી પ્રેમે પદે જનુબાઇ, આપ્યું આસન અતિ સકુચાઈ;
વધા આપ અતિ હરખાઈ, ત્હારા વિણ શકયો હું ન ખાઈ.
માટે આવો આપણ બેઉ સંગે, જે છે તે જમીએ આ પ્રસંગે;
બાઈ બોલી એ તો ઉચ્છિષ્ટ, પ્રભુ કહે તુજ ભાગ તે મિષ્ટ.
તને કોઇએ ન ત્યાં બોલાવી, તેથી મેં ન ખાધું પ્રેમ લાવી;
જયારે જમીશ ખંતે ત્હારી સાથે, ત્યારે તૃપ્તિ થંશે ભલી ભાતે.
જનુબાઈ તો સ્વપ્નુંજ જાણે, ભાગ્યને તે ભૂધરને વખાણે;
હર્ષ આંસુડાં આંખમાં આણે, જાણે વારી નાખું તન પ્રાણે.

પદ–' દરમાં નહિ દિલ સાથ ' એ રાગ

જનીબાઇ સાથ, જમે હરિ જનીબાઈની સાથ.
ખાય ખવરાવે નિજ હાથ, જમે હરિ જનીબાઈની સાથ. ટેક૦
સુતાથી જાગી રે પોતાથી માગી રે;
ઉચ્છિષ્ટ નામાના થરનાંનું છે તે;દાસીની સંગે આરોગે છે હેતે.
(એજ શબરીનાં બોરાં ખાનાર—)
...નો મીઠી વદે ન ગુંજે છે તે, ધાર્યા નહિ આસુ લેને દેતે;
...કૃપા કરી દીધી અગાધ......જમે હરિ જનીબાઈની સાથ,
ખુશી ન સમાઈ ધન્ય જનુબાઈ.
...થ પીયા પીવરાવ્યા ઉમંગે, પાસ્યા પછી એજ પ્રેમી ઉછંગે;
...નંદ છાઇ રહ્યો અંગે અંગે, ... એ બ્રહ્માનંદને રંગે.
...ઈ ગઈ ધન્ય ભલો ભાવ...જમે હરિ જનીબાઈની સાથ.

આ પ્રસંગ પર લક્ષ આપીને આપણે પણ એ દયાળુ પ્રભુને
...ન પ્રાર્થીએ કે:—

...કરો હરિ, પ્યાર કરો હરિ, નિજજનનો એમ પ્યાર કરો હરિ.

જનુબાઈ તો એ બ્રહ્માનંદમાં ડૂબી ગઈ, ઊગી ગઈ પોતાના દેહાભિમાનને ભૂલી ગઈ; પણ છેવટે—

ગઝલ-રાગ પરજ

પાછલી રાતે ઉઠયા પાછા પ્રભુ સંભાળથી
જનીને જાતે જગાડી વદ્યા વિઠ્ઠલ વ્હાલથી
ઉઠ મોડું થઇ જશે તો બધાં ઘરનાં ખીજશે
કાઢ દળણું મેં મૂક્યું તું ઘંટીને કર ચાલની

જેનું ખાવું તેનું કામ કરવુંજ જોઈએ, એ સિદ્ધાંત દર્શાવતા હોય તેમ પ્રભુએ નંદરાયનાં ઢોર ચાર્યાં છે, અ ઘોડા હાંક્યા છે, પાંડવોના ઘરમાં પત્રાળાં ઉપાડ્યાં છે પ્રભુની લવલેશ હલકાઇ નથી, એજ તેમની પ્રભુતાઈ છે મૈત્રી કેવી હોય? જેના સંગી થઇએ તેના સંગી રહીએ, આ વસ્તુસ્થિતિ લોકને દર્શાવવાને પ્રભુ, મનુષ્યચરિત્ર અથવા તે તે અવતારમાં તેને તેને અનુસરતાં કરી બતાવીને લોકસંગ્રહ કરે છે-તેમ વર્તવાને લોકપ્રેરણા કરે છે. એ વેળા પણ તેજ પોતાના નિયમને અનુસરી પ્ર જનુબાઇને જગાડી, એટલે—

ઉઠી બાઈ વદી તમે શ્રમ કરો તો દઉં છું હું સમ
બળ નથી કમ હાલ દળી નાખી નાખીશ હાથા ઝાલતી
આપને છે હોંસ તો કર અડાડી રાખો સુખે
ગાઉં પ્રેમ ગીત હું તવ સંગ દળતી મ્હાલતી
સ્તવ્યા હરિને હર્ષ ધરીને નયન ભરીને નીરથી
રીઝયા ઘંટીપાપે જેવા ના રીઝે સુરતાલથી

આ ગડબડથી નામદેવજીની માતા ગોણાઇ જાગી ગયા વહેમ આવ્યો કે જરૂર જનુ કોઇ બીજાની પાસે દળાવે છે; કા

તાં જે ખેંચતાણ થતી હતી તે તેના સાંભળવામાં તેથી તેણે મનમાં ચોક્કસ એમજ માની લીધું કે કોઈ બાવીને જનુ તે દળનારને દાણા આપી દેતી હશે. ' જોઈ, યા ખોટી ! ' આમ બોલતી ડોસી ગુસ્સામાં જનુબાઈની તરફ ધસી આવીઃ—

જણાં કો ભરાયાં મહીં જાણ્યું એ ગુણાઈએ,
ધી કોપી આવી અંદર સોટી કરમાં ઝાલતી.

કોટડીની અંદર આવી તેણે તો પોતાનો ગુસ્સો જનુબાઈ-
દાલવતાં કહેવા માંડ્યુંઃ—

પદ—' તાપીને ઓવારે જોતી આ શું છે યાર ' એ રાગ

તપી ભારે ગોણાઇ વદી ખારે ગોણાઈ,
કોણ છે ભરાયું બીજું કોટડીની માંહી. તપી૦
દળાવે બીજા પાસે, કરીને ખોટાઈ આપે,
માંહીથી ભાગ જણું લુચ્ચાઈ. તપી૦
અંધારામાંહે ઉભય બેઠાં ભરાઈ,
ક્યાંથી ઓળખી શકે રોષિત ગોણાઈ. તપી૦

આ ગડબડમાં પ્રભુએ જનુબાઈનો ધાબળો પોતાના મસ્તક-ર ઓઢી લીધો હતો, અને કોટડીમાં પ્રકાશ ન પડે તે માટે તાનો નવરત્ન હાર કાઢી નાખીને ત્યાં નીચે ઢાંકી દીધો હતો. ણાઈને ચોક્કસ ખાત્રી તો થઈજ હતી કે અંદર જમે તે એ રાયું તો છેજ. તેથી પુનઃ તે બોલીઃ—

કોણ છે બીજું ? તું બોલ અર્ઈ છે પકડાઈ,
જનુબાઈ બોલી નહિ અહ છે ગભરાઈ; [પછી તે—]
સોટી ઉપાડીને તાડી દીધી લુચ્ચાઈ,
વાગી તે વિઠ્ઠલના અંગની માંહીં.



श्री अंगदसिंह-आख्यान

[विषय-सत्संग]

પૂર્વરંગ

પદ-રાગ સોરઠ

સત્સંગ શું ન કરે, અહારમતિ કૃતિ સાત્વિક રહેતો;
હોંશ રહારી હરિ રહાય ત્હારિ, એ અત્ર કૃતકૃત્ય કરે. સત્સંગ

'सत्' નો 'संग' તે સત્સંગ. તે બીજાનેજ. કોને! જેને 'सत्'નો 'संग' નથી તેને! એટલે જેને 'सत्'નો સંગ નથી એટલુંજ નથી, પણ 'असत्' નો સંગ છે તેને. આ ઉપરથી 'सत्' 'असत्' અને જેને 'सत्' નો સંગ નથી તે-એમ ત્રણ તત્ત્વો મળી આવે છે-ईश्वर, जीव ને माया. તેમાં ઈશ્વર તે 'सत्' છે, માયા તે 'असत्' છે અને 'जीव' જે સતનો સંગી નથી તથા અસતનો સંગી છે તે. આમાં જે ईश्वर છે તે કાળમાં એકજ સ્વરૂપે રહે છે તેથી 'सत्' કહેવાય છે, ત્યારે 'जीव' જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્છા આદિ સ્થિતિ જતો દેહ વિષે સુખી, દુઃખી થયા કરે છે,તેથી સદા એકજ રૂપમાં નથી રહેતો;અને माया-પ્રકૃતિ તો ખુલ્લી રીતેજ છ રૂપોમાં વિકાર પામે છે. જો કે છે નક્કી, પણ તેમાંથી જે ઉપજે તે નાશ

પે, ટકે ને પાછું વિખેરાય છે. મિથણ છૂટું પડી જાય એટલે પાછાં મૂળ તત્ત્વમાં મળી જાય છે.જેમ બીજ, થડ, ઝાડ, ફળ એમ ઉત્પન્ન થઇને પાછું કરમાય, ઠૂંઠું થાય, આ બધું તેની અંદર જીવ હોય છે તેથી થયા કરે છે. એટલે જીવના શરીરની અસતતા ઠરે છે અને તે પણ સ્વરૂપે અસતજ. એજ પ્રમાણે મૃતિકાને દાખલા તરીકે લ્યો. તેનો પ્રથમ પિંડો, પછી ઘડો, પછી ઠીકરાં, ને પછી ચૂર્ણ થઇને પાછી મૃત્તિકા-એમ સ્વરૂપો બદલાયાજ કરે છે, તેથી નામ અને ઉપયોગ પણ બદલાયા કરે છે. એક નામ ગયું કે બીજું થયું; કારણકે રૂપ બીજું થાય છે. જો કે કોઇ એક કાળે નામ-રૂપ એકજ હોય છે, પણ તે નામરૂપ બદલાયા તો કરેજ છે-ફરતાં રહે છે; હમેશાં એકજ નહિ રહે, તેથીજ તે 'असत्' કહેવાય છે અને તે 'असत्' નો જીવને સંગ છે. તલમાં તેલની પેઠે અને કાષ્ઠમાં અગ્નિની પેઠે તે સંગ અનાદિથી છે. જેમ તેલ તલવિના મળી શકે નહિ, તેમ આત્મા અસતથી છૂટો પડી સ્પષ્ટ તો અનુભવી શકાય તેમ નથી, પણ તેમાં છે ખરો. જેમ તલમાંથી તેલને છૂટું પાડી શકાય છે તેમ અસત-પ્રકૃતિથી આત્માને છૂટો પાડી શકાય છે; પણ તે કેવી રીતે કે, આત્મા એ નિત્ય વસ્તુ છે, માટે તેને જો નિત્ય વસ્તુનો સંગ કરાવી શકાય તો તે નિત્યમુક્ત થઇ શકે છે; પણ પ્રકૃતિ તો અનિત્ય સ્વરૂપોને બદલતીજ રહે છે, અને તેનો આત્માને સંગ હોય ત્યાંસુધી તે મુક્ત થઇ શકે નહિ, પણ દુઃખીજ રહે છે; પ્રિય વસ્તુઓ સાથેનો તેને વિયોગ સાલે છે ને ભય રહ્યાજ કરે છે. વળી આત્માને તો નિત્ય નવું નવું જોઇએ છે, ત્યારે પ્રકૃતિની ખૂબી તો પરિમિતજ છે, જેથી તે તો પ્રતિદિન ક્ષીણ થતી જાય છે, એટલે શરીર ભલે વૃદ્ધ થાય, પણ તેમાં રહેનારો જીવાત્મા કદીએ વૃદ્ધ થતો નથી-' तृष्णा न जीर्णा य-

યમેવ જીર્ણાઃ । તૃષ્ણા ઘરડી ન થઇ પણ અમે ઘરડા થઇ ગયા' એવો દુઃખદ સંબંધ રહ્યા કરે છે. વળી ત્રીજી વાત એ છે કે, (પ્રકૃતિના સંગથી) તેને હમેશાં પોષક પદાર્થોની જરૂર રહે છે, તે જો ન મળે તો શોષાય છે; કારણકે (પ્રકૃતિના પ્રસંગથી) નિત્ય તેને ક્ષુધા-તૃષા લાગે છે, તેને શાંત કરવા માટેની ફૂટ ફરજ તેના પર રહ્યા કરે છે. વળી ઋતુના ફેરફારની અસરો, વિષ વગેરે વસ્તુના સ્પર્શથી થનારા અનેક પ્રતિકૂળ અનુભવો તેને પ્રતિપળે અનુભવવા પડે છે-આ બધાનું કારણ તે એજ છે કે, બહુધા દુઃખદાયી પ્રકૃતિનો સંગ તેણે કરેલો છે, સુખનો તો ભાસમાત્ર જ તેને જણાય છે અને તે પણ પુણ્ય કે સત્કર્મ જેટલું કર્યું હોય તેના પ્રમાણમાંજ મર્યાદિત હોય છે અને તેની મનોવાંછાઓ જેમ જેમ પૂરી તેમ તેમ તેને વધુ વધુ જોઇએ, એ તેનો મોટો દુર્ગુણ (પ્રકૃતિજન્ય) છે, તેથી તેના લોભનો થોભ હોતો નથી, પાપોનો પુંજ વધતો જાય છે અને તજ્જન્ય દુઃખ પરંપરા મહાકષ્ટદાયી તથા મહાદારુણ થઈ પડે છેઃ—

આવી આપણી સ્થિતિનું મૂળ કારણ પ્રકૃતિનો સંગ છે, જેના પ્રતાપે અથવા પ્રભાવે સદાને માટે દુઃખમુક્ત થવાના ઉપાયો પણ સૂઝતા નથી. આ વિષે અમે આવું ગાયું છેઃ—

મજબૂત માયાસંગ હરિ વળગાડયો આપે વિધવિધ વેષ;
મનવાસના વૃત્તિઓ ઇંદ્રિય, પંચભૂતનું અંગ;
મગાં સ્નેહી સવ સંસારી, જન જીવનના પ્રસંગ. હરિ
અન્ન ધન માન જમીન શ્રી સત્તા વિવિધ સ્પર્શરસ રંગ,
અનુ નિમિત્ત પળ ન ચાહું ચિત્ત એ, જાણે તું શ્રીરંગ. હરિ

આજે આપણી આસપાસ જે કંઇ એકઠું થયું છે આપણી કૃતિઓનું પરિણામ છે, દેહ પોતેજ પ્રારબ્ધ કર્મ

। છે, જેમાં પ્રારબ્ધ તેવો દેહ બનીને આપણને પ્રાપ્ત થાય છે; માં બીજાં કેટલાંય પ્રારબ્ધ કર્મોનાં ફળ ભોગવવાનું શ્રીહરિએ ।વેલ છે. આમ આપણી કૃતિઓનાં કડવાં ફળ આપણે અનુ-વવાં પડે છે છતાં હજીયે તેના તરફની ચાહના વધ્યે જાય -હજી પણ તેને આપણે વળગી રહ્યા છીએ, એટલે પરમાત્મા ણ શું કરે? છતાં એટલું સમજવામાં તો આવ્યું છે કે આપણો ા વ્યાપાર ઠીક તો નથીજ; કારણકે પ્રથમ તો દેહનેજ જીવ ।મજતા હતા, તેથી તે સમજણમાં પરલોકનો તો વિચારજ આવતો ન હતો; અને તેથીજ આ લોકમાં ભક્ષ્ય, અભક્ષ્ય, ગ્રાહ્ય, અગ્રાહ્ય-એ બધું ભોગવી લીધું અને તેજ ખરૂં છે એમ માની 'ऋणं कृत्वा घृतं पिबेत्-કરજ કરીને પણ ઘી પીવું' એવાં નાસ્તિક સૂત્રોને અનુસરી 'ખાસા જીવને ખલલમાં ન નાખવો' 'પિંડ પાળ્યો એટલે જગ પાળ્યું' એ ન્યાયને પ્રધાન માન્યો; પણ છેવટે સમજાયું કે મૃત્યુ પછી આ બધું સહેવું પડશે. તેના પ્રતિકાર તરીકે દાન, પુણ્ય, જપ, તપ કરવાનો કંઇક આરંભ કર્યો; પણ તે બધું પાછું પ્રાકૃત મેળવવા માટેજ કરવા માંડયું, પ્રકૃતિથી છૂટવા માટે નહિ; એથી તો પ્રકૃતિનો સંબંધ ઊલટો વધ્યો, સ્વર્ગાદિના વૈભવો ભોગવવાની લાલચ થઇ, તે માટે યજ્ઞ-યાગાદિ પ્રયોગો આરંભી દીધા; પણ શાસ્ત્રો તરફ સૂક્ષ્મ દૃષ્ટિપાત કરતાં છેવટે સમજાયું કે આ બધું નાશવંત હોઇ ઊલટું વધારે દુઃખદાયી છે. આમાં તો નફા કરતાં ખોટ વધારે છે. આમ ને આમ પ્રાકૃત સંબંધ રહેશે ત્યાંસુધી જન્મમરણ-થી કદીયે નહિ છુટાય, ફરી ફરી એજ ગૂંચમાં ગૂંચાવાનું રહેશે, છૂટવાનો કદી આરોજ નહિ આવે. આ વસ્તુ સમજાઇ ત્યારેજ અસતનો સંગ ત્યજવા હૃદયમાં દઢ નિશ્ચય થયો, એટલે મુમુક્ષુ સ્થિતિમાં આવી પહોંચ્યા. આ સ્થિતિમાં આવ્યા પછી

અસતથી છૂટવાની તથા સતનો સંગ કરવાની દૃઢ ભાવના દૃ૦ છે અને નિશ્ચય થાય છે કે વસ્તુતઃ જીવને જન્મમરણ છે નહિ, અને અસતનો સંગ કરવાથીજ તેને તે અનુભવવાં પડે છે; એટલું જ નહિ પણ જીવનકાળમાંયે મરણદશાનો અનુભવ કરવો પડે છે–'જીવતાં મુઆની સ્થિતિ ભોગવવી પડે છે.' એ સંબંધે અમે ગાયું છેઃ—

ગરબી–'વારો યશોદા' એ રાગ

જીવતા મુવા તે ક્યાંસુધી રહેશું હજી જીવતા મુવા તે ક્યાંસુધી!
ક્યારે વાપરશું બુદ્ધિ હજી જીવતા મુવા તે ક્યાંસુધી!
જીવન ચેતન મોત તે જડ છે, જાતે જાણી હજી જુદી. રહેશું
જીવન તે સુખ મૃત્યુ તે દુઃખ શું છે વધુ રાખો ગૂંધી. રહેશું
જીવન શુચિ મૃત્યુ અશુચિ છે, વધે શું શુદ્ધિ કે અશુદ્ધિ. રહેશું
જીવતો કરે મુવો ન કરે કંઇ, કૃતિઓ બને વધુ ઉંધી. રહેશું
જીવતાં રળે મુવે બધું ખોતા, ખોયું પુણ્યે નાચી કુદી. રહેશું
જીવનમુક્ત અનુ થાય સુભાગી, અમે તો દીધું જ્ઞાન રૂંધી. રહેશું

આ પ્રમાણે વિચારો થયા, સ્વરૂપ સમજાયું; પણ જેમ વસ્ત્રો ઉતારીને ફેંકી દઇએ અથવા વેશ્યાનો સંગ ત્યજી દઇએ તેમ આ પ્રકૃતિનો સંગ જલદી ધાર્યા પ્રમાણે કયાં છૂટે છે? તે વિષે અમે ગાયું છે કેઃ—

पद–'बन गयो वैद' એ રાગ

कैसे हैं बंध बांधिहो बांधनहारे,
कैसे हैं गंधि गंधि हो बांधनहारे. टेक
ग्रंथिका मुखहि नहि मिलता, ढुंढतहि जनहारे;
मिले उन्हों ने शिथिल न होरे कर्म प्रबल है ये ग्रंथि
तुम्हारे हो. बांधन०

। कीये तो कठिन होत यो, थाके सुरमुनि सारे;
; तें तूटे क्या तूटे, तोडनके साधनहि विचारे हो. बांधन०
। चोराशी तन बदली बदलो स्थळ चौद उधारे;
नतें बाहीर नहि होते, रोतें रहे बहु संगी हमारे हो. बांधन०
डे तोडे एक आपही, ऐसा आप उचारे;
नंत आके शरण हरिके, छोडनकों वाकोंहि पुकारे हो. बांधन०

આપણે એક દૃષ્ટાંત જોઈએઃ—એક આંગળી પર વીંછી કરડ્યો
ય ત્યારે તે આંગળીને કાપી નાખીએ તો ઊલટું વધારે દુઃખ
ય, તેવું આ પ્રકૃતિના બંધસંબંધમાં છે. દેહને પાડી નાખીએ
પ્રકૃતિનું બંધન છૂટી જાય એમ છે નહિ; ઊલટું તેથી તેનું
ધન દૃઢ બને છે; એટલે આખી જાતને ઝેરની અસર થઈ છે
ાં થાય શું ? માત્ર આત્માની રશ્મિઓ પર અથવા તેના સ્વયં-
દ્ધ જ્ઞાન પર અજ્ઞાનનો મેલ જે જામ્યો છે તેનેજ ધોઈ નાખ-
ામાં આવે તો પ્રકૃતિના બંધનનો છેદ થઈ શકે; પણ તે મેલને
ાવો શાથી ? એ મેલ તેજ પ્રકૃતિ છે, એટલે પ્રકૃતિને પ્રકૃતિથી
ેમ ધોઈ શકાય ? કાદવને ધોવા માટે કાદવ ન જોઈએ; એમ
કરવાથી તો ઊલટું બંધન વધી પડે ને છૂટવું મુશ્કેલ થઈ જાય.
તે માટે શ્રીહરિએજ અનાદિથી આ પ્રકૃતિમાં બંધાયલા આત્મા-
ઓના છૂટકારા માટે એ પ્રકૃતિમાંજ અવકાશ રાખ્યો છે; સર્વમાં
છૂટકબારી મૂકી દીધી છે, પ્રકૃતિ ત્રિગુણાત્મક છે; સત્ત્વ, રજસ
ને તમસ એ ત્રણ તેના ગુણો છે; તે માંહેના સત્ત્વગુણની જો વૃદ્ધિ
થાય તો તે દ્વારા રજોગુણ તથા તમોગુણ દૂર થાય છે, અને પછી
તે સત્ત્વગુણજ સ્વપરના સ્વરૂપદર્શનનો અનુભવ કરવામાં સહાય-
કારી બને છે એટલે ' सत्त्वात् संजायते ज्ञानम् —સત્ત્વગુણથી જ્ઞાન
ઉત્પન્ન થાય છે.' આમ પ્રકૃતિનાજ એકભાગથી પ્રકૃતિના બીજા

ભાગોને દૂર કરી શકાય છે; આવા ઉદ્દેશથીજ ભગવાન શ્રી [illegible] અર્જુનને આજ્ઞા કરી છે–' नित्यसत्त्वस्थः-સર્વદા તું સત્ત્વ[illegible] સ્થિતિ કર.' તેથી ધીમે ધીમે રજોગુણ તથા તમોગુણ [illegible] થતા થતા મૂળથી ચાલ્યા જશે ને છેવટે એકલો સત્ત્[illegible] પ્રકાશી નીકળશે. પછી સંભાળવાનું જ એ રહે છે કે, ર[illegible] તથા તમોગુણ પાછા પેસી ન જાય. એમ કર્યે જતાં કેવળ [illegible] ગુણજ સ્થિર થતાં જે જ્ઞાન પ્રકટે છે, તેનેજ અહીં 'સત્' [illegible] લઇને આપણે કહી શકીએ છીએ કે, ' સત્સંગ શું ન કરે !' [illegible] જોઇએ તો 'સત્' એ તો કરણ છે, તેનાવડે જણાતો કર્તા આ[illegible] સહાય કરે છે, પણ તે ક્યારે ? જ્યારે તે પ્રકટે છે ત્યારે. [illegible] તેને જાણીને સહાય માગવી જોઇએ. માગ્યા વિના તે આ[illegible] કરતો નથી; એ નિયમ તો પળાવે છે. તેમાં જેઓ સાર[illegible] પાળે છે તેઓને તે પાત્ર બનાવે છે અને પછી સહાય આપે છે

હવે તે નિયમો કયા ? તેનું પાલન શી રીતે ? જેથી સત્[illegible] વધે એ સમજવું જોઇએ; નહિ તો રજોગુણ તથા તમોગુ[illegible] અથવા લેશમાત્ર ઓછા ન થાય તો સત્ત્વગુણનું [illegible] ચાલે, અર્થાત સત્ત્વગુણદ્વારા રજોગુણ તથા તમોગુણ [illegible] જાય અથવા ઓછા ન થાય તો ગમે તેવું જ્ઞાન થયું [illegible] પર કરે, પણ તેમાંથી છોડવા માટે તેમને પ્રાર્થના [illegible] ઇચ્છા પણ ન જાગે. ઊલટું આવું આવું કહેવાનું મન [illegible] હે પ્રભુ ! ' मने [illegible] -ધન, ધાન્ય તથા [illegible] [illegible] -અર્થાત્ પ્રકૃતિના [illegible] [illegible] કરવાની ઇચ્છા [illegible] [illegible] કરવાની હોય છે. [illegible] [illegible] કે, સત્ત્વગુણની વૃદ્ધિ [illegible] [illegible] છે, અને તે [illegible]

ચાહના કર્યા કરવાની જરૂર હોય છે કે, 'આહાર મતિ સાત્ત્વિક રહે તો સત્સંગ શું ન કરે?'

આપણે ઘણી વાર જાણ્યું છે ને જોયુ પણ છે કે સત્સંગ કરવો એ, ને તેજ આવશ્યક હોઇ સતત ચાલુ રાખવો જોઈએ, જ લાભ જેટલો લેવાય તેટલો લીધા કરવો જોઇએ અને તે પ્રયત્ન શરૂ કરી અભ્યાસ પણ ચાલુ કરીએ છીએ, છતાં પરિણામ તો 'गजस्नानमिवाफलम्–હાથીના સ્નાનની પેઠે ફળ સ્વરૂપેજ દેખાય છે. તેનું કારણ શું છે? તે જુઓઃ—

દેવવાળું મન છે ભમરાળું રે,
વાસનાઓ પોતામાંહે વસાવે, એમાંથી તર્કો અનેક ઉઠાવે;
રૂપો દેખાય કે તેમાં ફસાવે, કર્મ કરાવે ને કાળ ગુમાવે.

એમ મનના સપાટામાં આવ્યા કે વાસનાઓનો પ્રવાહ તો ચાલે છે, જેની કોઇ અવધિ રહેતી નથી; ઊલટો પ્રતિદિન તોજ જાય છે ને તેમાંથી પાપ ઉત્પન્ન થાય છે. આવા અભિપ્રાયથીજ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશે છેઃ—

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

'રજોગુણથી ઉત્પન્ન થનાર આ કામ અને ક્રોધ મહાપાપી તેનો ખોરાક ઘણો મોટો છે અને તેજ આ જગતમાં વૈરી છે, મ તારે જાણવું.' આમ કહીને તેઓ છેવટે દર્શાવે છે–'जहि [महाबाहो] कामरूपं दुरासदम्–હે મહાબાહુ! કામરૂપી દુર્જય શત્રુનો તું નાશ કરી નાખ.' આ કામ એ પ્રાકૃત સુખોની અભિલાષા રૂપ છે; તેને હાંકી કાઢવો તે ઘણુંજ કઠિન કામ છે; કેમકે ગુણ રહે ત્યાંસુધી તે રહેવાનોજ. તેને જેમ અટકાવો તેમ

ને છે'–સાત્ત્વિક, રાજસ ને તામસ. એટલે જે ગુણવાળું અન્ન
વિશેષ ખાઈએ તે ગુણ વિશેષ પ્રમાણમાં વધે છે; ને તેનું સૂક્ષ્મ
પરિણામ મનરૂપે થાય છે. આ વસ્તુ લક્ષ્યમાં રાખીને જેમ બને
તેમ તુરતજ રાજસ–તામસ આહારો બંધ કરી દેવા જોઈએ.
ગીતાજીમાં આ સંબંધે ખાસ કહેવામાં આવેલ છે ને તે વાત
બરાબર સમજાય તેવી પણ છે. આપણે અનુભવીએ છીએ કે
ભાંગ કે દારૂ પીવાથી મન ભ્રમિત બને છે, ત્યારે દૂધ પીવાથી
દૃઢ અને સ્થિર થાય છે; એટલે મનનો સ્વભાવ પલટવા માટે
આહાર પર મોટો આધાર રહે છે. ઉત્તેજક વસ્તુનું અવલંબન
મનને ન થવા દેવું એ ખાસ સંભાળવાનું રહે છે. આ સંબંધે
અભ્યાસ કરી મન શુદ્ધ બની જાય તોપણ તેને કુસંગ ન થઈ
જાય તે પણ વિશેષ સંભાળવાનું રહે છે; કેમકે સંગની કોઈ
પણ વસ્તુને અસર થયા વિના રહેતી નથી—

> લગાર ઝેર દૂધ બાર શેરમાં સમાય તો;
> વિકાર તેજ વાર થઈ પીનાર પ્રાણ જાય તો.

દૂધ જેવી ઉત્તમ વસ્તુ પણ તાંબામાં નાખો એટલે તે વિષ-
રૂપ બની જાય છે; આમ સંગજન્ય ગુણ–દોષ મન પર અસર
કરે છે, એ લક્ષ્યમાં રાખી તેવા દૂષિત પદાર્થોનો કે શરીરનો
સંબંધ થવા ન દેવો.

> ग्रह भेषज जल पवन पट्ट पावें कुयोग सुयोग ।

'ઘર, ઔષધ, પાણી, પવન ને વસ્ત્ર જેવા સારાનરસાના
સંબંધમાં આવે છે તેવાં સારાંનરસાં થાય છે' એ પ્રમાણેજ
મનની બાબતમાં છે. નિર્મળ સત્ત્વગુણની સંગતિથી મન
નિર્મળ બને છે અને નિર્મળ સાત્ત્વિક આહાર–વિહારથી શુદ્ધ
સત્ત્વગુણ વધે છે. ખાનપાન વગેરેમાં આપણે જે વસ્તુનો ઉપ-

નાર મનુષ્યો સર્વ પાપોથી મુક્ત થાય છે. આ વાકયમાં ખરેખરૂં રહસ્ય છે; કંઇ અન્નાદિ દૂષિત હોય તો પણ ભગવત્સંમુખ જઇ તેમના પાવન દૃષ્ટિપાતથીજ પવિત્ર બની શુદ્ધ સત્ત્વગુણમય મહાપ્રસાદરૂપે બની જાય છે, એટલે તેમાંની ઝેરી અસર દૂર થતાં તે વિશુદ્ધ આહાર મનુષ્યને ભક્તિમાન બનાવે-પ્રભુ-રસિક કરે. પછી તેમાં વિશેષ વૃદ્ધિ કરવા તેમનાજ વિચાર, ગુણગાન, શાસ્ત્રશ્રવણ, અધ્યયન, પઠનમાં લાગી રહેવાથી વિશેષ સાત્ત્વિક રંગો વધે ને રજસ-તમસના કુઢંગો દૂર થાય. આટલું થયા પછી પણ અટકવાનું તો નહિજ; કૃતિઓ પણ તેજ પ્રકારની સાત્ત્વિકજ બની રહે, તેનો ખ્યાલ રાખવો જોઇએ. જેમ ખીરમાં ખાંડજ જોઇએ ને છાશમાં મીઠુંજ જોઇએ; તેમ સારી પદવીએ પહોંચાય ત્યારે કર્મો પણ સારાંજ કરવાં જોઇએ. સારાં અન્ન-મનનો લાભ સારી કૃતિ કરવામાં લઇ જઈએ તોજ તેનું સાર્થક્ય થયું ગણાય. જેનું છે તેના માટેજ અથવા તેના ઉદ્દેશેજ કરવામાં આવે તોજ તે સત્કૃતિ ગણાય. એટલે શ્રીહરિનુંજ પૂજન-અર્ચન, તેમનુંજ સેવન અને તેમનેજ તન, મન, ધન અર્પણ કરી; એક તેજ પ્રભુને સ્વીકારી, તેમનાજ કરી, કેવળ તેમનુંજ શરણ જો લઇએ તો પછી જુઓ મજા! 'સત્સંગ શું ન કરે?' એ રીતે 'આહાર મતિ કૃતિ સાત્ત્વિક રહે તો'-ખાવાપીવામાં, ધ્યાવામાં ને સર્વ પ્રકારનાં વર્તન-કૃત્યમાં જો કેવળ સત-શ્રીહરિનોજ સંગ-પ્રસંગ રહ્યા કરે તો નિષ્ફળતાને અવસરજ નથી. અજ્ઞાન, પ્રાકૃત લોભ, મોહ, તમસ, રજસ વગેરે પ્રાકૃત મેલ પ્રતિદિન ક્ષીણ થતો જાય, સત્ત્વનો વિકાસ થતો જાય ને છેવટે સાધ્યસિદ્ધિ અવશ્ય થાયજ. આ વાતનો જો નિશ્ચયજ હોય કે પ્રભુ એજ સર્વોત્કૃષ્ટ વસ્તુ છે, તેજ સર્વથા પ્રાપ્ય અને સંગ કરવા યોગ્ય છે તો પછી તેનાજ સંપૂર્ણ દૃ

ઉત્સાહથી તેમની સેવામાં મગ્ન રહેવાય; એટલે
જેવા થવામાં શો ગ઼ ર્દેહ ? શી વાર ? આજ મુદ્દો અ

જેને જેવો સંગ રંગ બાઝે તેવો બેસે, (આ આ
જેને જેવો સંગ પ્રેમ પણ તેવો પારો, (આ મધ્ય
જેને જેવો સંગ કામ તેવાં તે કરશે, (આ કર્તવ્ય
જેને જેવો સંગ ઠામ તેવે જઈ ઠરશે. (આ પરિણ

અર્થાત્ એ સર્વોત્કૃષ્ટ પરમેશ્વરના સત્સંગથી તેજ પ્ર
પરમ આનંદ અનુભવી શકાશે; તે માટે સાધનો અહીંનાં
લોકનાંજ ઉપયોગમાં લેવાનાં છે; જે માયાનોજ એક પ્રક
જે માટે અમારો આ ઉચ્ચાર છે:—

પદ

માયા મને નિત્ય ભૂલાવે, પ્રભુજી ઘડી ઘડી ગભરાવે;
વિધ વિધ વિષયી વેશ કરીને મનડું મ્હારૂં લલચાવે રે.
આટલી અરજ મ્હારી, ઇશ ઉરમાંહી ધાર,
એનો ઉપયોગ મને ત્હારી સેવામાં કરાવ;
અણુને તરાવ એજ નાવે રે, માયા મને નિત્ય ભૂલાવે.

જે દેહ બંધનરૂપ ગણાય છે તેજ દેહ સંસારસમુદ્ર તરવ
મજબૂત અને નિર્ભય નૌકારૂપ થઈ શકે છે, જે દ્વારા અર
પરસ્થળે-પ્રભુચરણમાં પહોંચી શકાય છે. આ અભિપ્રાયને સ્વ
માં બે પદો ફરી પથ્ય ઔષધરૂપે કહીએ:—

પદ-રાગ કાફી

યો કુસંગથી ભાઈ, પ્રસંગ બધે એના જબરા છે જામ્યા. બચે
ાતા જોના તને સ્પર્શતાં ચેત સધ ધીર સાહી;
ર વિચાર વિકાર આકારે, શીઘ્ર તેમ સહેલાઈ. પ્રસંગ

ાખુંય જગત લગભગ એનાથીજ ભર્યું છે. તે તરફ સહેજ
ને લક્ષ્ય આપ્યું તો જરૂર કામ બગડે છેઃ—

ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते ।
संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते ॥

વિષયોનું ચિંતન કરતા મનુષ્યને પ્રથમ તેઓમાં સંગ થાય
ંગ થયો એટલે તેઓને ભોગવવાની ઇચ્છા ઉત્પન્ન થાય
ને તે ઇચ્છા કોઇના તરફથી જો અટકાવાય તો ક્રોધ ઉત્પન્ન
છે.' એટલે એજ કે 'મૂળ દુષ્ટ ને સોબત તેવી, શું ન થાય
ાન?' આગ ને દારૂ એકઠાં થાય એટલે ત્યાં ભડકોજ થાય,
ં શું કહેવાનું હોય? કામથી ક્રોધ અને પછી તો બધા સાથે
ધ. જુઓ, વિશ્વામિત્રે મેનકાને જોઈ એટલે તેના પર મોહી
યા; થોડાજ મહિનાઓમાં કેટલાંય વર્ષોની કમાણી ખોઇ
ી. આ કથા જગતમાં પ્રખ્યાત છે. દુષ્ટ વસ્તુનો એ સ્વભાવજ
કે સંગમાં આવીને તે સમૂળગો નાશ કરી નાખે છે. 'શત્રુ
રોગ તેને નાના સમજવા નહિ.' એ કહેવત અનુભવસિદ્ધ
અને જગતમાં ખરા શત્રુ જોઇએ તો કામ, ક્રોધ, લોભ ને
હ એ ચારજ છે. પ્રત્યેકની સાથે શત્રુતામાં તેજ મૂળ કારણ
ને છે; માટે તેઓની—

મન પર તન પર થાય અસર તો કર ઉપાય ઝટ ધાઈ;
વાર થયે વધતું વિષ ફેલે, કાઢતાં પણ કઠણાઈ.

જેમ ખરાબ વસ્તુઓનો જગતમાં પાર નથી તેમ સારી
સ્તુઓ પણ અપાર છે. પ્રભુની એ કૃપા છે કે જો કદાચ ભૂલ
ાય અને તે ભૂલ ધ્યાનમાં લેવાય તો તેને સુધારવાના માર્ગો
ણા પડયા છે. એટલે કાયિક, વાચિક કે માનસિક દોષો દૂર
રવાના ઉપાયો પણ અનેક છે. તેથી સંક્ષેપમાં કહ્યું છે કેઃ—

મને અડે તો વિગાર ફેરવ, સમર વસ્તુ સુખકાર
તને અડે તો વિશુદ્ધ વસ્તુ અડાડ, ફેળ ભય ખાર.

એ વાર થઇ તો જરૂર વિષ વ્યાપી જશે. માટે ચતુરે
ઔષધ કરવા માંડવું. વસ્તુતઃ સત્ય વાત તો એજ છે કે કોઇ
રોગને ઉત્પન્ન થવા દઇ પછીથી તેને દૂર કરવાના ઉપાયો ર
તેના કરતાં રોગ ઉત્પન્ન ન થાય તે માટેજ પગલાં લે
ઉત્તમ છે. શિક્ષાથી સુધારવા કરતાં ગુના ન થવા દેવા તે
'કેળવણી' છે. અથવા ગંદવાડમાં વસી તાવ લાવવો તે
કરતાં સફાઇમાં વસી તાવ લાવવો એજ ડહાપણ છે; કારણકે
તો નવરો નખોદ વાળે.' ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે-'
कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्-કોઇ પણ પ્રાણી
સુધી પણ કર્મ નહિ કરતો કદી રહી શકતો નથી.' આ
પ્રમાણે કર્મ કર્યેજ છુટકો છે, પણ તે કર્મ જો સત્કર્મ
તો ઇષ્ટ ધ્યેયને પહોંચી શકાય છે; એટલે આપણે પણ
વેગે ન જવું તે વધારે હિતકર છે; માત્ર તેમાં દંભ ન
જોઇએ. ભગવાન તેજ કહે છેઃ—

कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् विमूढात्मा मिथ्याचारः स उच्यते ॥

'જે મનુષ્ય કર્મેન્દ્રિયોને વશ રાખી મનથી વિષયોનું ચિં
કરે છે તે અત્યંત મૂઢાત્મા છે અને મિથ્યાચાર કહેવાય છે-
છે.' એમ કાર્યસિદ્ધિ થઇ શકે નહિ; પણ એજ ઇન્દ્રિયો
શ્રીહરિનું સેવન કરવારૂપ સત્સંગ કરે તો જરૂર રજોગુણ
તમોગુણની નિવૃત્તિ થતાં તેનો વેગ અટકી જાય છે અને
માર્ગે જનાર આગળ વધી શકે છે; એ વાત ભગવાન સૂચવે

यस्त्विन्द्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

'હે અર્જુન ! જે મનુષ્ય, મનવડે ઇન્દ્રિયો પર કાબૂ મેળવી ન્દ્રિયોદ્વારા નિષ્કામ કર્મયોગનો આરંભ કરે છે તે ફલા- ા રહિત હોઇને સૌથી આગળ વધે છે'–અર્થાત્ નિષ્કામ કર્મ- નું સેવન કરનાર શ્રીહરિનો ભક્ત જ્ઞાની કે ધ્યાની કરતાં પણ છે; માટે ભગવાન તે વાત ઉપર ભાર દઇને ફરી અર્જુનને હે છે:—

नियतं कुरु कर्म त्वं कर्म ज्यायो ह्यकर्मणः ।
शरीरयात्राऽपि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥

'તું નિયમનિષ્ઠ રહી કર્મો કર્યા કર. કર્મો નહિ કરવા કરતાં ર્મો કરવાં તે વધારે સારૂં છે. જો તું કર્મ નહિ કરે તો તારો રીરનિર્વાહ પણ થઇ શકશે નહિ.' જ્ઞાની હોય કે ધ્યાની હોય ણે પણ કર્મ કર્યા વિના કેમ જીવી શકાશે ? જ્ઞાન કે ધ્યાન પાદન કરવાનું સાધન તો શરીર છે, તેથી શરીર ટકાવ્યા વિના ા થાશે તેમ નથી જ. શરીર જો સ્વસ્થ હશે તો આરોગ્ય, મનની સ્થિરતા વગેરે અનુકૂળતા જળવાઇ રહેતાં ઇશસાધના થઇ શકશે; તે માટે જો કદાચ ગમે તેમ વર્તી ગમે તે રીતે શરીરનિર્વાહ કરવા તત્પર બનશે, ગમે તે ખાઇ-પીને શરીરને ટકાવવા જશે તો વિશેષ ભ્રષ્ટતા અથવા અપવિત્રતાનો સંયોગ થતાં મન-બુદ્ધિમાં અસર થશે, ને તે પછી દુર્વિચારોનો ઉદ્ભવ થતાં ઇન્દ્રિયો પણ અવળી સરશે; માટે કેવળ ભગવત્પ્રીત્યર્થ-ભગવદર્પણ કરીને સદાચારપૂર્વક કર્તવ્યાકર્તવ્યના વિચાર સાથે કર્મો કર્યે જવાં, અને તેવાં કર્મોદ્વારા શ્રીહરિચિંતનરૂપ સત્સંગમાં પ્રતિદિન વૃદ્ધિ કરવી,

તે શ્રેયસ્કર માર્ગ છે. એવાં નિષ્કામ શુભ કર્મો કદી બંધનકર્તા થતાં નથી. એ સંબંધે ભગવાન કહે છેઃ—

यज्ञार्थात् कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौन्तेय मुक्तसंगः समाचर ॥

'હે કૌન્તેય-અર્જુન ! ભગવત્પ્રીત્યર્થ કર્મો સિવાયનાં કર્મો કરનારા લોકો કર્મથી બંધાય છે; માટે કેવળ ઇશ્વરપ્રીત્યર્થ તું કર્મો કર, અને તેમાં ફળાસક્તિનો ત્યાગ કર.' બસ, આ ઉદ્દેશ કર્મનો હોવો જોઇએ કે શ્રીહરિપ્રીત્યર્થ કરાતાં મારાં કર્મોથી મારો પ્રકૃતિસંગ દૂર થાઓ અને મારા પર ચઢેલ રજસ-તમસના મેલ ધોવાઈ જાઓ. આ ઉદ્દેશપૂર્વક જો સત્સંગ કરે તો 'સત્સંગ શું ન કરે, આહાર મતિકૃતિ સાત્ત્વિક રહે' અને એવાં સાત્ત્વિક આહાર, મતિ, કૃતિ રાખવાજ જોઇએ એ જગતને શીખવવા માટેજ પ્રભુએ અવતારો લીધા છે, તે તે વસ્તુ પ્રદર્શિત કરવાને અદ્યાપિ પ્રતિમાસ્વરૂપે ઘર, મંદિર તીર્થધામોમાં બિરાજે છે. એજ ઉદ્દેશથી પોતે માનવચરિત્રો આચર્યાં, એ ચરિત્રોના ગ્રંથો લખાયા, એને આચરનાર મુનિઓ ભક્તરૂપ ઠર્યાં, એમને પ્રભુએ ઉત્તેજન આપ્યાં, તેના વિરોધીઓને શિક્ષાઓ કરી, ભક્તોનાં પાલન કર્યાં અને આજે માટે પણ આજે એજ શીખવા માટે ધામ, ક્ષેત્ર, ગ્રંથ, ગુરુઓ શિષ્યજનો અસ્તિત્વ ધરાવે છે. એટલે 'હાંસ મ્હારી હરિકી ન્હારી, એ અનુકૂળ કૃત્ય કરે' એ વસ્તુ સિદ્ધ થવા માટે 'આહાર મતિ કૃતિ સાત્ત્વિક રહે' તો 'સત્સંગ શું ન કરે?' આ ભાવને દર્શાવતું નીચેનું બોધ આપતું પદ જોઇએઃ—

પદ-રાગ કાફી

કર સત્સંગે વાસ

સત્ શ્રીહરિનાં નામરૂપ ગુણ ચરિત સ્મરણ સુખરાશ;
નીરખે કહે સુણે કે વાંચે, જ્યારે જે હોય પાસ ગ્રાસ પછી.

આટલે દરજ્જે આપણે પહોંચી જઇએ તો આપણી આ
થૅના યોગ્ય ઠરે છે. માટે તેવા થવાને પ્રયત્ન કરવો અને
ગવું કેઃ—

'નટવર વસંત' એ રાગ

હરિ ઉરમાં લગની ત્હારી લાગી રહે;
લાગી રહે પ્રેમ જાગી રહે. હરિ૦
નયને છબી નીરખ્યા કરૂં, વાંચું ત્હારી વાત;
કાને ગુણો સુણ્યા કરૂં, રહું ઉભે દિનરાત.
તનથી ત્હારાં કામ, કરતાં નવ થાકું રે;
વળીમનથીધરતાંધ્યાન,સ્મરણકરીરાખું રે.
જીવન ગાળું સેવમાં, એવીજ પાડો ટેવ;
અન્ય આદતો વેગળી, કરો દેવના દેવ.
પાપ ક્ષમા ચહી પાસ રહેવા અનુ,
નમી ફરી સુખે માગી કહે. હરિ૦

શાસ્ત્રો પણ એજ કહે છેઃ—

यन्मुहूर्तं क्षणं वापि वासुदेवं न चिन्तयेत् ।
सा हानिस्तन्महच्छिद्रं सा भ्रांतिः सा च विक्रिया ॥

'એક મુહૂર્ત અથવા એક ક્ષણ પણ વાસુદેવ–ભગવાનનું જો
ચિંતન ન કર્યું તો સમજવું કે તેજ મોટામાં મોટી હાનિ થઇ;
જ મોટું બાકું પડ્યું, તેજ ભ્રાંતિ થઇ ને તેજ વિકાર થયો.'
ાટે પ્રત્યેક ક્ષણ સુધીના કાળમાં શરીર તથા મન કેવળ પ્રભુ-
ાંજ રહ્યા કરે તો ઇષ્ટ સિદ્ધિ પાર પડેજ; અને તેથીજ આલમ-

ાણુ જીવ પ્રભુસન્મુખ થાય ! એટલે હરકોઈ કાળમાં
ત્તમ ઉપાય તરીકે સત્સંગ–સાધુસંગ કહેવાયો છે. હર-
ઉન્નતિ તે દ્વારાજ થઇ છે. જ્યારે 'गंगा पापं शशी तापं
दैन्यं–ગંગા પાપ હરે છે, ચંદ્ર તાપ દૂર કરે છે ને
ક્ષ દારિદ્રયની દીનતા ટાળે છે,' ત્યારે સત્સંગ કે સાધુસંગ
તાપ ને દીનતા એ ત્રણેનો એકી વખતે સત્વર વિનાશ કરે
ા સંબંધે અનેક દૃષ્ટાંતો મળે છે. વાલ્મિકિ લૂંટ કરવા
ને ત્યાંથી બોધ પામી મહર્ષિ બન્યા; તો પછી રીતસરની
ાથી સાધુસેવા કરી હોય તો શી ન્યૂનતા રહે ? માટેજ અમે
છે કે, 'કર સત્સંગે વાસ;' અને પાછું ત્યાંજ કહ્યું છે કે:—

સત સાધુ શ્રીનરજન સેવન, કરી કરી તે ખાસ;
હરિના હર લાલચથી કરતાં પાસ ગણો શ્રીનિવાસ.

કારણકે સાધુજનો એટલે સંતો તે આ જગતમાં હરતાં,
તાં ને જીવતાં પ્રભુમંદિરો છે; અને તે આશયથીજ કહેવાયું
'तत्रापि दुर्लभं मन्ये वैकुंठप्रियदर्शनम्–તેમાં પણ પરમાત્માના
ભક્તોનું દર્શન દુર્લભ છે એમ હું માનું છું' 'પ્રથમ
ગુરુ દેવકો જીને ગોવિંદ દીયે બતાય.' 'સત્સંગે સદ્બુદ્ધિ
વે શામળિયાથી સધાય સ્નેહ.' 'સંતસમાગમ દુર્લભ ભાઈ.'
મ સર્વત્ર સત્સંગમાહાત્મ્ય ગવાઇ રહ્યું છે. માત્ર એટલું તો જોવું
ઈએજ કે જે સંત કહેવાય છે તે સાચા સંત છે કે નહિ ? જો
ચા સંત હોય તો તેમનો સમાગમ કરીને અવસ્ય હૃદય-
ટો કરવો જોઇએ; તેમના સંગનો રંગ અંગમાં રગેરગ વ્યાપવો
ઇએ અને ઢંગ બદલવો જોઇએ. તે માટે ખરી તજવીજ
તેજ કરવાની રહે છે; બાકી તો જાત પરજ ભાત પડે છે:—

ફૂલે ન ફૂલે બેત જો, બરસે બરખા સુધા;
મૂરખ હૃદયે ન ચેત, જો ગુરુ મિલહી બિરંચિ સમ.

વિષયાસક્ત અને દૂર વ્યસની, હતા અતિશય આપ,
પણ ઘરમાંહે નારી સાધ્વી, ભક્તિમંત અમાપ;
જગબાપ તણી..........લાગી ઉર પર છાપ.
સ્વામી માત્ર રૂપથી મોહી, બની રહેતો આધીન,
રજા આપતો ભક્તિ ધરવા, વૃદ્ધ ગુરુ પ્રતિદિન;
સદ્બોધ કરે..............સુણે સતી તલ્લીન.
દ્વેષીએ ઉશ્કેર્યો પતિને, સતી પર દૂષણ દીધું,
ગુપ્ત રહીને ચરચા જોવા, પોતે નક્કી કીધું;
લક્ષે લીધું..........સુણ્યું બન્યું તે સીધું.

સંસારીઓની રહસ્યવાત જ્યારે પાપ કે સંતાપની હોય છે ત્યારે સંતોની હરકોઇ ગુહ્ય, ગુહ્યતર કે ગુહ્યતમ વાત કેવળ પરમેશ્વરવિષયકજ હોઇને તેમનાજ પ્રભાવ, પ્રતાપ કે કૃપાવિષેની હોય છે; તે આજે 'આહાર મતિ કૃતિ સાત્વિક રહે તો, સત્સંગ શું ન કરે?' એ મહાવાક્યનો પ્રસંગ આવ્યો અને બાઇએ પોતાના હૃદયની રહસ્યવાત ગુરુદેવ સમક્ષ પ્રકટ કરી કેઃ—

'બતા દે સખી' એ રાગ

સ્વામીજી મ્હારે સ્વામી નથી અનુકૂળ. ટેક૦
મદ્ય, માંસ ને વેશ્યાસંગી, લજવ્યું દ્વિજનું કુળ. સ્વા૦
તજું મરી કે ફરી વિરાગી, ધર્યું પાપ સૌ ધુળ. સ્વા૦

બસ, આજે તો તેણે એજ વિષય ઉપર વ્યાખ્યાન કરવા કહ્યું કે પોતે દ્વિજ થઇને, યજ્ઞોપવિત ધારણ કરીને, ક્ષત્રિય કહેવાઇને પણ તરકડીઓ સાથે સગાઇ કરે છે; તેઓના એંઠું ખાઈને કેવળ વૃથા જીવન ગુમાવે છે અને પોતાનું એંઠું સતીઓને ખવરાવે છે. તેથી આ મારા પતિથી તો હું થાકી ગઈ છું, અકળાઈ ગઈ છું; આવા પાપીની સાથે રહી પાપી

ભુને વીનવ. તારો પતિ તો ધનવાન છે, કુળવાન છે, જાતવાન છે, બુદ્ધિમાન છે અને ઉદાર છે; માત્ર સહેજ કુસંગનો રંગ તેના પર ચઢયો છે તે દૂર થતાં શી વાર લાગશે? શ્રીહરિ કૃપા કરશે એટલે તારા શુભ મનોરથો સત્વર ફળશે. દુર્વિચારોને તું ત્યજી દે; તારા જેવી ગુણવાન સ્ત્રીને આવા દુર્વિચારો ન ઘટે; તારા પર તો પ્રભુ સત્વર કૃપા કરશે; તારા જેવી સતી સ્ત્રી પોતે તરે ને પોતાના પતિને ન તારે તો તે સતીત્વ શા કામનું? પતિનો હાથ ઝાલ્યો તેને બરાબર ઝાલી જાણવો જોઇએ. ઘણા પતિઓએ પોતાની પત્નીઓને તારી છે, તો તું પણ તારા પતિને તાર. બ્રાહ્મણ-પત્નીઓ શ્રીકૃષ્ણ-શરણે ગઇ ત્યારે બ્રાહ્મણોએ તો એજ ઉચ્ચાર કીધો હતો કેઃ—

ધન્ય છઈએ અમે સર્વથી મળી છે આવી નાર,
એને પ્રતાપે હજી થયા આવા શુદ્ધ વિચાર.

પ્રભુના ચરણામૃતરૂપ તીર્થજળ તું તારા પતિને આગ્રહથી અથવા છૂપીરીતે પાયા કર; લાગ મળે તો પ્રભુપ્રસાદ પણ તેમને આપ્યા કર. તુલસીદાસને તેમની સ્ત્રીએ જેમ ચેતાવ્યા તેમ તું તારા પતિને યોગ્ય શબ્દોથી ચેતાવ. સુરદાસને એક વેશ્યા સ્ત્રીએ લાગણી આપી જાગ્રત કર્યા તેમ તું પણ તારા પતિને અજ્ઞાન-નિદ્રામાંથી જાગ્રત કર! પણ યાદ રાખ કે તારા પતિનો ત્યાગ કરવા માટે તેં લેશમાત્ર પણ જો વિચાર કર્યો તો તારો સર્વથા વિનાશ થશે. તારા અને તારા પતિ માટે હું પણ પ્રભુને પ્રાર્થના કરીશ અને તું પણ પ્રાર્થના કર્યા કર કેઃ—

'પ્રભુ ખબર' એ રાગ

જગનાથ મ્હારા નાથને સુધારજો રે;
મ્હેતો હાથ તેની લાજ રાખજો દયાનિધાન,
નાથ મ્હારાને સુધારજો રે.

વીનવ; તારો પતિ તો ધનવાન છે, કુળવાન છે, જ્ઞાનવાન બુદ્ધિમાન છે અને ઉદાર છે; માત્ર સહેજ કુસંગનો રંગ પર ચઢયો છે તે દૂર થતાં શી વાર લાગશે? શ્રીહરિ કૃપા એટલે તારા શુભ મનોરથો સત્વર ફળશે. દુર્વિચારોને તું દે; તારા જેવી ગુણવાન સ્ત્રીને આવા દુર્વિચારો ન ઘટે; પર તો પ્રભુ સત્વર કૃપા કરશે; તારા જેવી સતી સ્ત્રી પોતે ને પોતાના પતિને ન તારે તો તે સતીત્વ શા કામનું? પતિનો હાથ આવ્યો તેને બરાબર ઝાલી જાણવો જોઇએ. ઘણા પતિઓએ પોતાની પત્નીઓને તારી છે, તો તું પણ તારા પતિને તાર. બ્રાહ્મણ-પત્નીઓ શ્રીકૃષ્ણ-શરણે ગઇ ત્યારે બ્રાહ્મણોએ તો એજ સાર લીધો હતો કેઃ—

ધન્ય છઈએ અમે સર્વથી મળી છે આવી નાર,
એને પ્રતાપે હજી થયા આવા શુદ્ધ વિચાર.

પ્રભુના ચરણામૃતરૂપ તીર્થજળ તું તારા પતિને આગ્રહથી છૂપીરીતે પાયા કર; લાગ મળે તો પ્રભુપ્રસાદ પણ તેમને કર. તુલસીદાસને તેમની સ્ત્રીએ જેમ ચેતાવ્યા તેમ તું પતિને યોગ્ય શબ્દોથી ચેતાવ. સુરદાસને એક વેશ્યા સ્ત્રીએ આપી જાગ્રત કર્યો તેમ તું પણ તાર! પતિને અજ્ઞાન- જાગ્રત કર! પણ યાદ રાખ કે તારા પતિનો ત્યાગ કરવા તેં લેશમાત્ર પણ જો વિચાર કર્યો તો તારો સર્વથા વિનાશ તારા અને તારા પતિ માટે હું પણ પ્રભુને પ્રાર્થના કરીશ અને પણ પ્રાર્થના કર્યા કર કેઃ—

'પ્રભુ ખબર' એ રાગ

જગનાથ મ્હારા નાથને સુધારજો રે;
મ્હેં હાથ તેની લાજ રાખજો દયાનિધાન,
નાથ મ્હારાને સુધારજો રે.

તા, હું છું તારો તન.' આમ અહીં પણ પતિએ દૃઢ નિશ્ચય
ો લીધો, છતાં વિશેષમાં આ પતિને તો એ લજ્જા આવી કે,
કે એક સશક્ત પતિ હોવા છતાં સ્ત્રીની કમાણીથી તરવા ઇચ્છું
। કેમ બને? મારે પોતેજ કમાણી કરી સંસારને તરી જવો
ઇએ; મારી સ્ત્રી જો કે મારો પરોક્ષ ગુરુ થઇ છે, તોપણ
ટલાથીજ હવે બસ છે; ખરા ગુરુદેવ તો સ્વામીજીજ છે;
તેમના વચનામૃતની અસર મને નસેનસમાં થઇ છે.' આવો હૃદય-
પલટો મેળવીને જેમ અજામિલ યમદૂત અને વિષ્ણુદૂતની
વાર્તાથી બોધ પામ્યા હતા તેમ બોધ પામી પોતે પશ્ચાત્તાપ
કરવા લાગ્યા કે:—

ઉપેન્દ્રવજ્રા

જગ્યો અજામિલ હરિકૃપાથી, સુણી વદ્યા જે હરિદાસ ખ્યાતિ;
થયાં વળી દર્શન એ પ્રતાપે, વિચાર તો ચિત્ત પ્રપૂર્ણ તાપે.

તુલસીદાસજી સત્ય કહે છે કે:—

એક ઘડી આધી ઘડી, આધી મેંસે આધ;
તુલસી સંગતિ સાધુકી, કટે કોટિ અપરાધ.

અને અહીં પણ એમજ થયું:—

રાગ—'વૈદર્ભી' એ અથવા 'ભેખ રે ઉતારો'

ધિક્ક મને ધિક્કાર છે, ધિક્ક કર્મો અવતારજી;
વિમળકી દેહ સાંપડી, ભ્રષ્ટ કરી તે અપારજી. ધિક્ક૦
સદ્યું ગણ્યું એળે ગયું, લાગી બુદ્ધિને લહાયજી;
ભ્રષ્ટ થઇ દેહ તે હવે, શી રીતે બદલાયજી. ધિક્ક૦
કુળ અંગાર ઉદયો ખરો, પાડ્યા પિતૃને નર્કજી;
ભૂલો પડ્યો અઘ સાગરે, થયો છેકજ ગર્કજી. ધિક્ક૦
અનાચાર ન કયો કર્યો, કયું કીધું ન પાપજી;

શત્રુનું સૈન સમર્થ વેરી વસમો છે,
એને અનુકૂળ અનેક પ્રકાર સમો છે;
તેથી નિજબળથી લડવા હામ ન ચાલી,
પણ અંગદસિંહ ગણાતા વડા સુચાલી.
પ્રભુના પ્યારા છે તેથી એ કદી ફાવે,
જય કદી મેળવે સતીના વળી પ્રભાવે;
તેથી તેમને તમામ સેન દઈ સાથે,
શત્રુના સ્હામા મોકલ્યા નરનાથે.

લાવણી

સતીની સંમતિ લઇ શૂરે (૨)
હરિ હામ પર ચઢયા વિજયની શંકા ત્યાં શું રહે;
ભીડયા આવી થયું ન અસુરે (૨)
લડયા નડયા ને કનડયા પહેલાં તો પૂરા અસુરે.
અંત ફળી સતીની આશિષ (૨)
ચઢી છાતી પર કાપ્યું હાથે સુબા તણું શીશ;
તાજ હતું તેહનું બે મૂલ (૨)
લીધું ઉતારી સુખે થતા વસમો અરિ નિર્મૂળ.
જડેલા હીરા હતા મહીં સો (૨)
તેમાં એક વડો જોઇ માન્યું એજ હરિ હિસ્સો;
જ્યોતિ તેની ઝગમગ દીસે (૨)
ચઢું ધરીશ તે પ્રેમે સ્વીકારશે તે જગદીશે;
એથી એને પોતે રાખી (૨)
આવ્યા નૃપ પાસે ઉલ્લાસે વિજય વાત ભાખી.

દોહો

નૃપે આપ્યું ખુદના સમાન માન,
દીધાં નામીચાં બહુ ઈનામ નામ;

શીત પીને જાણુ બાહુ, નિશાન શાન,
રતનના મોતી કરુણાનિધાન ધ્યાન.

પદ 'ગઝલ'

બાહુ શકત ખ્યાત વાત એ હીરાનજી,
ગઢ નૃપાળ પાસ વાત એ હીરાનજી;
નહિ વિચારી યુક્તિ બાહુ રીતથી કરી,
તથાપિ ધારી ધારણા ન એ રીતે સરી.
તહાં પૂછ્યું પ્રત્યક્ષને ચઢ્યો હરિ ખરે,
નકાર સાફ અંગદે કહ્યોજ આખરે;
ચઢ્યો ઘણોજ ક્રોધ તથાપિ ડરી ગયા,
પ્રત્યક્ષમાં વિરોધ ના થવા કરી ગયા.

પરમાત્મા નિમિત્તે પણ લૌકિક ધનનો સંચય કર્યો કહ્યો
ઉત્પન્ન થયો; મહા ઉપકાર વીસરીને પડ્યો અરિ તેજ સહેજે
પરંતુ તેમનો પ્રતાપ એટલો બધો પ્રખ્યાત નથી.

'સાજન મુખડા' એ રાગ

કપટ નૃપતિએ કીધું રે.
ચપટજ કરવા ખટપટથી, ઝટ મન પર લીધું રે.
અંગદની હતી બ્હેન કુમતિ, ત્હેને લલચાવી યુક્તિવતી;
દઈને વિષભોજન નિજ પ્રતિ, વધ કરવા ચીંધ્યું રે.
જો કામ થાય તો તો ઇનામમાં દેવા ચાહ્યાં ચાર ગામ;
તેથી બદનામ કામ કરવા, તેણે મન દીધું રે.

પદ—'બન ગયો વૈદ'

બ્હેને નિજ ભાઈ, જમવાને તેડ્યા.
રાંધી દીધી ભાત ભાતની, ઝેર ભર્યું તે માંહી;
ભાઈ હરિને ધર્યા વિચારી મે, કદીએ નથી ખાતા કશું ક્યાંહી રે.

આવી દ્રઢતા હોય તેજ પૂર્ણ સત્સંગ અથવા પૂર્ણ ભક્તિ
છે; આવો સત્સંગ હોય તો 'સત્સંગ શું ન કરે ?' તેમને ખાત્રી
હતી કે, આમાં હવે વિષ રહેજ નહિ; અને વિષ રહ્યું હોય તોયે
મારી ભૂલ મારેજ સહેવી જોઇએ, એ નિશ્ચયથી—

પદ-રાગ આશાવરી

થરથરતી બ્હેની ઉભી રુવે છે, ટગરમગર ભાણોયે જુવે છે. ટેક૦
મહાપ્રસાદ આહ્લાદે લેતાં, ભક્તો ખાલીક્ષણ ન ખુવે છે. થ૦
કહ્યું બ્હેનનું કશું ન માન્યું, સ્તંભી ગઈ ન ખસી તસુયે છે. થ૦
માન્યું જીવીશ તો જગત છેજ આ, વૈકુંઠ મળવુંજ સુવે છે. થ૦

પદ-'પ્રિયતમ પ્યારા' ધનાશ્રી

ધન્ય દયાળા ધન્ય કૃપાળા, સાચા સંતતણા રખવાળા;
વિષનું અમૃત થયું અહા રે, પ્રાત કુશળ ભલી ભાતે ભાળ્યા. ધ૦
વધુ વધી કાંતિ વધુ વધી શાન્તિ, વિષે રોગ તનના સૌ ટાળ્યા;
અસર ન કરી ભક્તને ઝેરે, પણ નૃપને લાગી ગઇ જ્વાળા. ધ૦

રાજાને ભય પેસી ગયો કે, 'હવે આ વધુ જીવ્યો તો જરૂર
હુલ્લડ જગાવશે;' પણ તેને ભાન ન આવ્યું કે જેની આગળ
પ્રભુદૃષ્ટિથી વિષ અમૃત બન્યું તેને પોતે કેવી રીતે મારી શકશે ?
ખરેખર, મૂઢ મનુષ્ય અંત સુધી સમજી શકતો નથી. તેનામાં
એવું ધૈર્ય પણ રહેતું નથી કે પ્રભુભક્ત તો ક્ષમાશીલ હોય છે;
જ્યારે ભક્તોને જાણવામાંજ હોય છે કે દુષ્ટો પોતાનો સ્વભાવ
છોડતા નથી, તો 'તજ મન હરિવિમુખનકો સંગ' એમજ
પોતાના મનને ઉપદેશ આપે છે, અને તેજ પ્રમાણે કરવાને—

સમજ્યા પોતે સમય ન ખોતે, જોતે જોતે છોડી ઘર ચાલ્યા. ધ૦
પ્રસંગ ન થયું કોઈ નૃપ કરથી, દીશે લઈ ધાયા ...

આ બહેને પાપ કર્યું છે. વળી પોતે રાજાનો મંત્રી છે, તેઠે માન્યું કે આ અન્નનો સંગ 'પાપ' પણ માટે ગણ્યો, તેથી પ્રભુને પણ તે પાપનું નિવેદન કરાવાયું છે, અને તેમાં પોતેજ નિમિત્ત બનેલ છે, તેથી તેના પાપનું ફળ પોતેજ ભોગવવું જોઇએ, અને તે પણ અને પોતેજ તે વિષમિશ્ર અન્ન ખાઇ જવું જોઇએ અને તે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. વળી આ વિષમિશ્ર અન્ન પ્રભુપ્રસાદ તો થઇ ચૂકેલ છે, એટલે 'अकालमृत्युहरणं सर्वव्याधिविनाशनम्-(પ્રભુનું ચરણોદક) અકાળ મૃત્યુને હરનાર છે અને સર્વ રોગોનો વિનાશ કરનાર છે.' આ અમૃતસ્વરૂપ ચરણોદક પણ તેવું હોય છે તો આ તો સાક્ષાત્ પ્રમાણે જો પાદોદક પણ તેવું હોય છે તો આ તો અન્નનો મહાપ્રસાદ છે, તેથી તેમાં હવે વિષનો સંભવ રહ્યો નથી; વળી મને મારી નાખવાને રાજા તો તૈયારજ થયો છે, તો પછી તો કોઇ પણ પ્રકારે હવે મને મારીજ નાખશે, તો આ સમયે જ ખુલ્લો છે તેને કેમ ન સ્વીકારવો? આ સમયે માર્ગ આ સમયેજ ખુલ્લો છે તેને કેમ ન સ્વીકારવો? પ્રભુસ્મરણ કરતાં કરતાં પ્રભુપૂજા કરીને પ્રભુપ્રસાદ ગતાં જો પ્રાણ જાય તો તેથી ઉત્તમ મૃત્યુસમય કયો છે? સ્થિત રાજાએ પોતાના પર થયેલા શાપને અનુગ્રહ માન્યો હતો. કારણકે તેથી પ્રભુસ્મરણ કરવાનો પ્રસંગ મળ્યો હતો. ખરેખર, 'સત્સંગ શું ન કરે, આહાર મતિકૃતિ સાત્વિક તો?' એ સત્યજ છે.

રાગ ખમાચ

વધા ભક્ત નમ્ર રહી બ્હેન સાથ, બ્હેન સાથ અહીં થાળ હાં

... ક્યાં નહિ સત્ય મને તે હવે ન ખાઉં મ્હારે હાથ.

અંતે સરાપો, જમી ચૂક્યા મુજ પ્રાણનાથ.

'કણ પણ છોડું જીવન એ મુજ મહાપ્રસાદ

તો તું જાણે, હું તો જમીશ સમાહ્લાદ

તેંજ અપાવ્યો છે જય ભારે, તેંજ અપાવ્યો હીરો પ્યારે,
તેંજ સ્વીકારે ને તે ધારે, થાય તદા ઠંડક મન મ્હારે;
તેથી લેજે લાંબે હાથે, ફેંકું છું આ,
એવું કહીને નાંખ્યો તે દિશા, જગ૦

પદ-રાગ સોરઠ 'જશોદાજી' એ રાગ

જઈને સવારે કહ્યું નૃપને અંગદે હીરો હાથેથી,
સરમાંહે સણકી દીધોરે. જઈને૦
તેવા ધાયા આવ્યા રાયા કાંકરે કાઢી શોધ કીધોરે. જઈને૦
મથી મુઆ તે દિન ને રાતે લાગ્યો નહિ
હાથે હીરો કેમ કીધોરે. જઈને૦
પ્રાડી આખી સ્વારી ફરી પાછી ઝગરો ન રાખી
સંત જાવા દીધોરે. જઈને૦
સત-શ્રીહરિ સંગ, અંગમાં છે ને તે અંગમાં, 'આહાર ૨
તિ સાત્વિક રહે તો સત્સંગ શું ન કરે?'
કહે ગિરિધારીજીકો રક્ષક હમાકો નાથ,
વાંકો વાર વાંકો કરવેકો બલ કાકોહે. જઈને૦

પદ

નમું નમું જય જય જગદીશ. ટેક૦
વાળ ન વાંકો થયો સંતનો, ઉતરી નૃપની રીશ;
ચાલ્યા પુરી તણી સંતે નમાવીને શીશ. નમું૦
સ્વપ્ન શ્રીકંધવધા સ્વજન સંગાથ, હીરો આવ્યો મ્હારે હા
દીપાવ્યું મેં તેથી ગાત આવી જુઓ ખુશી સાથ,
નૃપે થાયે એથી જ્ઞાત. નમું૦
જાગી મનથી નમી ભક્ત એ હરખ્યા અપરંપાર;
વારંવાર સ્તવી આવી પહોંચ્યા જ્યાં છે જગદીશ. નમું૦

[illegible] એ રાગ

[illegible] ભજો [illegible] ફિરૂપોઃ
જાણી ગયો [illegible] વાત, એ ત્યા ફિરૂપો.
[illegible] કરવા નિજ [illegible], એ ત્યા ફિરૂપો.
ગયા એ [illegible] એવું સમજી.
[illegible] સ્વાર કોણ સાથ. એ
જા [illegible] ઘેરી નારાજી હીરો [illegible]
આવ્યો છે લાગ [illegible]. એ
ગયા [illegible] સ્વાર [illegible] ના કરી [illegible].
પરી [illegible] પવિત્ર ગાત. એ

પદ–' લીંબ પરી ' એ રાગ

પરીવળ્યા પરી વળ્યા પરીવળ્યારે, ભજાશ્રીને સવા
વધા હવે શીદ નાસે છે અંગદ, વીંટી વળી છે ચારે
મારીને લઈએ તે પાદેલ છે દે, હાથ કરી નહિ મર
શીશ ઉરાડવા છે નૃપશાસન, મારે સ્વીકારી જા અમા

પદ–' રાગ પરજ '

અંગદસિંહ ગયા ઠેરી, ચારે દિશાથી નૃપની
સ્વારો ફરી વળ્યા ઘેરી, અંગદસિંહ ગયો
એક જ ગમ સર બીજી બધી ગમ, સ્વારો ફરી રહ
નાસી જવા ન મારગ એકે, મૃત્યુ થવા નથી
મનની મનમાં રહી જાશે શું, ફાવી જશે આખ
એવું જાણી આરત આણી, વધા સ્તુતિ પ્રિય પ

પદ–' હરિ બિમાર ' એ રાગ સોરઠ

જગદીશા પુરુષોત્તમા !
હરકત પર મ્હેં હરકત, વેઠી રાખ્યો હીરો
હારે ચારૂ મ્હારે ના

अन्नाद् भवंति भूतानि पर्जन्यादन्नसंभवः।
यज्ञाद् भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः॥
एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति॥

'પૂર્વે' યજ્ઞોની સાથે પ્રજાઓને સરજીને પ્રજાપતિ બ્રહ્મદેવે કહ્યું કે, આ યજ્ઞ કરવાથી તમે વૃદ્ધિ પામશો; અને તે યજ્ઞ પણ તમારી ઇષ્ટકામનાઓને પૂર્ણ કરશે. પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્ન મેઘથી નીપજે છે, મેઘ યજ્ઞો કરવાથી થાય છે અને યજ્ઞ કર્મોથી ઉત્પન્ન થાય છે. હે અર્જુન! આવું આ સૃષ્ટિ-ચક્ર મેં પ્રવર્તાવેલું છે, તેને જે મનુષ્ય અનુસરતો નથી અને કેવળ ઇન્દ્રિયોમાંજ રચ્યા કરે છે તેનું જીવન પાપી છે અને તે નકામો જીવે છે.' વળી આ મનુષ્યદેહદ્વારાજ આવી તક મળી શકે છે, જેથી આ માનવશરીર એવું તો ઉત્તમ ગણાય છે કે જે માટે દેવોની પણ ચાહના છે. તે મહાકિંમતી નરદેહ જો આપણને મળ્યો છે, તો તેનો આ ઉદ્દેશ જરૂર સમજવો જોઇએ કેઃ—

૫૬

સેવા લેવા સારૂં જીવડા, હરિએ તન દીધું છે,
ધરા ખૂંદિન ત્હારૂં, જીવડા હરિએ તન દીધું છે.
પોષણ રક્ષણ નિત્ય માગશે, તે તો પાછું દેવું;
તે માટે તારે પણ એથી, કામ બરાબર લેવું.
શરીર સારૂં કર એવું, જેથી શરીર ચાલે,
સૂરજના ચક્રમાંય નાહકો, ખણીથી વધુ મ્હાલે.
(તેમાં પણ)
જે ધન ને પોતાનું માની, જગતનું કાર્ય કરે છે;
તે સઘળાં અભિલાષ પૂરાં, ઈશ્વર યાદ કરે છે.

પદ ... [illegible]

ધીરો ધીરો શ્રીહરિને અંગ, અંગારામાં રે;
[illegible] જાગો [illegible], [illegible] માંડે રે.
[illegible] આનંદ [illegible], [illegible] રે;
મહી આનંદ કરી [illegible], [illegible] થાશે રે.

સાખી

અંગદ પર પાંડીત પડયા, ધ્યાનાધીન નિજ [illegible]
ભક્ત ભયા શ્રીકૃષ્ણના, ઉભયે પ્રીતિ [illegible]

પદ ' મારા મન ' એ રાગ

નૃપ સુધરી ગયા અંગદ સંગે, અંગદ સંગે પરસ્યા તે પ્રભુ

' સત્સંગ શું ન કરે, આહાર મતિ કૃતિ સાત્વિક રહે
વિષયી તથા મદ્યપાન કરનારની વૃત્તિ નારીપ્રતાપે સુધ
તેની કૃતિ જોઇ રાજાની વૃત્તિ સુધરી.

અંગદે ઘેરજ મહાપ્રસાદ પામી વૃત્તિ પૂરી સુધ
રાજાએ તો વળી શ્રીજગદીશની પ્રસાદી પણ પ્રીતિથી લે
પછી ' સત્સંગ શું ન કરે ? '

બેઉ બન્યા પ્રભુના પ્રિય સરખા, રંગાયા સરખા હરિરં
લાવ્યા નૃપ અંગદને નિજપુર, મંદર ભવ્ય બનાવ્યું ઉમં
સેવ્યા ઉમ્મરભર શ્રીવરને, દેશ કર્યો વૈષ્ણવ ઉછરં
અંત અનંતપતિપદ પામ્યા, અમને એ દેજો શ્રીર

એકના પ્રતાપે અનેકને 'સત્સંગ શું ન કરે ?'

अन्नाद् भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद् भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥
एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिन्द्रियारामो मोघं पार्थ स जीवति ॥

'પૂર્વે યજ્ઞોની સાથે પ્રજાઓને સરજીને પ્રજાપતિ બ્રહ્મદેવે કહ્યું કે, આ યજ્ઞ કરવાથી તમે વૃદ્ધિ પામશો; અને તે યજ્ઞ પણ તમારી ઇષ્ટકામનાઓને પૂર્ણ કરશે. પ્રાણીઓ અન્નથી ઉત્પન્ન થાય છે, અન્ન મેઘથી નીપજે છે, મેઘ યજ્ઞો કરવાથી થાય છે અને યજ્ઞ કર્મોથી ઉત્પન્ન થાય છે. હે અર્જુન ! આવું આ સૃષ્ટિ-ચક્ર મેં પ્રવર્તાવેલું છે, તેને જે મનુષ્ય અનુસરતો નથી અને કેવળ ઇન્દ્રિયોમાંજ રમ્યા કરે છે તેનું જીવન પાપી છે અને તે નકામો જીવે છે.' વળી આ મનુષ્યદેહદ્વારાજ આવી તક મળી શકે છે જેથી આ માનવશરીર એવું તો ઉત્તમ ગણાય છે કે જે મારે દેવોની પણ ચાહના છે. તે મહાકિંમતી નરદેહ જો આપણને મળ્યો છે, તો તેનો આ ઉદ્દેશ જરૂર સમજવો જોઇએ કેઃ—

પદ

સેવા લેવા સારૂં જીવડા, હરિએ તન દીધું છે,
થવા ખરૂં હિત ત્હારૂં, જીવડા હરિએ તન દીધું છે.
પોષણ રક્ષણ નિત્ય માગશે, તે તો પડશે દેવું;
તે માટે તારે પણ એથી, કામ બરાબર લેવું.
શરીર સારૂં કર એટલું, જેથી શરીર ચાલે,
મૂરખના ઘરમાંજ નોકરો, ધણીથી વધુ મ્હાલે.
(તેમાં પણ)
જે જન તે પોતાનું માની, જગતનાં કાર્ય કરે છે;
ને સઘળાં અધિકારક થઇ, દુઃખ દેવાદ કરે છે.

એજ કર્મ પ્રભુ સેવારૂપે, જે જન ફરી કરે છે;
તે સઘળાં અઘબંધન તોડી, પ્રભુનાં પ્રિય કરે છે.
શરીર તો ખુદના સુખ સારૂ, તને ખેંચી જાય છે;
એને વશ નહિ થાય દૃઢ રહી, તો અર્થ સધાય છે.

તે સાધવા માટે એ પ્રભુનેજ પ્રાર્થના કરવી જોઈએ
'હરિ ! સ્વધર્મમાંજ છોડાવજો તન.' આ સ્વધર્મ તે શા
સ્વકર્મરૂપજ છે અને તેથીજ પોતાના વર્ણાશ્રમ પ્રમાણે
સ્વકર્મ કરે તો તે સ્વધર્મ કર્યો ગણાય છે; અને તેજ
શ્રેયસ્કર છે, એમ ખુદ ભગવાન ગીતામાં કહે છેઃ—

श्रेयान् स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

'ગુણની દૃષ્ટિએ કંઈક ઓછા ગુણવાળો હોય તો પણ
તેજ સારી રીતે પાળેલા પરધર્મ કરતાં વધારે શ્રેષ્ઠ છે;
નહિ પણ સ્વધર્મ કરવા જતાં મરણ થાય તો પણ ઘ
છે, પણ પરધર્મ તો ભયાવહ છે.' માટેજ એ માગવું
કે 'હરિ ! સ્વધર્મમાં છોડાવજો તન.' તે સ્વધર્મ કે
જો જિજ્ઞાસા થાય તો જુઓ ગીતાનાજ શ્લોકોઃ—

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः ।
ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ॥

ગુણ-કર્મના વિભાગ પ્રમાણે ચાર વર્ણોને મેં
અને હે પરંતપ ! બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો તથા શ
પણ તેઓના સ્વભાવથી ઉત્પન્ન થયેલાં દર્શાવ્યાં છે.

शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ।

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥
कृषिगोरक्षवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥

'શમ (આંતર ઇન્દ્રિયનિગ્રહ), દમ (બાહ્ય ઇન્દ્રિયનિગ્રહ), તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકય-પણું–આ બ્રાહ્મણોનાં સ્વભાવજન્ય કર્મ છે; શૌર્ય, તેજ, ધૈર્ય, ચતુરાઇ, યુદ્ધમાં અપલાયન, દાન અને સ્વામિત્વ–એ ક્ષત્રિયોનાં સ્વભાવજન્ય કર્મ છે; ખેતી કરવી, ગાયો પાળવી–રાખવી, તથા વેપાર કરવો તે વૈશ્યોનાં સ્વભાવજન્ય કર્મ છે; અને ત્રણે વર્ણોની સેવારૂપ કર્મ તે શૂદ્રનું સ્વભાવજન્ય કર્મ છે.' આ સ્વભાવજન્ય સ્વકર્મ તેજ સ્વકર્મ તેજ સ્વધર્મ છે અને—

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः ।

'પોતપોતાનાં કર્મરૂપ તે સ્વધર્મમાં જે મનુષ્ય બરાબર આસક્ત રહે છે—તેનું યથાસ્થિત પાલન કરે છે તે ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.' કારણકે—

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ॥

'જનક વગેરે બ્રહ્મનિષ્ઠ રાજાઓ પણ તે સ્વકર્મરૂપ સ્વધર્મા-ચરણ કરીનેજ સિદ્ધિ પામ્યા છે–મુક્ત થયા છે.' એક વેળા શ્રી-નારદજી દ્વારિકા ગયા. ત્યાં શ્રીકૃષ્ણ ભગવાન પટ્ટરાણી પાસે હતા ને સભામાં પણ બેઠા હતા. તેમને કહ્યું કે શહેર જોઇ આવ્યો. પછી હાથમાં તેલભર્યો કટોરો આપીને ભગવાને તેમને પૂછ્યું કે કહો, શહેર કેવું છે ? તેમજ ઉપર શિલા બાંધીને નીચે ભોજન જમાડ્યા, ને પૂછ્યું કે સ્વાદ કેવો છે ? તેમ સર્વના સંબંધે સમ-

શું ?] ' ભય જરીએ ન રહે મારે મન, '
' હરિ સ્વધર્મમાં છાંડાવજો તન. '

ને આ વાત સર્વમાં સુવિદિત છે કેઃ—
રાક્યું ન રહેશે ધાર્યું ન દેશે, આપણે દૃઢ કરવું.
કારણકે એક કવિ કહે છેઃ—
ભલાયે મોતહીકે નામસે કયોં દમ નીકલતા હૈ,
મુસાફિર સેંકડો જાતે હૈ, રસ્તા ખૂબ ચલતા હૈ.
માટે એ સર્વભક્ષક મૃત્યુથી ડરવાની માથાફોડ કરવી તે કેવળ
જ છે. આપણે તો શું હિસાબમાં છીએ; પણ—

કવિત્ત

રાવણને માગ્યો વરદાન નહિ મરંવે કો,
મરનો હિ ભયો અંત ભલુકથી નર તેં;
હિરણ્યકશિપુને ભી માગ્યો વર યુક્તિ કરી,
મરવો હિ ભયો મૃત્યુનીકસા પાપર તે.
વૈદ મર ગયે યોગી અમર ભી મર ગયે,
મૃત્યુ તે ન બચ્યો કોટી કોઇ ભી હુન્નર તે;
દેવ ભી મરેંગે અમદેવ ભી મરેંગે,
અજ શિવ ના રહેંગે, અતુ કહાવાં કયાં નરતે.

पृथ्वी यत्र भवेद्दग्धा मेरुश्चापि विशीर्यते ।
शुष्येच्च सागरजलं शरीरे तत्र का कथा ॥

' જ્યાં પૃથ્વી બળીને ભસ્મ થવાની, મેરુ પર્વત પણ વિ
શીર્ણ જવાનો અને સમુદ્રનું પાણી પણ સુકાય જવાનું તે કાળ
માટે આપણા શરીરની તો શી વાત ? ' એટલે ક્ષણભંગુર
શરીરને કોઇ રીતે પણ મૃત્યુથી બચાવી શકાતું નથી અને ' ક

ના-સુખ-દુઃખને આપનારા છે; તેઓ આવે છે ને જાય છે; અને અનિત્ય છે; તેઓને તું સહન કર.’ કારણકે:—

यं हि न व्यथयन्त्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥

‘હે પુરુષશ્રેષ્ઠ! સુખ-દુઃખને સમાન ગણનારા જે ધીર મહાપુરુષને આ (ઇન્દ્રિયોના વિષય સંબંધો) વ્યથા ઉપજાવતા નથી તે પુરુષ, મોક્ષ માટે સમર્થ થઇ શકે છે.’ તે કોની પેઠે? સુરથ-સુધન્વાની પેઠે; માટે માગો કેઃ—

‘હરિ! સ્વધર્માંજ છોડાવજે તન.’

શ્રી સુરથ-સુધન્વા-આખ્યાન

મરાઠી સાખી

શ્રીકૃષ્ણભક્ત યુધિષ્ઠિરરાયે, અશ્વમેધ કરવાને;
આરંભ પૂર્ણ ઉમંગ સાથે, શુભ અંગ હર્ષી રવાને,
સંગ જવાને હાં........મોકલ્યા ઘણા જવાને.
મોટા પાર્થ પ્રદ્યુમ્ન પાળવી, પવારમાં છે પૂરા;
સુંદર સેના સાથે મોકલ્યા, એક સવાઈ શૂરા,
એનાં અડુરા હાં........અરિ મૂકે ન અધૂરા.
ફેરા-વિફેરા વિશ્વરનો વાટ, વન-ઉપવનમાં ફરતો;
રાજાને સંદેશો સ્નેહીને સાથે સંચરતો,
ભૂમિ ભરતો હાં........ધર્મ ધરે ધમ કરતો.
એમ ફરી ફરી ચંપકપુર, હંસધ્વજ નૃપની;
આવ્યો તેના પાદરમાં દડ. ફરે ... ;
ફરે ... હાં........ ...

પ-સુખ-દુઃખને આપનારા છે; તેઓ આવે છે ને જાય છે;
ને અનિત્ય છે; તેઓને તું સહન કર.' કારણકેઃ—

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखं धीरं सोऽमृतत्वाय कल्पते ॥

'હે પુરુષશ્રેષ્ઠ ! સુખ-દુઃખને સમાન ગણનારા જે ધીર મહાપુરુષને આ (ઇન્દ્રિયોના વિષય સંબંધો) વ્યથા ઉપજાવતા નથી તે પુરુષ, મોક્ષ માટે સમર્થ થઇ શકે છે.' તે કોની પેઠે ? સુરથ-સુધન્વાની પેઠે; માટે માગો કેઃ—

'હરિ ! સ્વધર્મમાંજ છોડાવજે તન.'

શ્રી સુરથ-સુધન્વા-આખ્યાન

મરાઠી સાખી

શ્રીકૃષ્ણભક્ત યુધિષ્ઠિરરાયે, અશ્વમેધ કરવાને;
તુરંગ પૂજી ઉમંગ સાથે, સુઅંગ, કર્યો રવાને,
સંગ જવાને હાં.........સોંડયા ઘણા જવાને.
મોટ પાર્થ પ્રદ્યુમ્ન પાટવી, પરાક્રમી છે પૂરા;
સુંદર સેના સાથે સોંડયા, શ્રેષ્ઠ સહાયી શૂરા,
જોતાં મધુરા હાં.........અરિ મૂકે ન અધુરા.
દેશ-વિદેશ વિચરતો વાજી, વન-ઉપવનમાં ફરતો;
શત્રુને સંહરતો સ્નેહીને સાથે સંઘરતો,
ભૂમિ ભરતો હાં.........જઈ જગે જગ કરતો.
ચંપકપુરી પુરી વૈભવમય, હંસધ્વજ નૃપવાળી;
આવ્યો તેના પાધરમાં હય, કરે સંગી રખવાળી,
દૂતે ભાળી હાં.........ખબર રાયને આલી.

દુહો

મિત્ર-મંત્રી ભેળા કર્યા, ભલા ભૂપે નિજ ધામ;
અશ્વ બાંધવા ઉર ચહ્યું, ધવા કુંદ ઘુમ ધામ.

પદ—'મ્હાં મલકાતી' એ રાગ

હંસધ્વજ કહે ભલું થયું. હરિજનનો હય અહીં આવે!
અર્જુન ને પ્રદ્યુમ્ન સંગ છે, એ પ્રસંગ પણ ભાવે!
હય બાંધ્યાથી હરિજન લડશે, તેને અત્યંત ચાહે!
ત્યારે તેની વ્હારે વ્હાલા. ચાંપ રાખીને ચાહી
ઘર બેઠે ગોવિંદ નીરખશું, જો લાગ્યું જય ગાશી!
મનમાની મુક્તિ મગાવશું, દિવ્ય દર્શનસુખ ચાખી!
કોઇ અભાગી રહે ન એથી, એ તો આપદ કરશે!
હરિજનને રીઝવીએ શું રે, પાછો પગ નવ ભરશે!

દીંડી

ભક્ત ભૂપનજી ભક્ત સખા વ્હાલા,
અર્જુન છે સરખા શ્રી સખા વ્હાલાં;
ચમા એમાં હય બાંધ્યો ભૂપાલ,
[illegible] કરીએ કે પધારે કૃપાલ.

દુહો

સન્મતિ નામનો નકી. સંમતિ મળતા સાર
[illegible] કારનું. નથ [illegible] સાર.

[illegible]

[illegible]
[illegible]
[illegible]

શિક્ષા ખપશે સાચેજ નહિ ચઢનારા.
પુર બહાર તેલની કઢાઈ તુર્ત ચઢાવી,
તે સાથે હુકમે દીધા બહાર પડાવી;
સંગે ન ચઢે તેને દેવા ગગડાવી,
શિર મરે મફત કોઈ શિર પર ગાળ ચઢાવી.
પણ એક નિયમ તે માંહિ જણાવ્યો પાછો,
હોય એક પત્નીવ્રત ભક્ત હરિનો સાચો;
તે ચઢે રણે અન્યે નહિ લઢવા ધાવું,
સત્પુરુષ થયા ખુશ સુણતાં શાસન આવું.
હય હાથી રથી પય સઘળા ઢંકાયા,
શૂરા સોંડયા શૃંગારી સઘળી કાયા;
ઊર્ધ્વ પુંડ્ર કીધાં ભવ્ય ભભકતે ભાલે,
ધારી બહુ તુલસી અને કમળની માળે.
દઈ દાન ધરીને ધ્યાન ગુરુ શ્રીવરનું,
નીકળ્યા નથી નાખુશ થતું કોઈ ઘરનું;
શુભ કવચ આયુધો ભાત ભાતનાં હાથે,
આનંદિત થયા તૈયાર ભૂપતિ સાથે.

ગીતિ

શંખિસેન શસિકેતુ, સુબળ સુધન્વા અને સુરથ સાથે,
થયા પુત્ર સજ્જ પાંચે, સબળ સુધન્વો અને સુરથ સાથે.

હરિગીત

એમાં સુધન્વા સજ્જ થઈ, નિજ માતની પાસે ગયો,
રણમાં જવા સ્વવિચાર, નિજ માતને ઉલ્લાસે કહ્યો;
માતુએ આશીર્વાદ સુત વત્સાદ, શુભ આશ કહ્યો,
વળી આશ કરી સ્વવિચાર બોધ વચનોથી ખુલાસો કર્યો.

ગઝલ ભૈરવી

કરી સ્નાન ને દાન આપી વળી, ધરી શસ્ત્ર બેઠો રથે મહાબળી;
કહ્યું કે ગયું સૈન્ય તો ક્યારથી, થયું છે મ્હોડું શોચતા ગહારથી.
પિતાએ તહાં સૈનિકોને લઈ, તપાસ્યું ચઢયા છે બધા કે નહિ;
ન દીઠો સુધન્વાજ તેની માંહી, ચઢયો ક્રોધ કે શુદ્ધ બુદ્ધિ ગઈ.
જુઓ શું સિપાઇ કુમાર નથી, હવે એની પરવાજ મારે નથી;
ધમો ઝાલી લાવો ન ડરશો જરી, સિફારસ કોઇએ ન કરશો જરી.

હરિગીત

દોડયા દૂતો મળ્યા સામા સુધન્વા મારગ મહિં,
જઈ નમ્યા પિતુને પણ જુએ શું ક્રોધ છે રગરગ મહિં.
કહે તાત તું નથી પુત્ર મ્હારો, મુખ ન દેખાડીશ ફરી;
સુણી સમર તું ઘરમાં ભરાયો, નામ શું કાઢીશ ફરી.

ગીતિ

પુત્ર વધો રણવાસે, વિદાઇ લેતાં વીત્યો વધુ કાળ;
હુલો સુણી ખુલાસો, ચઢયો ભૂપને અતિ વધુ કાળ.

રેખતો

કહ્યું દોઇનું નહિ માની, અતિ સુતને એ અપમાની;
લહ્યું ઉરમાં છે કપુત એ, વદી ન શકયો વધુ સુત એ.
હતા મંત્રી પુરી પાસે, કહ્યું તે કરે પુરી તપાસે;
સજાને યોગ્ય જો ઠરશે, માગ્યું છે મૃત્યુ તે મરશે.
લિખિત ને શંખની સ્હામે, ઉભો જઇ પુત્ર તો હામે;
તપાસ ન થઈ ત્યાં ઝાઝી, વધો ન વધુ કુંવર લાજી.
કહ્યું કે કડાકમાં નાખો, શરૂનો વાંક શે સાંખો;
અસર બીજા ઉપર કરશે, જઈ રાજા નહિ ડરશે.
કહાવ્યું ભૂપને એવું, સહ્યું ચિત્તમાં થવા તેવું;

સુતજ પિતુનું વચન તોડે, કર્યું પણ ભૂપ સૌ તોડે
પછી તો ક્યાં રહે નીતિ, પછી કોને રહે [illegible]
પિતા કહે છે હુકમ મ્હારો, મુખે સુતને તમે મારો
વધા મંત્રી તહા સુતને, થશે શિક્ષા હું કહું તે
જન્મી ક્ષત્રિય નૃપાલશૂકે, કરી રણ હાથે ઘર રહે
પિતાની શાસના તોડી. તને શકીએ નહિ [illegible]
પકડ્યું તેમની કાઢી. નહિ જીવતા કરી [illegible]

વસંતતિલકા

ન્હીંનો સહાર્ડ થકી એજ કર્યું તપાસે,
ચાલ્યા લઈ ઉઠત મંત્રી કહાર્ડ પાસે.
ચાલ્યાં જનો દુઃખી થતાં બહુ તેની વાંસે.
શું કષ્ટ થાય સતીને સુતને નિવાસે.

ફણી કરતાં કૃતિ છળ મદ ત્યાગી;
ભાગ્ય વખાણે સુર મુનિ મંડળ,
તાત ખ્યાત સુતથી ખરી જાગી.

હરિગીત

વિવરી શકે નહિ તહિં શ્રીમાન કપિ હનુમાનજી;
શ્રી રામ લક્ષ્મણને લઈ આવ્યા સમીપ સુખથી રાજિ;
બેસાડી સુગ્રીવ સ્થાનમાં પોતે ગયા કપિ પતિ ભણી;
સમજાવી વીતી વાત ધાયા, તુરત વાનરના ધણી.

પદ-'શરીર તજું' એ રાગ

આવી પડી પ્રભુપાદે સુગ્રીવ સસ્નેહ કહે છે;
ઉર ઉભરે છે આલ્હાદે, સુગ્રીવ સસ્નેહ કહે છે.

કરીગુમાનિ ફરે ગર ચરમશી, ગજ તે ગર્ભ શાનું ખાશી, અરરરર૦
આગળો આર્ય મળી એણે ત્યાં. બાપ શાને શું ચાલી, અરરરર૦

પદ 'મારાના મારે' એ રાગ

ગમીને ગય આપમાની તણો વાલી રે,
પધો જણ્યો જાણો તને શુભ શરે કુચાલીરે.
પૂર્વે પૂરેપૂરો નિરમાં શિલા ઘાલી રે,
ગુજવણીઆળી અરથીજ આવ્યો પુરૂચાલીરે.
નીકળ નગરથી જા એક વલે ખાલી રે,
પડાવી લઉં છું ધન સામાન સ્ત્રી વહાલી રે.
દગો કરી બેઠો હતો કુષ્ટ ઘર ઘાલીરે,
ફળ તેનાં ભોગવ રિચતિજ એ સંભાળી રે.
ફળ તેનાં ભોગવ રિચતિજ કઉં નવ ખાલી રે,
દાંડી ફરી તો મારીશ કહું નવ ખાલી રે,
જા શઠ નહિ તો જશે પ્રાણે હજી ચાલી રે.

સાખી

એક વસ્ત્રભર તજી પ્યારી ઘર વન વિચર્યો સુગ્રીવ:
ભમ્યો સકળ પૃથ્વી પણ ભયથી રહ્યો દુઃખી બની જીવ.
ઋષ્યમૂક પર્વતે વસ્યો જ્યાં છે વાલીને શાપ:
મળ્યા સંગી પણ મન ભંગી છે નડે થયેલું પાપ.
ભ્રાતતણા રામ તોડ્યા છોડ્યું ધૈર્ય વૃથા દુઃખ દીધું;
સ્ત્રી ને રાજ્ય સમસ્ત તે ઉપર ભોગવીને સુખ લીધું.
અણજાણે પણ ખરે અનુચિત વિષજ હલાહલ પીધું;
પછી ઘણો પસતાય તથાપિ થાય ક્યાંથી ફળ સીધું.

પદ–'ઓધવજી' એ રાગ

મૂળ છે દુષિત, રહેશે પ્રતીત, ગણીને વિપરીત, તેથી એ ચિત
જોઈ જોડી ફરતી ભયભીત થયા ભારે.

सर्वलोकस्य धर्मात्मा शरण्यः शरणं पुरा ।
गुरुर्मे राघवः सोऽयं सुग્रीवं शरणं गतः ॥

'(શ્રી લક્ષ્મણજી કહે છે કે,) પ્રથમ સર્વ લોકને શરણ લેવા યોગ્ય અને ધર્માત્મા મારા આ વડીલ શ્રીરામચંદ્ર, હાલમાં સુગ્રીવને શરણે જાય છે.' અહો ! આશ્ચર્ય તો જુઓઃ—

यस्य प्रसादे सततं प्रसीदेयुरिमाः प्रजाः ।
स रामो वानरेन्द्रस्य प्रसादमभिकांक्षति ॥

'જેમની કૃપા થતાં સમસ્ત વિશ્વની આ પ્રજાઓ નિત્ય પ્રસન્ન થાય છે તે રામચંદ્ર વાનરરાજા-સુગ્રીવની કૃપા ચાહે છે !'

પદ-ભૈરવી, 'પ્યારા પ્રભુજી' એ રાગ

શ્રી હનુમાન થયા બડભાગી થયા બડભાગી લગન દૃઢ લાગી;
કપિવેશ તજી કપિવેશ સજી, વિનતિ કરી ફરીને પદ લાગી.
ગરુડ પદવી મળી પીંગ ભવની ટળી,
ફળી કરતાં કૃતિ છળ મદ ત્યાગી;
ભાગ્ય વખાણે સુર મુનિ મંડળ,
તાન પ્રધાન સુતથી ખરી જાગી.

હરિગીત

વિચરી શકે નહિ નહિં શ્રીમાન કપિ હનુમાનજી;
શ્રી રામ લક્ષ્મણને લઈ આવ્યા સમીપ સુખપી રવિ;
બેસાડી સુગ્રીવ સ્થાનમાં પોતે ગયા કપિ પતિ ભણી;
સમજાવી વીતી વાત ધાયા, તુરત વાનરના ધણી

પદ-'શરીર તજું' એ રાગ

આવી પછી પ્રભુપાસે સુગ્રીવ સસ્નેહ કહે છે;
[illegible] સસ્નેહ કહે છે.

છે કે,) ઋગ્વેદનો અભ્યાસી, યજુર્વેદ ભણી જનાર અને સ
વેદનો વિદ્વાન પણ આવું બોલવાને સમર્થ થઇ શકતો
ખરેખર, આ હનુમાને સમગ્ર વ્યાકરણનો તથા અનેક શા
અભ્યાસ કરેલો જણાય છે; કારણકે ઘણું બાલણ કર્યા છતાં
એક પણ અપશબ્દનો પ્રયોગ કર્યો નથી.'

વસંતતિલકા

દીધાં વખાણ હનુમાન તણાં શ્રીરામે,
દીધો જવાબ ફરી લક્ષ્મણજી સુનામે;
એનેજ મિત્ર કરવા ચહીએ અમે એ,
ચાહ્યું સુખેથી કરવા કરવા તમે એ.
વીત્યા વૃત્તાંત સર્વ કહી સંભળાવી,
પૂરી પિછાણ પ્રભુની કપિને અલાવી;
મર્મ કહ્યું ચહે પ્રભુ કરણાજ લાવી,
માટે જરૂર તવ ભૂપ જશેજ ફાવી.

एष दत्त्वा च वित्तानि प्राप्य चानुत्तमं यशः ।
लोकनाथः पुरा भूत्वा सुग्रीवं नाथमिच्छति ॥

'(લક્ષ્મણજી હનુમાનને કહે છે કે,) આ શ્રીરામચંદ્ર
ધનનાં દાન કર્યાં છે અને સર્વોત્તમ યશ સંપાદન કર્યો
પ્રથમ લોકોના નાથ થઇને હાલમાં સુગ્રીવને પોતાનો ના
ઇચ્છે છે.' સમય તો જુઓ. જે એક વેળા સમગ્ર જગત
રાજા હતા તેજ શ્રીરામચંદ્ર સુગ્રીવની સહાય માગે છે
પોતે સમગ્ર જગતને તારનાર છે, જેમનાં ગુણગાન જ
...ગથી પોતે સર્વેશ્વર છે તે શ્રીરામચંદ્રની
... । પોતાને શરણે આવેલા સુગ્રીવનું
...તે તૈયાર થાય છે-તેની સેવા સ્વીકારવા ચ

एवमुक्तस्तु रामेण लक्ष्मणो वाक्यमब्रवीत् ।
नाहं जानामि केयूरे नाहं जानामि कंकणे ॥
नूपुरं त्वभिजानामि नित्यं पादाभिवंदनात् ।

'(સુગ્રીવે હાજર કરેલાં સીતાનાં આભૂષણો ઓળખવાને) શ્રીરામચંદ્રે લક્ષ્મણને કહ્યું ત્યારે તે બોલ્યા કે, બન્ને આ બાજુબંધ તથા બન્ને કંકણને હું ઓળખી શકતો નથી; માત્ર આ એક ઝાંઝરને તો ઓળખું છું; કેમકે નિત્ય તે મહાસતીના ચરણને હું વંદતો હતો.' (આ ઉપરથી લક્ષ્મણજીનો સંયમ કેવો હતો તેનો ખ્યાલ આવે છે. સતી સીતાના ચરણ સિવાય કોઇ અંગોપાંગ કે આભૂષણ સામે લક્ષ્મણે કદી દૃષ્ટિ પણ કરી નથી.)

૫૬-'કર મા' એ રાગ

સુગ્રીવ કહે રઘુનાથ, વિનયથી સુગ્રીવ કહે રઘુનાથ.
હરિ કીધો મને સનાથ, તમે ઝાલ્યો મ્હારો હાથ, પ્રણયથી૦

सर्वथाऽहमनुग्राह्यो देवतानामसंशयम् ।
उपपन्नो गुणोपेतो सखा यस्य भवान् मम ॥
शक्यं खलु भवेद् राम साहाय्येन त्वयाऽनघ ।
सुरराज्यमपि प्राप्तुं स्वराज्यं किं पुनः प्रभो ॥

'(સુગ્રીવ શ્રીરામપ્રત્યે કહે છે કે,) ખરેખર, દેવતાની કૃપાનું હું પાત્ર બન્યો છું; કારણકે સર્વગુણસંપન્ન અને સુયોગ્ય એવા આપ મારા મિત્ર બન્યા છો. હે નિર્દોષ શ્રીરામ પ્રભુ ! આપની સહાયથી મારે દેવોનું રાજ્ય મેળવવું પણ શક્ય છે, તો પછી મારૂં પોતાનું રાજ્ય મેળવું, એમાં શું નવાઇ છે ?'

જાણી સાગ કથા હનુમાનજીથી, પ્રભુ રામજી, સુગ્ર
ગ્રીવ ભણી, અગ્રજ ધારી આવે છે.
એથી અગ્નિ સાખનાં કરો એ કરી કૃપા જે સઘી તે કરી
પધાર્યા સહી. રાસ તરફે ભીને છે.
ફરી ફરજા મળી મુજ હરખ હરિ, પ્રતિજ્ઞા કરો. સંકટ
દાસ ગણું ખરો, રામ ખાતે નાથ કહે તે.

પદ-' દીનનો દયાળ ' એ રાગ

સુગ્રીવથી સખ્ય કરે ધન્ય ધન્ય દેવા,
વાનરથી નરસ્વરૂપ, સર્વ થયા કેવા. સુગ્રીવ
પકડી આપેલ હાથ, ચાંપી તે હાથ સાથ;
વ્હાલા કીધા પ્રિય છે ઉર કેવા. સુગ્રીવ
આજ્ઞાથી શ્રી હનુમાન, અરણી મથી તે સ્થાન;
અગ્નિ પ્રકટાવી વેદી, કરી શરણ લેવા. સુગ્રીવ
આણ્યો હનુમાનજીએ, આચાર્ય થયા શ્રીએ;
નર ને વાનરપતિએ, ફેરી ફરી લેવા. સુગ્રીવ
ફેરીફર્યા બેઉ સંગ, પુલકમાં શું ઉભય અંગ;
ઉભર્યો શું ઉર ઉમંગ. શબ્દ નથી કહેવા. સુગ્રીવ

ઉપેન્દ્રવજ્રા

પરસ્પરે સત્ય દીધા દિલાસા, પરસ્પરે બાંધી સ્વચિત્ત આ
બેઉ થયા મિત્ર પવિત્ર ખાસા, પ્રસન્ન મિત્રો સહ બેઉ ભા

સ્રગ્ધરા

વાતે વાતો લહીને, ઝટ કપિપતિએ, વાત વીતી કહી
જાતે દીઠું અમે કે, સતી મિથિલપતીને, નીકળ્યો છે લઈ
માતે નાખ્યાં નદી જે, ભૂષણ વસન તે, સંઘર્યાં છે અહીં
આપવાં નિહાળી, પરખી અનુજને, દાખવ્યાં એ તદી

પદ-'મોરી કર પકરત' એ રાગ


જય જય જય વધા સુગ્રીવ સત્વર રે,
દેખી પરાક્રમ લેખી પુરુષોત્તમ,
આવી ગમ જાણ્યું છે ઇશ્વરના ઇશ્વર રે. ટેક
વધા આપ જગબાપ જરૂર છો,
ઇન્દ્ર-વરુણના પતિ, નથી તમે નર રે. જય૦
હવે કૃપા કરી અરિ દો સંહારી,
ભય નથી જરી થઇ ખાત્રી ખરેખર રે. જય૦

સાખી

પ્રેર્યો પ્રભુએ કિષ્કિંધા પર, પહોંચ્યો તે પુરપાસ;
નાદે આહ્લાદે તેડયો ભ્રાતાને, ઉર ધરી આશ.
આવ્યો તેથી નવ ફાવ્યો, ગભરાયો પામ્યો ત્રાસ;
માર ખાઇ હાર ખાઇ નાઠો, આવ્યો રાઘવ પાસ.
રાઘવ કહે બેઉ સરખા છો, મારતાં ભૂલ થઇ જાય;
મારાં જન તો મારાં ચિન્હોથીજ, તુરત પરખાય.
લક્ષ્મણ હાથે ગજપુષ્પોની, માળ ધરી કંઠમાંહ્ય;
ચાલ્યા સંગે પછી ઉમંગે, પુઠે રાઘવરાય.
ફર્યો હાકો જઇ પુર પાસે, વાલી થયો તૈયાર;
સતી સમજણી તારા બોલી, રોકીને ભરથાર.
જશો ન માથો જશો સમજશોમાં છે માત્રજ ભ્રાત;
તમને દળવા ધરી પ્રતિજ્ઞા, આવ્યા છે રઘુનાથ.

તે ભગવાન તમને સહાય નહિ કરે; કારણકે તમે દૂષિત છો.
કેમકે સાધુ પુરુષનાં દુઃખો દૂર કરનારા છે અને ભક્તોને ઇષ્ટ ફળ
આપે છે; કહ્યું છે કે:—

साधुदेवशरण्याना नाशितांश न धर्मदा ।



... —...—...

(...-... ... ...)

પૂર્વરંગ

પદ નામ નિદાન—'મ. ફેરિશ પ. રે'

ભૂખવાની કમાઈ આવા માત્ર દામ; રાજ સે સુધારી ...
... આવી, કે આનુ અને રવધામ, સેવામાં ર...
મનુષ્યસ્વભાવનું વર્ણન કરતા કવિ આદિતરામ કહે

કવિત્ત

આશકી ઇમારતપે એક ટેક રાખી બેઠો
દીયો ના કમાઈ કો ગુલામ હમ્રૂ આજ હ્યો;
હદન આદિતરામ પાયેના પ્રેરિત ચરણ,
તારન તરન જગ જાગત સુખાઝ હ્યો.
દિન દિન દોરી દોરી કુનીકે કુમારે જાય
દિન દિન હોય દુઃખ દાગ કહે દાઝ હ્યો
પાખંડ-પ્રપંચ પરીપૂરન પ્રકાશ કરિ.
ધુતી ધુતી ધુતી કે ધરે ધન અકાજ હ્યો.
કરી કરી ફિતૂર સુ કે ... ન ગયો,
ભયો ના સંભાઈ ... સતે;


પુત્ર અંગદ રોયો પ્રભુ પાસે લાચાર,
વાલી ગયો ચાલી વ્હાલી મુક્તિમાં તે વાર.

પદ-'આ જીવતું અર્પણ' એ રાગ

કર્યું કાજ ખરું જગરાજે, સુગ્રીવ શરણે લઈ;
મળ્યું રાજ અને સુખસાજે, સુગ્રીવનો જય થઈ. ટેક.
વાલીને મુક્તિ આલી, આગી એણે નહિ;
કરી અંગદની રખવાળી, યુવરાજ પદવી દઈ. કર્યું૦
સૌનું સારૂં કરનારા, શરણો પક્ષે લઈ;
કરી આપે જાતે હાથે, અઘ ના લક્ષે લઈ. કર્યું૦
અનુ તેથી શરણે આવ્યો, લક્ષ્મણ ચરણો ચહી;
છઉં આજ લગી તો ફાવ્યો, પ્રભુ પૂજ્યો ચરણે રહી. કર્યું૦

એ રીતે 'પ્રભુશરણ દુઃખહરણ' થાય છે, એમાં શક નથી. ભગવાન પોતે કહે છે કે, 'चतुर्विधा भजंते माम्'–ચાર પ્રકારના મારા ભક્તો મને ભજે છે; 'तेषां ज्ञानीनित्ययुक्त एकभक्तिर्विशिष्यते'–તેમાં કેવળ એક ભક્તિ કરનારો જ્ઞાની ભક્ત વધી જાય છે; એટલે ભક્તજન ભગવાનને પ્રિય છે. મહારાજા દશરથને પોતાના ભક્ત સમજીનેજ ભગવાને તેમની પ્રતિજ્ઞા સત્ય કરી હતી અને પોતે ચૌદ વર્ષ વનવાસ વેઠી સુગ્રીવ જેવા સાધુજનોનું પાલન તથા બીજા શરણાગતોનું રક્ષણ કરવા સ્વીકાર્યું હતું; માટે–

દુઃખીયા જીવડા દુઃખીયો રહે છે શીદ સંસારમાં રે,
નર અવતારમાં રે. દુઃખીયા૦
શોધી શ્રી આચાર્ય કૃપાલા, કર કમલાવરને વરી વહાલા;
પહોંચી જઈશ સુખે અનુભવના પારમાં રે. દુઃખીયા૦



श्री सुधीर-सेवा-आख्यान

[विपय-क्षमावान मात्र श्रीराम]

પૂર્વરંગ

પદ-રાગ બિહાગ-' મોહેનીકી લાગે '

ભુલ્યાની ક્ષમા દે એવા માત્ર રામ; શુદ્ધ લે સુધારી તમામ.
જગસુખ આપી, દે અનુ અંતે સ્વધામ, સેવામાં સ્થા
મનુષ્યસ્વભાવનું વર્ણન કરતા કવિ આદિતરામ લખે

કવિત્ત

આશાકી ઇમારતપેં એક ટેક રાખી બેઠયો,
કીયો ના કમાઇ કો મુકામ કછુ આજ હયો;
કહત આદિતરામ ભજેના બ્રજેશ ચરણ,
તારન તરન જગ ગાજત સુગાઝ હયો.
દિન દિન દારી દારી દુનીકે દુવારે જાય,
દિન દિન હોય દુઃખ દાગ કહે દાઝ હયો;
પાખંડ-પ્રપંચ પરીપૂરણ પ્રકાશ કરિ
ધુતી ધુતી ધુતી કે ધરે ધન અકાજ હયો
કરી કરી કુડ કપટ કે પાસ ન ગયે
ના ભજાઇ કોપે કાલ મન આસ

*મેરે ધન મેરે લાલ મેરે યે રૂપૈયા લાલ,
માલ ઓ દુસ લ મની માલકો ખવાસ તે;
કહત આદિતરામ ભજોના અજેશજી કોં,
દયા કરી દેહીનકો દીયોના નીકાસ તે.

પણ પ્રભુની કૃપા પ્રત્યેક પ્રાણી પર કેટલી છે, તે જુઓ:—

પદ—'વૈદર્ભી' એ રાગ

પ્રીતિના પ્રભુ પર કાં ધરે, એણે આપ્યો અવતાર;
એજ ચલાવી દે છે સદા, તારો સઘળો સંસાર.
આંધળાંની અગવડ જોઈને રે, કેમ ના કરે વિચાર;
આંખો દીધી અણમોલ બે, એ તે કેવો ઉપકાર!
બહેરાં ને બોબડાંની પીડ રે, ભુલી જામાં લગાર;
સુખીયો તને પૂરો કર્યો, એનો કેવો છે પ્યાર.
લુલાં લંગડાં મહા રોગીયાં રે, દુઃખી દેખે હારોહાર;
તુજને ઉગારે એ પીડા થકી, કેવી કરુણા અપાર.
બાજી બધી છે એના હાથમાં રે, અભિમાન નવ ધાર;
પેસો કરી દે ઘડીકમાં, પછી શું કરે વિચાર.
દેખા કરી છે ને કર્યે જતા રે, અનુપતિ વારંવાર;
એની ગરજ તો છે સદા, માટે ક્ષણે ન વિસાર.

છતાં કદાચ તેમને આપણે ભૂલી જઈએ, તોયે ચિંતા જેવું તો નથીજ; કારણકે—

ભૂલવાની ક્ષમા દે એ માત્ર રામ; શુદ્ધ લે સુધારી તમામ.

દુહો

સ્મશાનજ્ઞાને વ્યાપિએ, પરોપદેશની વેલ;
અજ્ઞ બને છે જગતજન, પણ નબરૂં મુશ્કેલ.

એ જ્ઞાન આપણે કબુલ કરવી પડે છે કે:—



अंजलिः परमा मद्यं क्षिप्रमेव प्रसादनी ।

'છેવટે એક પ્રણામાંજલિ પણ મને અર્પણ કરી હોય તો તેથી પણ હું સત્વર પ્રસન્ન થાઉં છું.' આમ પ્રભુ પોતે વચન આપે છે. અર્થાત્—

ભૂલ્યાની ક્ષમા દે એવા માત્ર રામ, શુદ્ધ લે સુધારી તમામ.ભુ૦

મનુષ્યો ગમે તેટલાં મોટાં પાપો કરે અને તેને દૂર કરવા માટે શાસ્ત્રોક્ત મોટાં પ્રાયશ્ચિત્તો કરે તોયે પ્રભુસ્મરણ જેવું એકે મોટું પ્રાયશ્ચિત્ત નથી.

प्रायश्चित्तान्यशेषाणि तपोदानात्मकानि वै ।
यानि तेषामशेषाणां कृष्णानुस्मरणं परम् ॥

'તપ, દાન વગેરે સમગ્ર પાપોને દૂર કરનારાં જે પ્રાયશ્ચિત્તો છે તે સર્વમાં શ્રીકૃષ્ણસ્મરણ એ મોટામાં મોટું પ્રાયશ્ચિત્ત છે; અર્થાત્ પ્રભુસ્મરણથી સર્વ પાપોનો સત્વર વિનાશ થાય છે.' કારણકે સ્વભાવ જાણીનેજ અમે કહ્યું છે કેઃ—

પદ–સોરઠ

જીવડા ભૂલ કરે પણ ફરી હરિપદ શીર ધારજો રે;
અરજ ઉચ્ચારજો રે, નામ પુકારજો રે. જીવ૦
શિવજી ભૂલી લડવા આવ્યા, જૃંભાસ્ત્રે હરિએ અટકાવ્યા,
લાવ્યા ત્યારે પ્રેમ એમ ન વિસારજો રે. જીવ૦
ઇન્દ્રે વૃષ્ટિ બહુ વરસાવી, હરિએ નિજ સત્તા દર્શાવી;
તવ આવી પદ લાગ્યા એમ સુધારજો રે. જીવ૦
પારા સ્વામીને પાદી ન્હાસે, પણ સ્હેનાર જાય તે પાસે;
નહિ તજશે હરિ તેમજ, ધીર નર ધારજો રે. જીવ૦
[illegible] છે, શિશુને વીસ તજે ન માટે [illegible];
બાળ નથી અન્ય શરણ પરમ આધાર છે રે.

આથી 'નામ પુકારજે રે' કારણકે—

કવિત્ત

તેહી હરામી બદનામી સોહી નામી ભયે,
ભયે હૈ વૈકુંઠ ધામાં કર માલા ફેરે તે,
કે તે પાપી અતિ ખામી કે તે તામી હુમશામી,
કુલકે લલામી ભયે સ્વામિનામ ટેરે તે.
કલિ દાનવ સો માગ્ય કહામી કે તે,
ભયે હૈં સુનામી નિજ થહી કે ઘેરે તે;
આઠોં યામ પાપહીકે તાકી,
શરનામી ભઈ નામી ન રહી તેરે ગરૂગામી હેરે તે.

દોહા

તુલસી સાથી વિપતકે, વિદ્યા વિનય વિવેક;
સાહસ સુકૃત સત્યવ્રત, રામ ભરોંસો એક.
તુલસી અસમય કે સખા, સાહસ ધર્મ વિચાર,
સુકૃત શીલ સ્વભાવનું રામશરણ આધાર. [અર્થ
બીગરી કોન સુધારે નાથ બિન, બીગ
બની બાનાઇ કે સબ કોઇ સાથી, બીગરીકે કોઇ ન
ભરી સભામેં લજ્જા રાખી, દીનનાથ ગું:

આવા આશયથીજ અહીં કહ્યું છે કે:—

ભૂલ્યાની ક્ષમા રે એવા માત્ર રામ, શુદ્ધ લે સુધારી
નેવમાં સ્થાપી, જગસુખ આપી, અંત અવ રે સ્વધ

अतिपातकयुक्तोऽपि ध्यायन्निमिषमच्युतम् ।
भूयस्तपस्वी भवति पंक्तिपावनपावनः ॥

અતિઘોર પાપોથી યુક્ત હોય તે પણ એક નિમિષકાળ

ચ્યુત ભગવાનનું જે ધ્યાન કરે તે સર્વ પાપોથી મુક્ત તપસ્વી બની શકે છે અને પંક્તિને પવિત્ર કરનારને પણ ત કરે છે.' અને પછી તે—

सर्वदा सर्वकालेषु नास्ति तेषाममंगलम् ।
येषां हृदिस्थो भगवान् मंगलायतनं हरिः ॥

'જેઓના હૃદયમાં મંગલોના નિવાસસ્થાન શ્રીહરિ ભગ- સદા બિરાજમાન હોય છે તેમનું સર્વદા સર્વ કાળે કદી ંગળ થતું નથી;' એટલે કે:—

ार्दनं भूतपतिं जगद्गुरुं स्मरन्मनुष्यः सततं महामुने ।
ानि सर्वाण्यपहंति साधयत्यशेषकार्याणि च यान्यभीप्सति ॥

'હે મહામુનિ ! પ્રાણીઓના પતિ જગદ્ગુરુ શ્રીજનાર્દન વાનનું નિત્ય સ્મરણ કરતો મનુષ્ય, પોતાનાં સર્વ દુઃખોને ી નાખે છે અને જે જે કાર્ય ઇચ્છે છે તે સમગ્ર સાધી શકે ' અર્થાત્ પ્રભુસ્મરણ કરનારનાં સર્વ અનિષ્ટોની નિવૃત્તિ થાય અને સમગ્ર ઇષ્ટો સિદ્ધ થાય છે, એટલે પછી બાકી શું રહ્યું ? ીજ અહીં કહ્યું છે કે:—

ેવામાં સ્થાપી જગસુખ આપી, અંત અનુદે સ્વધામ;
ભુલ્યાની ક્ષમા દે૦

ભક્તશિરોમણિ તુકારામ પણ એજ શિખામણ આપે છે:—

અભંગ

નક હીતસ મળ સહેરે નિશ્ચય આહે હા કૃપાલા સ્વામી માઝા,
અવિનાશ સુખરૂપ નિર્વાણી ચુંકતી લખાણી ચૌર્યાશીચ્યા.
આણી હીયા જીવા હોઈલ ઉદ્ધાર તેહી ઉપકાર ઘરતી કે'



મળ્યા હોય તેવો સંતોષ માન્યો; પરંતુ પેલા મનુષ્યના તો હાંજાજ ગગડી ગયાં હતા; તેને તો લાગ્યું કે આ રાક્ષસોના હાથમાંથી હવે મારો છુટકારો થવો મુશ્કેલ છે; પણ દયાળુ વિભીષણે તેને પૂછ્યું કે, ભાઇ ! ગભરાઇશ નહિ, તારી શી ઇચ્છા છે? એટલે તેણે ઝટ કહી દીધું કે, કૃપા કરી મને મારે ઘેર જલદી પહોંચાડો; કારણકે—

કેહીબિધિ જૈહો સાગરપારા, યહઅતિ રામઓહિ લગતખંભારા;
કહ્યો નિશાચર પતિ મુસકાઇ, સિંધુ તરનકી સહજ ઉપાઇ.
અસ કહી તેહી લલાટ સુખધામા, લખા દીનો દ્વૈ અક્ષર રામા.
વિવિધ ભાંતિકે રત્ન અમોલા, દીન્હો બહુત અમોલ નીચોલા.

અને તે પછી તેને વિદાય આપવામાં આવી. સમુદ્રમાં તરતો તરતો તે આગળ ચાલ્યો, તેવામાં રસ્તામાં પ્રથમના તેજ શેઠની નાવ તેને સામી મળી, એટલે સર્વ લોકો તેને એમ જીવતો જોઇ આશ્ચર્ય પામ્યા. શેઠે ઘણાજ પ્રેમથી તેને સમુદ્રમાંથી ઉચકાવી લીધો અને સર્વ સમાચાર પૂછ્યા; ત્યારે તેણે પોતાની બધી કથા સત્ય સ્વરૂપમાં જણાવી દીધી, જેથી સૌને ઘણુંજ વિસ્મય થયું, પછી શેઠે તેને વચન આપ્યું કે, જરૂર હું તને તારે ઘેર પહોંચાડી દઇશ; પણ એ મનુષ્યે તેને સાફ જણાવી દીધું કે, મારે તમારી નૌકાની લેશમાત્ર જરૂર નથી; અને શ્રીરામનામના પ્રતાપથી હમારે થાક કે ક્ષુધા-તૃષા લાગતાં નથી; અને મારૂં મન પણ 'શ્રીરામ' વિના બીજું કંઇ ઇચ્છતું નથી; માટે હું તો [illegible] તરતોજ મારે ઘેર સુખેથી પહોંચી જઇશ.—

અસ કહી કૂદો સિંધુ મઝારી. [illegible] પાર પ્રભુ [illegible]
તેહી [illegible]

અ. [illegible]

શુદ્ધ પ્રભુનું તો પૂરેપુરૂં જ શું ? અરે ! એ દયાળુ દેવાધિ
ક્ષમાની તો હદ જ છે. એક કવિએ ગાયું છેઃ—

मालिनी छंद

रघुवर कदाभूत् तादृशो वा मनस्यः ।
प्रणत इति दयालुर्यच्च चैद्यस्य कृष्णः ॥
प्रतिभवमपराधेऽप्यस्य सायुज्यदोऽभूत् ।
वद किमु सदृशं यत् तस्य तेऽस्ति क्षमायाः ॥

' હે રઘુવર શ્રીરામ પ્રભુ ! આપને માત્ર પ્રણામ કર્યો, તેટ
માં તો આપ હરકોઈ ઉપર દયાળુ બની જાઓ છો તેથી
જેવો પ્રશંસાપાત્ર આ જગતમાં કોણ છે ? અથવા એથી
વધારે જોઈએ છીએ ત્યાં તો સ્પષ્ટ સમજાય છે કે એવી કોઈ
વસ્તુ આ વિશ્વમાં નથી કે જે આપની ક્ષમાની તોલે
શકે ! જુઓ, આપે શ્રીકૃષ્ણાવતારમાં પ્રત્યેક જન્મમાં
અપરાધ કરનાર શિશુપાલને પણ (પોતાનો કટ્ટર શત્રુ
છતાં) પોતાની સાયુજ્ય મુક્તિ આપી દીધી ! ! ' એટલે
એજ થાય છે કેઃ—

ભુલ્યાની ક્ષમા દે એવા માત્ર રામ, શુદ્ધ લે સુધારી ત
સેવામાં સ્થાપી, જગસુખ આપી, અંત અન્તે દે સ્વધ

વિશેષ આખ્યાનમાં જોઈએઃ—

શ્રી સુગ્રીવ—સેવા—આખ્યાન

પદ—ગઝલ બિહાગ

રામસ્વામી શરણપ્રભાવે, શ્રીસુગ્રીવ સુખી થયા;
પ્રભુના સુખકર સ્વભાવે, શ્રીસુગ્રીવ સુખી થયા.

ભ્રાત પામ્યો મોત આવ્યું રાજ્યને હાથમાં;
અદ્વિતીય કપિનાથ કહાવે. શ્રી સુગ્રીવ૦
હતી રૂમા ને તારા, જેની સમ દારા નથી;
તે રીઝાવે હાવભાવ. શ્રી સુગ્રીવ૦
તનબળે બુદ્ધિબળે, જેની ન જોડ મળેજ તે;
મારુતિ કામજ ચલાવે. શ્રી સુગ્રીવ૦
પુત્ર ભાઈતણો ભણ્યો ને ગણ્યો નિજ સુતસમ બણ્યો;
આપ ભાર બધો ઉઠાવે. શ્રી સુગ્રીવ૦
ખાનમાં ને પાનમાં ગુલતાન ગુંથાઈ ગયો;
ભાનમાં ભાગ્યેજ આવે. શ્રી સુગ્રીવ૦
કામવશ નારીઓ મસમાં, પડયા રહે આખો દિવસ;
ભોગવિણ કશું એ ન ભાવે. શ્રી સુગ્રીવ૦

પદ-' નાગર નટ રે ' એ રાગ

લહ્યું મારુતિએ (૨) સુગ્રીવ ભુલ્યા સુખ પામી;
ચહ્યું મહામતિએ (૨) સત્વર સુધારવા ખામી. ટેક
રૂચતાં વચને રીઝાવી, ખુદમાં પ્રીતિ ઉપજાવી;
ભૂત ભાવિથી ચેતાવી, કહ્યું શુચિ કૃતિએ (૨) સુગ્રીવ૦
જેણે ઉપકાર કર્યા છે, જે સાચો મિત્ર ઠર્યા છે;
તેને જે કોલ ઉચર્યા છે, સ્મરો ચિત્ત પ્રતિએ (૨) સુગ્રીવ૦
નવ કદી પ્રતિજ્ઞા તોડી, ખુદનાં કારજ સૌ છોડી;
મિત્ર કાર્યમાં ચિત્ત ચ્હોડી, કરો પ્રવૃત્તિએ (૨) સુગ્રીવ૦
જો મળ્યો સમય વહી જશે, તો મિત્ર પછી નહિ ચહાશે;
કર્યું કામ ન કર્યું ગણાશે, મહાશ્રમ વર્તાએ (૨) સુગ્રીવ૦

कामं खलु शरैः शक्तः सुरासुरमहोरगान् ।
वधे दाशरथिः कर्तुं त्वत्प्रतिज्ञां तु कांक्षति ॥

न देवा न च गंधर्वा नासुरा न मरुद्गणाः ।
न च यक्षा भयं तस्य कुर्युः किमुत राक्षसाः ॥

'દશરથપુત્ર રામચંદ્રજી દેવો, અસુરો કે સર્પોને પણ પોતા બાણોથી વશ કરવાને અત્યંત સમર્થ છે, છતાં (હે સુગ્રીવ તમારી પ્રતિજ્ઞાને (મિથ્યા નહિ કરવા) ઇચ્છે છે. દેવો, ગં અસુરો, દેવગણો કે યક્ષો તેમને ભય ઉપજાવી શકતા નથી પછી રાક્ષસો તો તેમને ભય કેમ પમાડી શકે ?'

કેવળ તવ સુખ બની રહેવા, ચહે છે એ સેવા લેવાં
તે વખત જવા નહિ દેવા, કરવી ઝટ કૃતિએ (૨) સ

સાખી

સંમતિ લઈ સુગ્રીવની ને, તેડાવ્યા ત્યાં ઝટ ન
કપિ સર્વ સ્થળથી તેડાવ્યા, કહ્યું થવા નહિ
ધન્ય થયા એ વકીલ રામના, સુગ્રીવતણા વ
પણ કામે ઘેરાયો રાજા, સાવધ ન થયો

બીજી તરફ—

પદ—'કંથ બીન' એ રાગ

વધા અનુજથી રામ, હે લક્ષ્મણ! વધા અનુજથી રા...
વધા અનુજથી રામ, હે લક્ષ્મણ! વધા અનુજથી રામ.
જો હું કલ્પતું કામ, હે લક્ષ્મણ! પૂરણ ખુદનું કામ;
ફરી પ્રતિજ્ઞા કરાવી લીધું, લે શીદ આપણું નામ.
સુખ પામ્યો કે સઘ વિરામ્યો, આવે એ શીદ આમ;
વિહાર સુખમાં વિવશ થયેલો, જોવા ધરી શું હામ.
સુવર્ણભૂષિત બાણ ભયંકર, કહાને વચન મુકામ;
જઈ જણાવ આ રોષ હું મ્હારો, હું એ જઈશ એ ગામ.
વાલી ગયો તે પથ ખુલ્લો છે,

एक एव रणे वाली शरेण निहतो मया ।
त्वां तु सत्यादतिक्रान्तं हनिष्यामि सबांधवम् ॥

'(હે લક્ષ્મણ ! તું સુગ્રીવને ચેતવણી આપ કે) મેં રણમાં
ને એકલાનેજ બાણથી મારી નાખ્યો છે; પણ તેં તો સત્યને
કું છે તેથી તને તો તારા સર્વ સગાંસંબંધીઓ સાથે હું
નાખીશ.' આ રીતે—

પૂર્વ વાતનું સ્મરણ કરાવી, શુદ્ધ લાવીને ઠામ;
વહેલો વળજે રસ્તે પાડી, વચનજ કરશે કામ. હે૦

શાર્દૂલ

સામી લક્ષ્મણ જાય કાર્ય લઇને, ધાર્યું ન શું થાય જ્યાં,
પે શ્રીમત શેષ દેશ સઘળો, કંપી ન શું જાય ત્યાં;
યો જ્યાં રણકાર ધીર જઈ કે, આખી પુરી સૌ બની,
ચેંતા સર્વ ચિત્તે થઈ નૃપતિએ, કાને સુણી એ ધ્વનિ.

દીંડી

ચોકીદાર ચળ્યા શક્યા નહિ રોકી,
કોઇ શક્યા નહિ ક્યાંહી કશું ટોકી;
સભા મંત્રીની સકળ ગઇ ચોંકી,
લહ્યું આવ્યા રામાનુજ શુભશ્લોકી.

ભુજંગી

કરી વાનરે જાણ એ ભૂપતિને, તથાપિ ન તેણે સુધારી મતિને;
ગયા મંત્રીઓ સઘ ભૂપાલપાસે ગયા અંગદે રાય સામે સુઆશે.

તોટક

સહુએ મળીને જવ બોધ દીધો;
સમજ્યા હરિએ બહુ ક્રોધ કીધો;

પણ આખર મેં શું વિરોધ કીધો,
સાકુ સંગ વિનયથી શોધ કીધો.

પદ-'કોઈ લાખ કરો 'એ રાગ

હનુમાન વધા તે વારે, તમે ભૂલ કરી ભારે;
શ્રમ દઈ કામ સાધી લઇ આપે, ફરી ન લીધું નામ.
થયા કામવિવશ ચલીધામ, રહ્યા શુદ્ધહીન આકું જામ;
તેથી શ્રીરામ કોપ્યા દીસે ભારે. હનુમાન૦

प्राप्तमुद्योगकालं तु नावैषि हरिपुंगव ।
त्वं प्रमत्त इति व्यक्तं लक्ष्मणोऽयमिहागतः ॥
सर्वथा प्रणयात् क्रुद्धो राघवो नात्र संशयः ।
भ्रातरं संप्रहितवान् लक्ष्मणं लक्ष्मिवर्धनः ॥
कृतापराधस्य हि ते नान्यत् पश्याम्यहं क्षमम् ।
अंतरेणांजलिं बद्ध्वा लक्ष्मणस्य प्रसादनात् ॥
अभिक्रुद्धः समर्थो हि चापमुद्यम्य राघवः ।
सदेवासुरगंधर्वं वशे स्थापयितुं जगत् ॥

'(હનુમાનજી સુગ્રીવને કહે છે કે,) હે વાનરરાજ! હું
સીતાની શોધ કરવાનો સમય આવી પહોંચ્યો છે, એમ તમે જા
નહિ અને પ્રમાદી બની ગયા, તેથીજ ખરેખર આ લક્ષ્મ
અહીં આવી પહોંચ્યા છે. શ્રીરામચંદ્રજી તમારા ઉપરના સ્
લીધે, પોતે ક્રોધાયમાન થયા છે, છતાં તેમણે તમારી લક્ષ્મી
એવી ભાવનાથી પોતાના ભાઈ લક્ષ્મણને (તમને ચેતવવા
અહીં મોકલ્યા છે. તમે શ્રીરામપ્રભુનો આ રીતે અપરાધ કર્યો
તેથી હવે હાથ જોડીને લક્ષ્મણજીને પ્રસન્ન કર્યા સિવાય બીજું કંઈ
પણ કરવું તે યોગ્ય નથી, એમ હું માનું છું. ખરેખર, ક્રોધાય

રચેલા શ્રીરામચંદ્ર કેવળ ધનુષ ઉગામીનેજ દેવો, અસુરો
ગાંધર્વોસહિત આ જગતને વશ રાખવા સમર્થ છે.' માટે—

ર્તતણા ઉપકાર સ્મરીને, થાઓ તુરત તૈયાર;
ઇ સંગ સર્વ પરિવાર, ઉઠો વિણવાર, નમો શિરસાર.

એ પ્રમાણે શ્રીહનુમાનજી શ્રીરામચંદ્રના સંકલ્પને સમજી
સુગ્રીવને સલાહ આપવા લાગ્યા ને કરેલી ભૂલનું પ્રાયશ્ચિત્ત
શ્રીરામશરણજ છે એવા અભિપ્રાયથી કહેવા લાગ્યા કે:—

मरामानुजशासनं त्वया कपीन्द्र युक्तं मनसाऽप्यपोहितुम् ।
हि ते ज्ञास्यति मानुषं बलं सराघवस्यास्य सुरेन्द्रवर्चसम् ॥

'હે વાનરરાજા ! શ્રીરામચંદ્ર અને તેમના ભાઈ લક્ષ્મણની
જ્ઞાને મનથી પણ ઓળંગવાને તમે યોગ્ય નથી; કેમકે તમારું
કદાચ આ માનુષી બળ છે, એમ જાણતું હશે, પણ (તેમ
ી.) લક્ષ્મણસહિત આ શ્રીરામપ્રભુનું બળ તો દેવેન્દ્રસમાન છે
એ તમને જણાશે.)'

માલિની

સુણી હિતકર વાણી ને ક્ષમા સદ્ય આણી;
કપિપતિ ઝટ ઉઠયા સંગમાં સર્વ રાણી;
અતિ કુપિત બનેલા રામભ્રાતા નિહાળી,
મતિમતી સતી તારા મોખરે આવી ચાલી.

પદ–'શરણું ધરો સરકાર' એ રાગ

સુધર્યો સુગ્રીવરાજ, સહજમાં સુધર્યો સુગ્રીવરાજ;
આણી હરિએ દાઝ. સહજમાં૦
ચથા સધ લક્ષ્મણ ઘડી, સ્મરી હરિ ઉપકાર;
પુર આવશ પામ્યો જેહી તે, મદાઆભારઅપાર.
ચાલતી શું સાર્દુ કરે લઆર.તદપિ મદું સેવા કરવા

ચહે તે ક્ષણ અગ્નિ હણે, સમર્થ અમિતપ્રતાપ;
જેની પણછે ત્રિલોક કંપે; ત્યાં મારૂં શું માપ,
તથાપિ જણાવે કૃપા અમાપ, સ્વજનનાં વધારવાને લાજ
હું પણ સહુ કપિભાલ સહ, હાલ થાઉં તૈયાર;
રામસ્વામી શિર પર રાજે ત્યાં, રાવણના શા ભાર,
ફરી ચહું ક્ષમા બની લાચાર,ધન્ય પ્રભુ આણી માર

यदि किंचिदतिक्रांतो विश्वासात् प्रणयेन वा
प्रेष्यस्य क्षमितव्यं ते न कश्चिन्नापराध्यति

(સુગ્રીવ રામપ્રભુની ક્ષમા માગે છે કે,) જો ર
વિશ્વાસથી અથવા સ્નેહથી આપનો કંઇ અપરાધ
તેને આપ, મને પોતાનો દાસ સમજી ક્ષમા કરવાને યોગ
કેમકે જગતમાં આપનો અપરાધ કોણ નથી કરતું ?'

ઉપેન્દ્રવજ્ર

પરસ્પરે સઘ થયા ખુલાસા, પરસ્પરે મિત્ર ખરાજ
ક્ષમા ચહી ગ્રીવરાય શાણે, ક્ષમા કરી લક્ષ્મણજી

માલિની

હરિ અનુકુળ જેને, વિઘ્ન આવ્યાં જતાં રે
અનુકૂળ સહુ વાનાં, આપ સાધ્ય થતાં
પ્રથમથી હનુમાને, દૂત પ્રેર્યા હતા
લઈ કપિદળ આવ્યા, શા હજારો જથા

ધનાશ્રી

આવી ઉરમાં હામ ગ્રીવને, આવી ઉરમાં હામ
પ્રમાદ ગયા તમામ
વાદળ સમ વાનરદળનાં દળ, રોકી રહ્યાં સહુ ઠામ

લક્ષ્મણસંગે પરમ ઉમંગે, ચાલ્યા જ્યાં છે રામ;
પછી પ્રભુપદ તજી મોહ-મદ, ચહ્યું કરવા પ્રિય કામ.
તન-મન-જનસહ સેવારત છે, જોઈ રીઝયા ઘનશ્યામ;
ફુલ ફુલી હરખે ફૂલી જઈ, ભેટ્યા પૂરણકામ.

पादयोः पतितं मूर्ध्ना तमुत्थाप्य हरीश्वरम् ।
प्रेम्णा च बहुमानेन राघवः परिषस्वजे ॥

'મસ્તક નમાવીને પોતાના પગમાં પડેલા વાનરરાજ સુગ્રી-
વને ઉઠાડીને શ્રીરામચંદ્ર પ્રેમ અને બહુમાનથી ભેટ્યા.'

પછી બનાવ્યું કૃપાજ રૂપે સીતાશોધનું કામ.

ભુજંગી

સુમંત્રિએ ખુશીથી ઉઠાવ્યું, દિશા ત્રણમાં સેન પહેલું પઠાવ્યું;
[illegible]ને જદા તે વૃથા પાછું આવ્યું, તદા દક્ષિણે તે પઠાવાનું ઠાવ્યું.

સવૈયો

શ્રી હનુમાન કર્યા તૈયાર, સ્વકારજ એ વિણ કોથી થયું ના;
કે ઉપકાર અપાર તથાપિ, વિક્ષેપ થવા ચિત્ત મંદ થયું ના.
સુંદરિએ પણ એ વિણ અન્ય, ઘડી ધરૂં મૂળથી ચિત્ત ચહ્યું ના;
તેથી નદીધી નિશાની બીજે, નિજ ગુપ્ત બીજા કોઈને જ કહ્યું ના.

દુહો

કાર્ય થાય આચાર્યથી, હોય ઘટિત જો આપ;
એમ થયું સુગ્રીવનું, શ્રીહનુમાનપ્રતાપ.

ઉપેન્દ્રવજ્રા

[illegible] કુંનીના મમ વેરી સાધી, સુપે વજ્રા કરી વદ વિરોધી;
[illegible] નાયમગ્રીપ ભાખી, [illegible] સુગ્રીવની [illegible]

પદ–ગઝલ, બિહાગ

સુગ્રીવ વદ્યા કર જોડી, સ્વામી હું તૈયાર છું;
મેળવું જાનકી જોડી, સ્વામી હું તૈયાર છું.
વાનરો નાયકસાથ, હાજર અસંખ્યાત સંખ્યા;
પરવા જીવનની છોડી, સ્વામી હું તૈયાર છું.
રાવણને દઈ દંડ સીતા પાછાં આણવું;
અસુરોતણો મદ તોડી, સ્વામી હું તૈયાર છું.
લંકાપુરી નજરે પડી, તે ઘડી હડી કરવું;
કિલ્લા બુરજ ઝટ તોડી, સ્વામી હું તૈયાર છું.
સેતુ તમે બાંધો છે, વચમાં એટલો વાંધો;
ન કરી શકે કંઈ હોડી, સ્વામી હું તૈયાર છું.
સાગર ઉતારો આપ તો, પુંઠે પૂરા પડવું;
અડચણ નથી એ થોડી, સ્વામી હું તૈયાર છું.

સાખી

સેનસહિત સુગ્રીવસોબતમાં, સાગરસમીપ આવી;
સાગર સામે સાગર જેવી, છાવણી વડી જમાવી.
વિભીષણે ત્યાં આવી, શરણ થવાની વાત જણાવી;
તવ સુગ્રીવને રઘુપતિએ, નિજ રીત સ્પષ્ટ સમજાવી.

मित्रभावेन संप्राप्तं न त्यजेयं कदाचन ।
दोषो यद्यपि तस्य स्यात् सतामेतन्न गर्हितम् ॥
आनेदन हरिश्रेष्ठ ! दत्तमस्याभयं मया ।
विभीषणो वा सुग्रीव यदि वा रावणः स्वयम् ॥

'મિત્રભાવે જે મારે શરણે આવ્યો હોય તેને હું કદી
નહિ; જો કે તેનો દોષ હોય તોપણ (તેને શરણ આપવું
સત્પુરુષોમાં નિંદ્ય નથી ગણાતું; માટે હે વાનરશ્રેષ્ઠ સુગ્રીવ

વિભીષણ હો કે રાવણ પોતે હો, તો પણ મેં આનંદથી તેને અભયદાન આપ્યું છે.'

માલિની

નિજ મત ઝટ મૂકી, સ્વામિ આજ્ઞા સ્વીકારી,
વિભીષણ થકી મૈત્રી, ત્યારથી સ્થિર ધારી;
શરણ ધરમ જાણી, ધન્ય માની સ્વજાતે,
અધિક હરખ આણી, સેવતા દિન-રાતે.

પદ-'ઐસી ચતુર નાર' એ રાગ

શુકનામે દૂત કરી વડું તુત, કરી શુકનું રૂપ હતા કપિભૂપ;
ચુપચુપ ત્યાં આવીને વધો, છાનું ધીમા સાદે.
વધા લંકનાથ, કહું તેજ વાત, આપને ભ્રાતસમ ગણે આપ;
શામાટ વિપત્તિ પછી વહોરો છો માથે,
રામની નાર હરી ધરી પ્યાર, તેમાં શું તમારે કરો વિચાર;
જાઓ સ્વપુર મોઝાર પ્રભાતે.
છો લઢે રામ, કરે પુરી હામ, સુર-ગંધર્વો અહીં છે નકામ;
તે કામ થાય જય શું કપિ-હાથે.

શાર્દૂલ

કીધો જ્યાં અકવાદ આદ સુણતાં, ઝાલી લીધો વાનરે,
મારી માર પ્રભુ-સમીપ લઇને, કીધો ખડો તે પળે;
તેણે નાથ સ્તવ્યા તદા ધરી દયા, પોતે મુકાવી દીધો,
તેરો તે ઉડતાં ફરી કપિપતિ-ને વધો ના બીધો.

દુહો

હે કપિપતિ મહામતિ, રાવણપ્રતિ જવાબ;
[illegible] આપ જણાવો સાફ.

[illegible]

જઈ કહેજે કે [illegible] [illegible] [illegible], [illegible] આ તેણે
કે પાણી [illegible] નિશાચર છે, [illegible] [illegible] [illegible] [illegible]
ઉપકાર [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] મારી શકે, [illegible] [illegible]
સેના [illegible] [illegible] [illegible] પડ્યા વિના નથી રહેવું;
[illegible] [illegible] છે, [illegible] છે, યુદ્ધમાં મારી છે,
[illegible] [illegible] નારી છે, [illegible] [illegible] [illegible]
નેં [illegible] [illegible] [illegible], [illegible] [illegible]
ગુરુ [illegible] [illegible] છે, [illegible] [illegible]
[illegible] [illegible] [illegible]

માલિની

અવણ કરી ગુવાળી, સત્ય તેને પ્રમાળી,
કહી જઈ સ્વપતિને, લક્ષ તેણે ન આણી;
રઘુપતિ પછી બાંધી, સેતુ તારી સ્વસેના,
કપિપતિ સહ બેઠા, યોગ્યસ્થાને મઝેના.

લાવણી-ધૂર્જટી

સુવેલ ઉપર હતા શ્રીરામ, સંગમાં શ્રીસુગ્રીવ બળધામ;
લીધો જ્યાં ત્યાં ક્ષણ સુખે વિરામ, દીઠું ત્યાં સામું રાવણધામ.
જોઈને અસુરપતિનો ઠાઠ, જોઇ રાવણનો પ્રચંડ ઘાટ;
ન જોઈ પૃથ્યાની પ્રભુને વાટ, કૂદી ઉપડ્યા વદી મનમાં ઘાટ.

સાખી

પહોંચ્યા ઉંચી અટારીએ, છેક લંકપતિપાસ;
પટકાયાં રે ચાર નિશાચર, પહોંચ્યો રાવણદાસ.

ચઢ્યું શશિ અંબરે, એ સ્થાનમાં અહેવાં;
શ્રી નિર્મળ ચંદ્ર, શાંતિ નહે થવાની,
મનની કરી આશા, અગરીને સ્વીકારી.

રાગ ઘટ ગ્રહું કેરી

સુણીને શ્રીમુખ વાણી, ગદ્ગદવાણી બેલાને વખાણી.
દેવે શોભની શ્રીલક્ષ્મી, બેલ્યો બોલ ભલે બોલ આણી;
કહું મારું મન ધાર્યું, મહાદેવશરની સામી એ ધાણી;
દેવથી પણ કથા નિર્ણય, મેં દીઠા આજ મન માણી;
૫૭ એવું વચન માગ્યું, માર નાખી શિર ધરી ધાણી.

શાર્દૂલ

ધાકે એવું કરી વર્ણ અવસરમાં, એની સુખે કથની,
આવ્યા સ્થાનવિષે રહ્યા સુખવિષે, દીઠું ન કદી કદી;
આવીને અવધે કરી અવસરમાં, આશ તજી દેહને,
પરોંચ્યા સ્વર્ગમાં ભમા સુપતિ, વાસ ભયા સ્નેહને.

માટે કહેવું છે કેઃ—

કથાની ક્ષમા રે એવા માર ગ્રામ, શુદ્ધ છે સુખાની તમામ.
સુસ્વાની૦
કથામાં સ્થાપી વગસુખ આપી, અતિ અનુ રે નિજધામ.
સુસ્વાની૦

अभिषिच्य तु लंकायां विभीषणमथापि च ।
भरते राज्यमावेश्य त्यक्ष्ये देहं महाबलम् ॥

'(હનુમાનજી લંકામાં પરાક્રમ કરી સીતાની શોધ કરીને શ્રીરામચંદ્ર પાસે પાછા આવ્યા ત્યારે શ્રીરામચંદ્રે તેમને કહ્યું કે,) હે મહાબાહુ હનુમાન! તમને જો કોઈ પણ થયું હત તો મને સીતાની શી જરૂર હતી? તેમજ હે શત્રુઓનો નાશ કરનાર! તમને જો કંઇ થયું હત તો મને શત્રુઘ્ન, ભરત, નાનો ભાઇ લક્ષ્મણ કે મારા પોતાના શરીરની પણ શી જરૂર હતી? જો કે મહેન્દ્ર તથા વરુણ જેવું તમારૂં પરાક્રમ મેં જાણ્યું છે, તોપણ હે મહાબલવંત હનુમાન! પહેલાં મારી બુદ્ધિએ આવો નિશ્ચય કર્યો હતો (જો હનુમાનને કંઇ થયું હશે તો) પુત્રો, સૈન્ય તથા વાહને સાથે યુદ્ધમાં રાવણનો વધ કરી, લંકામાં વિભીષણનો રાજ્યાભિષેક કરી, મારૂં રાજ્ય ભરતને સોંપી દઇ, હું મારા દેહનો ત્યાગ કરીશ.'

ઉપેન્દ્રવજ્રા

નડયા લડયા વાનર શત્રુ સાથે, પડયા બહુ એ રણમાં મરાતે;
તથાપિ અંતે અહીં ઈશહાથે, મુવા બધા રાવણવંશ સાથે.

શાર્દૂલ

પોતાકાજ પડયા કપિ સકળને, જીવાડવા ચાહીને,
આજ્ઞા આપી સુરેન્દ્રને તવ સુધા-વૃષ્ટિથી ભીંજાવીને;
ઉઠયા વાનર સર્વ રામપદમાં, આવી પડયા પ્રેમથી,
જીવાડયા જયશાલી અંત કરીને, રાખ્યા સુખી ક્ષેમથી.

માલિની

વિભીષણથી વરીને, સૈનિકો સર્વને ત્યાં,

બહુ ઘટિત ઇનામો, એ અપાવ્યાં મજેનાં;
કરી વિભીષણ રાજા, શાંતિ નગ્રે પસારી,
સરવની પુરી આશા, જાનકીને સ્વીકારી.

પદ-'પ્યારા પ્રભુ' ભૈરવી

વધા સુગ્રીવથી શ્રીરાઘવ વાણી, રાઘવવાણી સેવાને વખાણી.
સુખે હવે સૌ સદનથી સીધાવો,ભોગવો ભોગ ભલે મોજ માણી;
કામ કર્યું મારું મન ધાર્યું, મહાઉપકારની રાખી એંધાણી;
હવે દેવથી પણ થયા નિર્ભય, મેં લીધા મારા જન જાણી;
અનુ પણ એવું વચનજ માગે, માત્ર નામી શિર જોડી પાણી.


શાર્દૂલ

સાથે સર્વ રહી જઈ અવધમાં, સેવી સુખે દંપતી,
આવ્યા સ્થાનવિષે રહ્યા સુખવિષે, દીઠું ન કષ્ટે કદી;
આવીને અવધે ફરી અવધમાં, સાથે તજી દેહને,
પહોંચ્યા સર્વસમા ખમા રઘુપતિ, તારા ખરા સ્નેહને.

માટે ખરૂંજ છે કેઃ—

ભુલ્યાની ક્ષમા દે એવા માત્ર રામ, શુધ લે સુધારી તમામ.
ભુલ્યાની૦
સેવામાં સ્થાપી જગસુખ આપી, અંતે અનુ દે નિજધામ.
ભુલ્યાની૦





श्रीविभीषण-शरणागति-आख्यान

[विषय-प्रभुशरण एज सत्य]

પૂર્વરંગ

પદ-'હીરાળે રે તુને (૨) સ્યામા સ્યામ ગરજત દાન' એ રાગ
આવ્યો શરણે (૨) રે હો જાનકીનાથ, શ્રીમત પદ અર્પણ કરી
તન-મન રે, અરે હાં તન-મન રે. આવ્યો૦
અવર સર્વનું તજી અણુ સગપણ, કરીએ અકિંચન નમન રે.

હે પ્રભો ! હું આપને શરણે શા માટે આવ્યો છું ?

પદ-ગઝલ

શ્રીનાથ બીજે તમ વગર, મેં ભય બધે દીઠો;
જેમ ઉદધિમાં રહેશે મગર, મેં ભય બધે દીઠો.
તનમાં થશે શી પીડ, પાવણ ક્યાં થશે કેડું;
ને મોતનો વિકરાળ વર, મેં ભય બધે દીઠો.
ધન સાધનો સુખદા દીસે, પણ છે ચપળ પુરાં;
લઈ લે વિપત્તિ નારીનર, મેં ભય બધે દીઠો.

आपदर्थे धनं रक्षेत् श्रीमतः कुत आपदः ।
कदापि यांति ते कालं समूलं च विनश्यति ॥

'આપત્તિઓથી બચવા માટે ધનની રક્ષા કરવી; કેમકે શ્રીમાન પુષ્યને આપત્તિ આવેજ કયાં ? પણ કોઈ વેળા ધનના જોરથી આપત્તિઓ ભલે ચાલી જાય, પણ છેવટે તો સમૂળગો વિનાશ થાય છે.' એટલે જે વેળા આપત્તિનો ધસારો એક સામટો આવે છે તે વેળા ધનથી કંઇ પણ વળતું નથી; તેજ પ્રમાણે—

સ્નેહી સગાં સારાં મળે, અંતે તોયે તજવાં;
જગસ્નેહ મૂળજ દુઃખકર, મેં ભય બધે દીઠો.
નિજ સ્વાર્થ સારૂં જગતના જન, રાતદિન શેકે;
શત્રુઓ શિર પર શક્તિ હર, મેં ભય બધે દીઠો. [માટેજ—]

આવ્યો શરણે (૨) રે હો જાનકીનાથ,
શ્રીમતપદ અર્પણ કરી તનમન રે હો, જાનકીનાથ.

તેમાં પણ જાનકીનાથનેજ શરણે હું આવ્યો, તેનું કારણ? તુકારામ બાવા જેવા અનુભવી પણ એજ કહે છેઃ—

અભંગ

તુજ વિણ કોણા શરણ જાઉં નારાયણા,
એસા દેખે મેં કોણી દુજા નાહિ ત્રિભુવની;
પાહિલા પુરાણે ધાંડોળી લીંદ સરાણે,
તુકા મ્હણે હાયી જડ ન ઠેલા તુઝ્યા પાયા.

એથી શું લાભ છે ? તે પણ કહે છેઃ—

ઐસે ભાગ્ય કઈ લાવના હોઈન અવઘે દેખે જન બ્રહ્મરૂપ;
મગતયા સુખ અતનાહી પાર, આનંદે સાગર હેલાવતી.
શાંતિ દયા ક્ષમા મૂર્તિ મત અંગી, પરાવૃત સંગી કામાદિકાં;
વિવેકાસહિત વૈરાગ્યાચે, બળ ધગધગી તો જ્વાળ અગ્નિ જૈસા.
ભક્તિ નવવિધા ભાવ શુદ્ધ ભરી, અલંકારાવરી મુકુટમણિ;
તુકા મ્હણે માઝી પૂરવી વાસના, કોણ નારાયણા તુજ

આ મંબંધે અમે કહેલ છે:—

પદ-ભૈરવી

પ્રભુ તને હું મૂકીને ક્યાં જાઉં રે?
જગતનો તું છે નાથ, શાતા આપી તારે હા
પછી બીજા કોને ગાઉં રે?
તારા વિના બીજા બધા પોતેજ ન રહે સા
તેનું શું શરણું સાહું રે!
તેંજ મને દીધો દેહ, તુંજ પાળે રાખી સ્નેહ
તારું આપેલુંજ ખાઉં રે.
તારું ધારેલુંજ થાય, તુંજ તારે તો તરાય;
માટે ગુણો તારા ગાઉં રે.

માટેજ અહીં પણ એજ કહ્યું છે:—

આવ્યો શરણે રે હો જાનકીનાથ, શ્રીમતપદ અર્પણકરીતનમ
[કારણ—] મન આપ ઉત્તમ ધાર્યું, શરણોનું સદા સુખ

ભક્ત તુકારામ દૃષ્ટાંત દે છે:—

ગજ ઇન્દ્ર પશુ આપ્તે મોકલીલા, તો તુજ સ્મરલા પાંડરંગા
ત્યા સાઠીં ગરુડ સાંડની ધાં વસી માયા ઝળ બક્ષી દીનાનાથ
ધેનુ વત્સાવરી સ્ટેપ ઘાલી જૈસી તૈસે, ગજેન્દ્રાસી સોડવી લેં
તુકા મ્હણે ધીદ બાંધલેયાસાટી, ભકતાંસી સંકટી રક્ષા વધ

અને એ દૃષ્ટાંત જોઇ પોતેજ કહે છે:—

લોક દ્વાર લાદા અમંગલ જાલા, ત્યાચા ત્યાગકેલા પાંડરંગા
વિષયાં વચલો મીપણા મુંકલો, શરણ તુંજ આલો પાંડરંગા
ઘર દાર અવઘિ,યજીલા નારાયણા, જીવીચા જીવના પાંડરંગા
તુકા મ્હણે પહલો પુંડલીકા પારીં ધાંય ઢર્ષાકિરા આલિંગીમજ

એ રીતે આપણે પણ પ્રભુશરણ થવાને કહ્યું છે:—

અવર સર્વ તણું તજી અનુસરગપણ, કરીએ અકિંચન નમન રે;
આવ્યો શરણે રે હો જાનકીનાથ, શ્રીમતપદ અર્પણ કરી તનમનરે.

શાસ્ત્રો કહે છે:—

मृत्योर्बिभेषि किं मूढ भीतं मुञ्चति किं यमः ।
अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि ॥

'અલ્યા મૂઢ! મૃત્યુથી કેમ ડરે છે? શું ભય પામેલાને યમ છોડે છે? માત્ર જે જન્મ્યો ન હોય તેને મૃત્યુ લેતો નથી; તો જન્મ નહિ પામવા માટે તું યત્ન કર.' ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ પણ એજ કહે છેઃ—

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौन्तेय पुनर्जन्म न विद्यते ॥

'હે અર્જુન! બ્રહ્માના લોક સુધીના સર્વ લોક ફરી જન્મનારા છે—જન્મમરણ પામે છે; માત્ર હે કુંતાપુત્ર! મને પામીને પુનર્જન્મ રહેતો નથી.' આમ પ્રભુને પામ્યા વિના જન્મ-મરણથી છુટાતું નથી, પણ પ્રભુને પામવાનો ઉપાય કયો? કલિયુગમાં બીજા ઉપાયો કરવા કઠણ થઈ પડે છે; માત્ર આ એકજ સહેલો ઉપાય ભગવાન પોતે કહે છેઃ—

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात् परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

'હે ભરતવંશી અર્જુન! કેવળ એક પ્રભુનેજ શરણે સર્વ ભાવથી તું જતો રહે; તેમની કૃપાથી તું પરમ શાંતિ અને અવિનાશી સ્થાન પામીશ.' ખુદ બ્રહ્મલોકમાં વસનારી શ્રુતિઓ એજ કહે છેઃ—

यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदाँश्च प्रहिणोति तस्मै।
तमात्मबुद्धिप्रसादं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये ॥

'જેમણે સૌ પહેલાં બ્રહ્મદેવને ઉત્પન્ન કર્યા અને તે બ્રહ્મદેવને જેમણે વેદ આપ્યા, તે સર્વના મન અને બુદ્ધિને નિર્મળ કરનાર પરમાત્માને, હું મુમુક્ષુ શરણે જાઉં છું.' આ રીતે શ્રુતિઓ તપાસતાં પણ એજ સિદ્ધાંત નીકળે છે કે, સંસારથી છૂટવા માટે પ્રભુશરણ વિના બીજો કોઈ સરળ માર્ગ નથી.' બાકી તો—

शार्दूल

जातोऽहं जनको ममैष जननी क्षेत्रं कलत्रं कुलं।
पुत्रा मित्रमरातयो वसु बलं विद्या सुहृद् बांधवाः ॥
चित्तस्पंदितकल्पनामनुभवन् विद्वानविद्यामयीं ।
निद्रामेत्य विघूर्णितो बहुविधान् स्वप्नानिमान् पश्यति ॥

'આ હું જન્મ્યો, આ મારો પિતા, આ મારી માતા, આ મારૂં શરીર, સ્ત્રી, કુળ, પુત્રો, મિત્ર, શત્રુઓ, ધન, વિદ્યા, સુહૃદ અને મારાં સગાંસંબંધીઓ છે; આવા પ્રકારની ચિત્તમાં ઘૂમ્યા કરતી કલ્પનાઓને અનુભવતો વિદ્વાન પુરુષ પણ કેવળ અવિદ્યામય એવી નિદ્રામાં પડીને ખૂબ ઘોરતો અનેક જાતનાં આવાં સ્વપ્નાં જોયા કરે છે.' તે ક્યાં સુધી? 'मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च' ભગવાન કહે છે કે જ્યાં સુધી મારે લીધેજ તેને સ્મરણ, જ્ઞાન તથા જ્ઞાનનું ઢંકાવું થાય છે ત્યાં સુધી; કારણકે 'भवन्ति भावा भूतानां मत्त एव पृथग्विधाः ।' જુદા જુદા સર્વ પ્રકારના ભાવો પ્રાણીઓમાં મારે લીધેજ થયા કરે છે.' આવાજ ભાવથી બીજે સ્થળે કહેવામાં આવે છે:—

कालचक्रं जगच्चक्रं युगचक्रं च केशवः ।

आत्मयोगेन भगवान् परिवर्तयतेऽनिशम्॥

'કાળચક્રને, જગતચક્રને તથા યુગચક્રને ભગવાન કેશવ પોતાના યોગબળથી હંમેશાં ચલાવ્યા કરે છે.' અને તેથીજ કહ્યું છે કેઃ—

नाथे श्रीपुरुषोत्तमे त्रिजगतामेकाधिपे चेतसा ।
सेव्ये स्वस्य पदस्य दातरि सुरे नारायणे तिष्ठति ॥
यं कंचित् पुरुषाधमं कतिपयग्रामेशमल्पार्थदं ।
सेवायै मृगयामहे नरमहो मूढा वराका वयम् ॥

'સર્વનો સ્વામી, ત્રણે જગતનો એકજ અધિપતિ, કેવળ મનથી સેવવાયોગ્ય અને પોતાનું પદ આપી દેનારો મહાદાતા શ્રીપુરુષોત્તમ નારાયણ દેવ વિદ્યમાન છે, છતાં અમે અમુક કેટલાંક ગામડાંઓના સ્વામી, અતિ અલ્પ ધન આપનાર અને પુરુષોમાં અધમ એવા અમુક કોઈ મનુષ્યને સેવવા માટે શોધીએ છીએ ! અહો ! આશ્ચર્યની વાત છે કે અમે મૂઢ છીએ ! દીન છીએ.' વળી ભક્ત શિરોમણિ પ્રહ્લાદજી તો એમજ કહે છેઃ—

धर्मार्थकाम इति योऽभिहितस्त्रिवर्ग ।
ईक्षात्रयी नयदमौ विविधा च वार्ता॥
मन्ये तदेतदखिलं निगमस्य सत्यं ।
स्वात्मार्पणं स्वसुहृदः परमस्य पुंसः ॥

'ધર્મ, અર્થ ને કામરૂપ જે ત્રિવર્ગ કહ્યો છે તે, અને તે ત્રિવર્ગ સંપાદન કરવા માટે આત્મવિદ્યા, કર્મવિદ્યા, તર્કશાસ્ત્ર, દંડનીતિ અને અનેક પ્રકારની જે આજીવિકાઓ કહેવામાં આવી છે તે આ સર્વ વેદમાં પ્રતિપાદન કરેલું છે એમ હું માનું

સમજું પોતાના મિત્ર પરમપુરુષ ભગવાનનેજ પોતાનો આત્મા અર્પણ કરવામાં જો સાધનરૂપ થાય તોજ તે સર્વને હું સત્ય માનું છું (નહિ તો તે સર્વ મિથ્યા છે.)' કારણકે ભક્તિના નવ પ્રકારોમાં પણ છેવટે તો તેજ છેઃ—

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदनं दास्यं सख्यम् आत्मनिवेदनम् ॥

આમ 'આત્મનિવેદન' અથવા 'આત્મસમર્પણ' એ ભક્તિનો સર્વોત્કૃષ્ટ પ્રકાર છે; અને તેથીજ ખુદ ભગવાન પણ તેની દુર્લભતા દર્શાવીને લક્ષ્મીતંત્રમાં કહે છેઃ—

आकिंचन्यैकशरणाः केचिद् भ्रान्त्वाऽधिकं पुनः ।
मामेव शरणं प्राप्य मामेवांते प्रयांति ते ॥

'કેવળ આકિંચન્ય-સંન્યાસનુંજ શરણ લેનારા કેટલાક પુરુષો ઘણું ઘણું (સંસારમાં) ભટકીને છેવટે મારૂંજ શરણ લઈ મનેજ પામે છે.' માટે આપણે પણ બીજી બધી મિથ્યા ખટપટ છોડી દઈ એમનેજ શરણે જઈએઃ—

અવર સર્વ તણું તજી અનુ સગપણ, કરીએ અકિંચન નમન રે. આ૦

અને આ રીતે સર્વની સાથેનું સગપણ જો તોડી નાખીએ તો તેથી કંઇ પાપ લાગતું નથી; કારણકે સંસારી સગપણ તો તોડવુંજ જોઇએઃ—

જાકે સંગ કુમતિ અતિ ઉપજત પરત ભજન મેં ભંગ. [મારેજ—]
તજ મન હરિ વિમુખકો સંગ.

મીરાંબાઈને રાણાએ જ્યારે બહુ દુઃખ દેવા માંડ્યું ત્યારે ગભરાયાં અને વિચાર કર્યો કે હવે મારે શું કરવું જોઈએ!

કુળની મર્યાદા તોડયા વિના હવે સુખેથી ભજન થઇ શકશે નહિ; પણ એકદમ સાહસ કર્યા વિના તેમણે તુલસીદાસજી ઉપર પત્ર લખી પુછાવ્યું કે, આ સ્થિતિમાં મારે શું કરવું ? ત્યારે તુલસીદાસજીએ રાજ્યરીતિથી ચેતીને માત્ર એકજ પદ ઉત્તરમાં મોકલ્યું કે:—

જાકે પ્રિય ના રામ-વૈદેહી,
તજીએ તાકો કોટિ અરિસમ યદપિ પરમ સનેહી.

એટલે જેઓ ભક્તિમાર્ગમાં વિઘ્નકર્તા હોય તેવાં સગાંઓને તો શત્રુ સમજી તજવાંજ જોઇએ; તેમાં પાપ નથી. ધર્મ બે પ્રકારનો છે. એક સામાન્ય ધર્મ ને બીજો વિશેષ ધર્મ. તેમાં વિશેષ ધર્મની પ્રાપ્તિ માટે સામાન્ય ધર્મનો ઉપયોગ કરવો જોઇએ; કારણકે—

जन्मांतरसहस्रेषु तपोध्यानसमाधिभिः ।
नराणां क्षीणपापानां कृष्णे भक्तिः प्रजायते ॥

'હજારો જન્મોમાં તપ, ધ્યાન તથા સમાધિ સેવ્યાં હોય તો તેથી જેઓનાં પાપ નાશ પામ્યાં હોય તેવાં મનુષ્યોને શ્રીકૃષ્ણપ્રભુમાં ભક્તિ થાય છે.' આમ તપ-ધ્યાન-સમાધિરૂપ સામાન્ય ધર્મનું આચરણ કરવામાં પ્રથમ આરંભેજ સર્વપ્રકારનાં સંબંધો છોડવા પડેજ છે અને તે પછી એ સામાન્ય ધર્મના આચરણદ્વારા વિશેષ ધર્મ-શ્રીકૃષ્ણભક્તિની પ્રાપ્તિ થઈ શકે છે. આમ વિશેષની પ્રાપ્તિ થાય એટલે સામાન્યનો સ્વયમેવ લોપ થાય છે અને તે માટે પ્રભુની આજ્ઞા પણ છેઃ—

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः

સઘળું પોતાના મિત્ર પરમપુરુષ ભગવાનનેજ પોતાનો આત્મા અર્પણ કરવામાં જે સાધનરૂપ થાય તોજ તે સર્વને હું સત્ય માનું છું (નહિ તો તે સર્વ મિથ્યા છે.)' કારણકે ભક્તિના નવ પ્રકારોમાં પણ છેવટે તો તેજ છેઃ—

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम् ।
अर्चनं वंदनं दास्यं सख्यम् आत्मनिवेदनम् ॥

આમ 'આત્મનિવેદન' અથવા 'આત્મસમર્પણ' એ ભક્તિનો સર્વોત્કૃષ્ટ પ્રકાર છે; અને તેથીજ ખુદ ભગવાન પણ તેની દુર્લભતા દર્શાવીને લક્ષ્મીતંત્રમાં કહે છેઃ—

आकिंचन्यैकशरणाः केचिद् भ्रान्त्वाऽधिकं पुनः ।
मामेव शरणं प्राप्य मामेवांते प्रयांति ते ॥

'કેવળ આકિંચન્ય-સંન્યાસનુંજ શરણ લેનારા કેટલાક પુરુષો ઘણું ઘણું (સંસારમાં) ભટકીને છેવટે મારૂંજ શરણ લઈ મનેજ પામે છે.' માટે આપણે પણ બીજી બધી મિથ્યા ખટપટ છોડી દઇ એમનેજ શરણે જઇએઃ—

અવર સર્વ તણું તજી અનુ સગપણ, કરીએ અકિંચન નમનરે. આ૦

અને આ રીતે સર્વની સાથેનું સગપણ જો તોડી નાખીએ તો તેથી કંઇ પાપ લાગતું નથી; કારણકે સંસારી સગપણ તો તોડવુંજ જોઇએઃ—

જાકે સંગ કુમતિ અતિ ઉપજત પરત ભજન મેં ભંગ. [મોહન]
તજ મન હરિ વિમુખકો સંગ.

મીરાંબાઇને રાણાએ જ્યારે બહુ દુઃખ દેવા માંડયું ત્યારે ગભરાયાં અને વિચાર કર્યો કે હવે મારે શું કરવું જોઇએ!

'પરમેશ્વર અનુકૂળ થાઓ' એવો સંકલ્પ, પ્રતિકૂળ પદાર્થોનો ત્યાગ, 'પરમેશ્વર મારું રક્ષણ કરશેજ' આવો વિશ્વાસ, 'સર્વના રક્ષક પ્રભુ છે' આવો દૃઢ સ્વીકાર અને વિષયોમાં મન ન ચાલ્યું જાય, તે માટે પ્રભુ પાસે દીનતાપૂર્વક પ્રાર્થના—આવી પાંચ અંગોવાળી શરણાગતિ છે. આ શરણાગતિનો અભ્યાસ તેવા કોઈ અભ્યાસી સદ્ગુરુમહારાજ સંપાદન કરી શકાય છે; અને તેવી શરણાગતિ પોતાને તેવા સદ્ગુરુદ્વારા મળી શકે તે માટે એ પ્રભુ પ્રત્યેજ આવી પ્રાર્થના કર્યા કરવી:—

शार्दूल

श्रीरामोऽत्र विभीषणोऽयमनघो रक्षोभयादागतः ।
सुग्रीवानय पालयैनमधुना पौलस्त्यमत्रागतम् ॥
इत्येवाभयमस्य सर्वविदितं यो राघवो दत्तवान् ।
आर्तत्राणपरायणः स भगवान्नारायणो मे गतिः ॥

'શ્રીરામચંદ્ર અહીં પધાર્યા છે, આમ સમજી નિર્દોષ વિભીષણ, રાવણ-રાક્ષસના ભયથી તેમને શરણે આવ્યો; એટલે પ્રભુ રામચંદ્રે 'હે સુગ્રીવ! હમણાં આપણા શરણે આવેલા આ વિભીષણનું તું રક્ષણ કરજે' એમ કહી સર્વની સમક્ષ તેને અભયદાન આપ્યું. તે રામાવતાર ધારણ કરનાર અને દુઃખી ભક્તજનોનું રક્ષણ કરવામાં તત્પર રહેનાર ભગવાન શ્રીનારાયણ મારું શરણ હો.' આજ પ્રાર્થનાનું સરળ સ્વરૂપ અહીં દર્શાવ્યું છે:—

આવ્યો શરણે રે હો જાનકીનાથ,
શ્રીમતપદ અર્પણ કરી તનમનરે.

તે કોની પેઠે? મહારાજ વિભીષણની પેઠે. તે સુણો:—

શ્રી વિભીષણ–શરણાગતિ–આખ્યાન

મરાઠી–સાખી

પુલસ્ત્ય પુત્ર પ્રજાપતિના પ્રિય, પુરા પવિત્ર પોતે;
તપ કરતા તૃણબિંદુ આશ્રમ, કાળ ન ક્ષણ પણ ખોતે;
જીત્યું મોતે.................જપતા પ્રભુ ઉર ગોતે.
ઋષિકન્યા ત્યાં રમવા આવે, ભજને ભંગ પડાવે;
અકળાઈ ઉચર્યા જે કન્યા, દેખીશ વિણ બોલાવે;
ગર્ભિણી થાશે.............તે મુજ નજર પ્રભાવે.
શાપ સુણી સહુ કન્યા સટકી, તૃણબિંદુની બાળા;
હતી અજાણી પડી દૃષ્ટિએ, થઈ કષ્ટી જોઈ ચાળા;
પિતુ તપવાળા ....સમજ્યા સત્ય કૃપાળા.
પુલસ્ત્યને પરણાવી દીધી, સપુત પ્રકટ્યા તેના;
થયા વિશ્રવા ચાવા, સસરા ભરદ્વાજ છે જેના;
સુત કુબેર શ્રી.............પ્રકટ્યા એથી અજેના.

પદ–'લાવણી ધર્મધુરંધર' એ રાગ

હતો સુમાલી રાક્ષસ રાજા, શુચિ કન્યા તેની;
સંગે રાખી ફરે ગગનપથ, ઉર રહે બેચેની.
દીઠા કુબેર ધનેશ્વર સુંદર, વિમાનમાં સ્વારી;
થયો વિચાર કુળે આવા સુત, પ્રકટે શે ભારી.
સમજાવી દુહિતા પ્રેરી, વિશ્રવાનેજ વરવા;
તે પણ આવી પ્રીતિ લાવી, મુનિનું મન હરવા.
પ્રદોષવેળા પલ્લે વળગી, કૈકસી એ મોહી;
આશા પુરી મુનિએ પણ સુત તો, થયા દેવદ્રોહી.

લલિત છંદ

સમજી ભૂલ એ નારી સદ્‌ગુણી, ન જાણી શે બને જે બીના
કરગરી ફરી દીધી માગણી, સપુત એકલો યો ધી'

દીંડી

દેખી દીન દયા કરી વધા નાથ, એહ પુત્ર થશે છેલ્લો શુ
ધર્મધારી સુજકુળધર્માચારી, વરધીવર સુણતાંરીઝીસત

સાખી

દશગ્રીવ પહેલો પ્રકટયો તવ, થયા ઘણા ઉત્પાત
કુંભકર્ણ પ્રકટયો પુઠે, જેનું છે પ્રચંડ ગાત
શૂર્પણખા વિકૃત મુખવાળી, કન્યા ભુંડે ઘાટ
છેલ્લે પ્રકટયા સંત વિભીષણ, તવ હરખ્યો સુરસાથ.

દુહો

ગડ ગડ ગગડ્યાં દુંદુભિ, પડ્યો પુષ્પ વરસાદ;
નભમાંથી તેવો થયો, સાધુ સાધુ એ સાદ.

સાખી

ઉગ્ર દેહ દેહધારી એ ઉગ્ર તપ, ઉગ્ર ભાવેથી કીધાં;
સાત્વિક સંતે શાંત રહીસાત્વિક, તપ મન પર લીધાં.
પાંચ હજાર વર્ષમાં પુરતી, તપની પ્રભુએ માની;
પ્રજાપતિને પ્રેરી પડવ્યા, જ્યાં વસેતા એ ધ્યાની.

વસંતતિલકા

માગ્યું ન અન્ય શુચિ સંત વિભીષણે તો,
ચૂકું ન ધર્મ કદીએ દુઃખ છો હું સ્હેતો;
આ સાંભળી વધુ રીઝી અજ ઉચર્યા એ,
પાળો સુધર્મ અમરે રહેશો સદાએ.

તોટક

પરણી પુરને બની લંકપતિ, બળી રાવણની થઈ ખ્યાત અ
જપુની શુચિ પીન સ્વભાવમતિ, પરણ્યા વિભીષણસંગ

ગીતિ

શરમાં વહેલા જઇને, કહ્યું માતુએ હાં હાં રે શરમાં;
ગંધર્વરાજ દુહિતા, વર્યા વિભીષણ એ થઇ જે શરમા.

હરિગીત

રાવણ થયો ત્રણ લોકસ્વામી, દેવનર વશમાં કરી;
જાણી વડીલ વિભીષણ બની, મંત્રી કરે છે ચાકરી.
અસુરો તણી સોબત છતાં, કદી કૃતિ કુડી ના કરી;
ધર્મમાં રતજ પ્રશસ્ત શીખ, સદૈવ દેતા આકરી.

તોટક

બાર વડાં દરબાર હતાં, લઘુ ભ્રાત વડા જમાદાર હતા;
હાથી રહ્યા છડીદાર હતા, ખુદના પણ મંત્રી સુધાર હતા.
ખ-સંપત્તિમાં નવ ખામી હતી, પણ તેમ છતાં ન નકામી જતી;
તિ દેરતી શ્રીજગસ્વામી પ્રતિ, ખરી વૃત્તિ પદેજ વિરામી હતી.

મંદાક્રાંતા

જ્યારે જ્યારે સુર-ઋષિ-જનની, શ્રી હરી ભ્રાત લાવે,
ત્યારે ત્યારે વિભીષણ વચનો, ધર્મનાં સંભળાવે;
દામાચારી દશમુખ નહિ, લક્ષમાં તે ધરાવે,
સીતા આણી તવ બહુ કહ્યું, તે મૂરને કેમ ભાવે.

પદ-'મન મચો મેર' એ રાગ

મારુતિ જ્યવ આવ્યા રે. સતી શુદ્ધ લેવા;
સદીપાડી અંતે દૂતો, લઇ રાસભામાં લાવ્યા.
વધ કરવાનો હુકમ થયો તવ.
ધર્મી વિભીષણે. ત્યાં અટકાવ્યો રે. ટેક
રાવણ કહે ભુજ વેરી આપ્યો [illegible]

જો નથી મુખ પર પ્રીતડું,
છળનો કેમ કહે, તેડે ઘેર આવ્યા રે. સતી૦
શિખામણ દે દૂતને મારવા, મન નથી ક્યાંથી બતાવ્યાઃ
રોગાર્થ મારું નવ કહે કે કરે,
દૂત હણ્યેથી શું, અરિથી સંદેશા ફાવ્યા રે. સતી૦
ત્યાં જઈ અરે! સારો કે યો, આવતા અતી શરશ્રાવાઃ
ઉપકારી એવા ભારી થઈ,
ધર્મે દરિજન મનથી બચાવ્યા રે. સતી૦

લાવણી

રામ ચારાધરી ભય ખાઇ, સભા કરી અસુરે ભેગી
સલાહ પૂછી વધ્યા સહુ મદે, છકીયા વાતો છકી
શાંત વિભીષણ ભ્રાત, ભ્રાતને સમજાવી કહેવા લાગ્યા
લડવાને સજ્જ સહ થઈ આઓ જ્યાં શું વિણ માર્યા
સામ-દામ-ભેદથી બને નહિ, તદા દંડ તો આદરીએ
વ્હાલા રાજા સામથી કામ સરે, શીદ ના કરીએ
દોષ કર્યો આપણે તો ઘટે, સુધારવો ચેતાસરે
સીતા આપી રામ સંધિ કરશે, તવ વિણ શરતે
નહિ તો પ્રબળ પરાક્રમવાળા, ધર્મ એમના પક્ષે
જરૂર નડશે વાત એક, દૂતની શું નવ લક્ષે

ઉપેન્દ્રવજ્રા

વદી બહુ રીતથી એજ વાત, દીધી રૂડી શીખ વિવેકસાથ
સુણી સભા સહ વિખેરી નાખી, રહ્યો તદા તો ચિત્ત ભ્રાંત રાખી

સાખી

વિભીષણે વરત્યું નેત્રોથી, નથી રુચિ નિજ વાત
સમજાવવા ગયા મંદિરમાં, જ્યાં વસતા નિજ ભ્રાત.

જોઈ એકાંત શાંત પુરપતિને, શુભ મતિએ હિત સાથ;
ખરા શબ્દમાં ખુલ્લે ખુલ્લો, મત જણાવ્યો ભલી ભાત.

ભૈરવી

માન માન રે માન રાવણ માન માન રે માન;
નવ ધર આવું અભિમાન. રાવણ૦
જાનકી લઈ જઈ દઈ દે પતિને, રામ જાણ અસમાન. રાવણ૦
સમય નહિ એ કૃપા નહિ મેળો, શુકન થાય જો માન. રાવણ૦
નથી ચડયા ને નજ્યા ત્યાંસુધી, રહેશે તારૂં માન. રાવણ૦
માર ખાઈને હાર ખાઈને, પછી પામીશ અપમાન. રાવણ૦
કુળ-કુટુંબ-પુર-પ્રજા પીડાશે, નહિ રહેશે વિમાન. રાવણ૦
સદ્ગુ સારૂં સુવચન આ મારૂં, કે કીટ લે મન માન. રાવણ૦

માલિની

સુણી વિભીષણ વાણી રાવણે કોપ આણી,
નવ હિતકર જાણી ઉચ્ચર્યો ક્રૂર નાણી;
નહિ કંઈ કરી માની જાનકી વાત માની,
[illegible]

દુહો

[illegible]
[illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]

મરે પાણી મુખ પર ફોગટું;
જીવનો જેમ અંતે, કરું પર આ ા રે. સતી
નિભાવણ કરે દૂતને મારવા, મતનથી ક્યાંથી બતાવ્યા;
રેવાધ શારં નવ કરે કે કરે,
દૂત હણેથી શું, અતિથી ગણ્યા ફાવ્યા રે. સતી
ત્યાં જઈ અરે કરો કે ધો, આવવા આંદી શરસ્થાના;
ઉપકારી એવા ભારી થઈ,
પર્મ હરિજન મનથી બચાવ્યા રે. સતી

લાવણી

રામ ચઢાઈપકી ભય ખાઈ, સભા કરી અસુરે ભેગી
સલાહ પૂછી વધા સહુ મરે, ઇચ્છા વાતો ઉઠી
શાંત વિભીષણ ભ્રાત, ભ્રાતને સમજાવી કહેવા લાગ્યા
લડવાને સજ્જ સહુ થઈ જાઓ છો શું વિણ માગ્યા
સામ-દામ-ભેદથી બને નહિ, તદા દંડ તો આદરીએ
વ્હાલા રાજા સામથી કામ સરે, શીદ ના કરીએ
દોષ કર્યો આપણે તો ઘટે, સુધારવો વેલાસરે;
સીતા આપો રામ સંધિ કરશે, તવ વિણ શરતે
નહિ તો પ્રબળ પરાક્રમવાળા, ધર્મ એમના પક્ષે;
જરૂર નક્કી વાત એક, દૂતની શું નવ લક્ષે

ઉપેન્દ્રવજ્ર

વદી બહુ રીતથી એજ વાત, દીધી રૂડી શીખ વિવેકસાથે
સુણી સભા સહુ વિખેરી નાખી, રહ્યો તદા તો ચિત્ત ભ્રાંત રાખી

સાખી

વિભીષણે વરત્યું નેત્રોથી, નથી રુચિ નિજ વાત;
સમજાવવા ગયા મંદિરમાં, જ્યાં વસતા નિજ ભ્રાત.

જોઈ એકાંત શાંત પુરપતિને, શુભ મતિએ હિત સાથ;
ખરા શબ્દમાં ખુલ્લે ખુલ્લો, મત જણાવ્યો ભલી ભાત.

ભૈરવી

માન માન રે માન રાવણ માન માન રે માન;
નવ ધર અહીં અભિમાન. રાવણ૦
જાનકી લઈ જઈ દઈ દે પતિને, રામ જાણ અસમાન. રાવણ૦
સમય નહિ એ વૃથા નહિ મ્હેણા, શુકન થાય જો માન. રાવણ૦
નથી ચઢ્યા ને નગ્યા ત્યાંસુધી, રહેશે તાહરૂં માન. રાવણ૦
માર ખાઈને હાર ખાઈને, પછી પામીશ અપમાન. રાવણ૦
કુળ-કુટુંબ-પુર-પ્રજા પીડાશે, નહિ રક્ષશે વિમાન. રાવણ૦
કહું સારૂં સુવચન આ મ્હારૂં, રે શીઘ્ર લે મન માન. રાવણ૦

માલિની

સુણી વિભીષણ વાણી રાવણે રોષ આણી,
નવ હિતકર જાણી ઉચર્યો કંઠ તાણી;
નહિ દઉં ફરી પાછી જાનકી વાત સાચી,
શચીપતિ સહુ આવે રામ તોયે બીના શી.

દુહો

બિભીષણને કહાડી મૂક્યા, કરી કંઈક બબડાટ;
પણ ઉરમાંહિ બન્યો રહ્યો, અધિક ઓર ગભરાટ.

નારાચ

ફરી સભા ભરી તરા, ફરી ગયા વિભીષણ;
ફરી વદ્યા પ્રહસ્ત આદિ, તો ઇંદ્રજ તો પણ.
ફરી દીધી વિભીષણે, ખરેખરી શિખામણ;
તથાપિ તે ન ફરી, ફરી અભાગીન મન.

લાવણી

ઉલટયો ઈન્દ્રજિત, વંઠી કહેવા લાગ્યો;
આવો કાકો બ્રાયલો, કુળે ક્યાં જાગ્યો.
એ રામ અને લક્ષ્મણ માણસ તે શું છે;
બળ આમ સૌનું શું સહજ અસુર જેવું છે.
વિભીષણ વધ્યા વયસમ બુદ્ધિ છે કાચી;
થઈ મિત્ર શત્રુસમ બબડે છે શું નાચી.
રાઘવના બાણ તણી મીઠાશ નથી ચાખી;
ત્યાંસુધી બધાં મનગમતું, મુખ લ્યો ભાખી.

લાવણી–'ભરથરી ભાત'

રાવણ ઉચર્યો (૨) વૈરીસંગ વસવું સારૂં;
મિત્ર પેસી શત્રુતણું વહવુંજ પ્રાણ હરનારૂં.
નાનિલા ભાઇ (૨) તેમાં પણ નૃપના જે છે;
દ્વેષ બળે હીણું ચહે, નિત ઘાટજ ઘડ્યા કરે છે.
હાથીએ કહ્યું (૨) સપડાઈ ન વીસર્યું તે મેં;
ભાઇ વિભીષણ જ્ઞાત છું, હું તારા કપટી પ્રેમે.
હું ભૂલો થાઉં (૨) તેથીજ જીવતો છોડું;
છે ધિક્કાર તને અરે! ઉઠ દુષ્ટ ન દાખવ મ્હોડું.

પદ–'પાંચાલી પ્રાણ' એ રાગ

ઝટ ઝાલી ગદા તે વાર, વિભીષણજી.
ઉઠ્યા કોપીને અપાર, વિભીષણજી.
મંત્રીઓ સંગ નિજ ચારે, અંતરિક્ષ ઉભા હારે;
નભમાં ઠેરી શુભ હારે, ઉચર્યા નિજ સ્પષ્ટ વિચાર. વિભીઃ
જ પિતૃસમ મેં જાણી, કહી કહની હિતકર વાણી;
તમે પ્રમાણી, બુદ્ધિ કર્મ અનુસાર. વિભીઃ

નવ ચાહું નિરખવા જાતે, વધ થયેલ રાઘવહાથે;
કહ્યું તેથી હર નવ ખાતે, પણ છે એવુંજ થનાર. વિભી૦
ખુદને કુળને લંકાને, દુઃખ દેવાજ ધર્યું ધ્યાને,
તે મારૂં કહ્યું શે માને, તો પરવા નથી લગાર. વિભી૦
ભોગવશે ફળો કૃતિનાં, સહુએ નિજ ભુંડી મતિનાં;
શર ખાશે રઘુપતિનાં, નથી એકે ઉગરનાર. વિભી૦

ચોપાઇ

એમ ઉચરી શોચી ન લગાર નીકળ્યા નભમારગ વિણ વિચાર;
આવ્યા જ્યાં છે લક્ષ્મણ-રામ, દીઠા સુગ્રીવે ત્યાં બળધામ.
ચાર અનુચર સુખી વળી, આયુધ ભૂષણધર મહાબળી;
જોઈ ઉતરતી એ મંડળી, વદ્યા મારુતિથી અટકળી.
રાક્ષસ હણવા આવે જુઓ, વિચાર વિષે વખત નવ ખુવો;
મારો એને પહેલો સુવો, ડુબવા આવ્યો શોધી કુવો.
ઉઠ્યા કપિવર પકડ્યાં ઝાડ, કોઈએ પકડ્યા પથ્થર પહાડ;
સહુ માગે આજ્ઞાવિણ રાડ, હાલ ખોખરાં કરીએ હાડ.

દુહો

સાગરતટ પર ઉતર્યા, ત્યાં પાંચ શૂરવીર;
મહાસ્વરે સુખી વદ્યા, સુગ્રીવથી સહુ વીર.

લાવણી લંગડી

રાવણ દુરાચારી રાક્ષસ-રાજાનો ભાઈ છઉં નાનો;
નામ વિભીષણ સીતા હરી લાવ્યો વૃદ્ધ હણી છાનો.
ફરી ફરી મેં નમ્ર અને હિતવચને એને સમજાવ્યો
સીતા દેવા તથાપિ કાળગ્રસ્ત પર નવ હું ફાવ્યો
દાસ સદશ કહી કઠોર વચનો, ઉઠો તુચ્છકારી કહાડ્યો
આની લીધું શરણ રઘુવીર સ્નેહેથી અન્યો

તેથી હું શ્રી-ગુનો ત્યાગીને, શરણે આવ્યો રાઘવ
કરો નિવેદન મહાત્મા શરણાગતવત્સલ પ્રભુને

લાવણી

કરી આગળ શ્રીલક્ષ્મણને (૨)
સુગ્રીવ આવ્યા પ્રભુપાસ વિભીષણ કંઈ ન બોલવા;
પ્રકટ નિજવિચાર ભાખ્યો (૨)
શત્રમાંથી શત્રુ આવ્યો નવ શરણે રાખે;
કાકમાં પુચ્છ પ્રથમ પેસે (૨)
રાતે કાપે શિર તેમ તે વખતે દુઃખ દેશે;
ભેદ કે છિદ્ર જોઈ લડશે (૨)
શત્રુજનનો સ્વીકાર રાઘવ જરૂર અંતે નડશે.
સ્વભાવે રાક્ષસ અરિઆતા (૨)
રાવણેજ મોકલ્યો હોય નહિ શીદ હે રઘુનાથ;
દુષ્ટબુદ્ધિને શિક્ષા દો (૨)
સચિવોને પણ સખ્ત દંડવા મુજમત એજ ઠર્યો.

વસંતતિલકા

કોપેલ સુગ્રીવતણી સુણી એવી વાણી,
બોલ્યા શ્રીરામ પ્રિયમિત્રરૂપે વખાણી;
આપો બીજા સહુ મતો કરવું ઘટે શું,
છાજે વિપત્તિસમયે હિતરૂપ કેવું.

સાખી

અંગદ કહે અરિસ્થળથી આવ્યા, પ્રથમથી શું કહેવાય;
દોષ-ગુણો અનુભવથી જાણ્યા વિણ, નવ મત દેવાય.
છે ત્યાંસુધી સંશયસહ ભલે રાખીએ પાસે;
ય થાય તદા તે રીતે કરીએ ધરી વિશ્વાસે.

